દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 91 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ચૈત્ર સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 April 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૭ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# છત્તીસગઢમાં ૨૯ નક્સલવાદી ઠાર

## માર્યા ગયેલાઓમાં ટોચના કમાંડરનો સમાવેશઃ અથડામણમાં ત્રણ જવાન ઘાયલ

કાંકેરઃ છત્તીસગઢના કાંકેર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ૨૯ નક્સલવાદી માર્યા ગયા હતા. માર્યા ગયેલા લોકોમાં નક્સલવાદીઓના એક ટોચના કમાંડરનો સમાવેશ થાય છે. અથડામણમાં ત્રણ જવાન ઘાયલ થયા હતા.

રાજ્યની પોલીસે અથડામણના સ્થળેથી શસ્ત્રોનો વિપુલ જથ્થો પકડ્યો હતો. છોટેબેઠિયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કોરોનાર ગામ અને બિનાગુંડા ગામની વચ્ચેના હાપાટોલા વનવિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓની વચ્ચે મંગળવારે બપોરે બે વાગ્યાની આસપાસ અથડામણ શરૂ થઇ હતી.

સીમા સુરક્ષા દળ અને રાજ્ય પોલીસના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડની સંયુક્ત ટીમે નક્સલવાદીઓની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

કાંકેર જિલ્લામાં સીમા સુરક્ષા દળ દ્વારા મોટા પાયે નક્સલવાદ-વિરોધી કાર્યવાહી હાથ ધરાઇ રહી છે અને તેમાં મંગળવારે મોટી સફળતા મળી હતી. અથડામણના સ્થળેથી ૨૯ માઓવાદીના મૃતદેહ, એકે સિરિઝની સાત રાઇફલ અને ત્રણ હળવી મશીન ગન મળી હતી.

સીમા સુરક્ષા દળના જે જવાનને અથડામણમાં પગમાં ગોળી વાગી હતી, તેની તબિયત સુધારા પર છે. તેને અને અન્ય ઘાયલ જવાનને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અગાઉ, ગયા શનિવારે છત્તીસગઢના બીજાપુરમાં સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદી માર્યા ગયા (જુઓ પાનું ૨) ▶▶


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


યુપીમાં ગરમીને કારણે શાળાનો સમય બદલાયો ૨


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 67,950/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# તૃણમૂલ ઘૂસણખોરોને રક્ષણ પૂરું પાડે છેઃ મોદીનો આક્ષેપ

બાલુરઘાટઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં મંગળવારે ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાને સંબોધતા આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસ ઘૂસણખોરોનું રક્ષણ કરી રહ્યો છે અને બંગલાદેશ સહિતના પાડોશી દેશોમાંથી ભારતમાં આવેલા નિરાશ્રિતોને ભારતનું નાગરિકત્વ આપવાની જોગવાઇ ધરાવતા નાગરિકત્વ સુધારા ધારા (સીએએ)નો વિરોધ કરે છે.

તેમણે જણાવ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસે પશ્ચિમ બંગાળની ભૂમિ ગુંડાઓ અને ઘૂસણખોરોને 'લીઝ' પર આપી દીધી છે. તૃણમૂલ કૉંગ્રેસ રાજ્યમાં રામનવમીની ઉજવણીનો વિરોધ કરે છે, પરંતુ કલકત્તા વડી અદાલતે વિશ્વ હિંદુ પરિષદને હાવડામાં આ નિમિત્તે સરઘસ કાઢવાની પરવાનગી આપી હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે સંદેશખાલીમાં મહિલાઓ પર થયેલા જાતીય અત્યાચારથી સમગ્ર દેશને આંચકો લાગ્યો હતો. પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટાચાર અને ગુનાખોરી મોટા પાયે ચાલી રહી છે. ભ્રષ્ટાચાર સહિતના ગુનાની તપાસ કરવા રાજ્યમાં આવતી કેન્દ્રીય સંસ્થાની ટીમ પર હુમલા કરાય છે. રાજ્યમાં મોટા પાયે અરાજકતા ફેલાયેલી છે.

મોદીએ જણાવ્યું હતું કે હું પશ્ચિમ બંગાળના લોકોને ઝડપી વિકાસની બાંયધરી આપું છું.

અગાઉ, પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યમાં સીએએનો અમલ નહિ થવા દેવાની ચીમકી આપી હતી. પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનમાંની સતામણીથી ત્રાસીને ભારત આવેલા બિન-મુસ્લિમ નિરાશ્રિતોને ભારતનું નાગરિકત્વ આપવાની જોગવાઇ સીએએમાં છે. (એજન્સી) ■

# શ્રીનગરની ઝેલમમાં નૌકા ડૂબીઃ છની જળસમાધી

## આઠ ઘાયલ, ૧૦ લાપતા



**બચાવ કામગીરીઃ** શ્રીનગરની સીમાડે આવેલી ઝેલમ નદીમાં ડૂબી ગયેલી હોડીમાંના લોકોને ઉગારવા ચાલતી બચાવ કામગીરી. (પીટીઆઇ)

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : મંગળવારે સવારે બટવારા શ્રીનગરની પાસે ઝેલમ નદીમાં એક નૌકા ડૂબી જતાં સગીર વયના પાંચ વિદ્યાર્થી ડૂબી ગયા હતા અને છ જણને બચાવી લેવાયા હતા, જ્યારે ૧૦ જણ લાપતા છે. શ્રીનગરના ગંડાબલ વિસ્તારમાં બનેલી હૃદયદ્રાવક ઘટના બાદ પાંચ જણના ખુલ્લા મેદાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા ત્યારે હાજર હજારો લોકોની (જુઓ પાનું ૨) ▶▶

# હિમાચલ પ્રદેશમાં બરફની સફેદ ચાદર

## લાહૌલ અને સ્પિતિમાં હિમપ્રપાતની ચેતવણી

સિમલા : લાહૌલ અને સ્પિતિની પોલીસે મંગળવારે લોકોને ચંદ્રા નદીથી દૂર રહેવા અને આ વિસ્તારમાં હિમપ્રપાત થાય એવી ચેતવણી આપી હતી. પોલીસે લોકોને વિકટ ઢાળ અને હિમાચ્છાદિત વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી હતી. મંગળવારે સવારે વરસાદ અને બરફને લીધે હિમપ્રપાત થતાં ચંદ્રા નદીના પ્રવાહમાં અડચણ ઊભી થઈ હતી. પોલીસે કહ્યું હતું કે વરસાદ અને હિમ પડવાને લીધે તથા પાણીના પ્રવાહ સામેની અડચણ પછીથી દૂર થતાં પાણીની સપાટી વધી રહી છે આ કારણસર લોકોએ નદીથી દૂર રહેવું પડશે. પોલીસે આ સાથે એવી પણ ચેતવણી આપી હતી (જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાતનાં ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. રાજ્યનાં ૧૦ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયું છે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન વડોદરામાં ૪૧.૬ ડિગ્રી નોધાયું હતું.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની અને પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી કરી યેલો અલર્ટ જાહેર કર્યું હતું.

રાજ્ય હવામાન વિભાગે અમદાવાદમાં ૪૦.૨, ગાંધીનગરમાં ૩૯.૨ ડિગ્રી, ડીસામાં ૩૮.૩ ડિગ્રી, સુરતમાં ૪૦.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં ૪૧.૩, ભાવનગરમાં ૩૯.૬ ડિગ્રી, પોરબંદરમાં ૪૦, રાજકોટમાં ૪૦.૯ ડિગ્રી તેમજ સુરેન્દ્રનગરમાં ૪૦.૭, મહુવામાં ૪૧.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે (જુઓ પાનું ૨) ▶▶


પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938





## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી સામે મુસ્લિમ ઉમેદવાર, માયાવતી ભાજપની બી ટીમ?

**ઉત્તર** પ્રદેશમાં પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવવા મથી રહેલાં માયાવતીએ લોકસભાની ચૂંટણી માટે બહાર પાડેલી ૧૧ ઉમેદવારોની નવી યાદી બે કારણસર ચર્ચામાં છે. પહેલું કારણ એ કે, માયાવતીની બસપાએ નરેન્દ્ર મોદી સામે વારાણસીની બેઠક પરથી મુસ્લિમ ઉમેદવાર અતહર જમાલ લારીને ટિકિટ આપી છે અને બીજું કારણ એ કે, જૌનપુર લોકસભા બેઠક પરથી શ્રીકલા સિંહને ટિકિટ આપી છે. શ્રીકલા સિંહના પતિ ધનંજય સિંહ ગેંગસ્ટર કમ રાજકારણી છે. ગયા મહિને જ ધનંજયસિંહને અપહરણના કેસમાં સાત વર્ષની સજા થઈ હતી તેથી ધનંજય તો ચૂંટણી નહીં લડી શકે પણ તેમનાં પત્નીને મેદાનમાં ઉતારવાની ચાલ રસપ્રદ છે.

માયાવતીએ વારાણસીમાં અતહર જમાલ લારીને ટિકિટ આપતાં માયાવતી ભાજપની બી ટીમ તરીકે વર્તી રહ્યાં છે એ ચર્ચા પાછી શરૂ થઈ છે. ઉત્તર પ્રદેશમાં મુસ્લિમો અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસની મતબેંક મનાય છે. ભ્રષ્ટાચારના કેસોમાં ફસાયેલાં માયાવતી સામે કેન્દ્રીય એજન્સીઓ કોઈ કાર્યવાહી કરી રહી નથી. તેનો બદલો માયાવતી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસની મુસ્લિમ મતબેંકમાં ગાબડાં પાડીને ભાજપને મદદ કરીને ચૂકવી રહ્યાં છે એવા આક્ષેપો પાછા શરૂ થયા છે.

આ આક્ષેપો અકારણ પણ નથી. માયાવતીએ ઉત્તર પ્રદેશમાં લોકસભાની ૪૦ બેઠક પર ઉમેદવારો જાહેર કર્યા તેમાં ૧૫ જેટલા મુસ્લિમોને ટિકિટ આપી છે. તમામ વિપક્ષો એક થઈને મોદીને હરાવવા મથી રહ્યા છે ત્યારે માયાવતી ભાજપના ઈશારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસની મતબેંકમાં ગાબડાં પાડવા મથી રહ્યાં હોવાના આક્ષેપો થાય જ છે ત્યાં હવે વારાણસીમાં અતહર જમાલ લારીને ટિકિટ આપતાં આ આક્ષેપો તીવ્ર બનશે તેમાં શંકા નથી. વારાણસીમાં મોદી સામે કોઈ પડકાર નથી પણ મુસ્લિમ મતોમાં વિભાજન થશે તો મોદીની લીડ વધશે તેથી મોદીને ફાયદો જ થશે. માયાવતી એ રીતે મોદીની ગુડ બુકમાં આવશે.

હવે વાત ધનંજયનાં પત્નીને મળેલી ટિકિટની વાત કરી લઈએ.

પૂર્વાંચલના બેતાજ બાદશાહ મનાતા ધનંજયસિંહ સામે ઉત્તર પ્રદેશ જલ નિગમના પ્રોજેક્ટ મેનેજર અને જૌનપુરમાં નમામિ ગંગે વર્કના ઈન્ચાર્જ અભિનવ સિંઘલના અપહરણનો કેસ ૨૦૨૦માં નોંધાયેલો. સિંઘલને ૧૦ મે, ૨૦૨૦ના રોજ ધનંજયના માણસો ઉઠાવીને ધનંજયના બંગલે લઈ ગયા હતા. સિંઘલને બંદૂક બતાવીને નમામિ ગંગે વર્કનો કોન્ટ્રાક્ટ ધનંજયને આપવા ધમકી અપાઈ હતી. સિંઘલે સરકારમાં જાણ કરતાં સરકારમાં બેઠેલા લોકોએ સધિયારો આપતાં બીજા દિવસે એટલે કે ૧૧ મેના રોજ ધનંજય તથા તેના સાથી સંતોષ વિક્રમસિંહ સામે સિંઘલે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં લગભગ સાડા ત્રણ વર્ષ પછી ધનંજયને સજા થઈ છે.

આ કેસમાં ધનંજયના ડરથી ફરિયાદી સિંઘલ ફસકી ગયેલા. સિંઘલે કોર્ટમાં ફેરવી તોળીને ધનંજયે પોતાને ધમકી આપી હોવાનો જ ઈનકાર કરી દીધેલો પણ કોર્ટે પોલીસે રજૂ કરેલા પુરાવાના આધારે ધનંજયસિંહને દોષિત ઠેરવી દેતાં ધનંજય ફિટ થઈ ગયા. નીતિશ કુમારની જેડીયુમાંથી લોકસભાની ચૂંટણી લડવા થનગનતા હતા પણ સજા થતાં તેમની આશા પર પાણી ફરી વળેલું.

ધનંજયની આશા પર ભલે પાણી ફરી વળ્યું પણ માયાવતીએ સત્તાના કેન્દ્રમાં રહેવાની ધનંજયસિંહની આશા જીવંત રાખી છે. ધનંજય જેલભેગા થતાં સહાનુભૂતિનો લાભ લેવા અખિલેશ યાદવ સમાજવાદી પાર્ટીમાંથી શ્રીકલા રેડ્ડીને લડાવશે એવી અટકળો ચાલી હતી પણ સપાના બદલે બસપાએ શ્રીકલા પર કળશ ઢોળ્યો છે. ધનંજયસિંહને વરસો સુધી માયાવતી સાથે સારા સંબંધ હતા. ધનંજય સિંહ માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બસપા)ની ટિકિટ પર બે વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા અને એક વાર લોકસભાના સભ્ય તરીકે પણ ચૂંટાયેલા. ધનંજયને પછીથી માયાવતી સાથે સંબંધો બગડ્યા તેથી બસપાથી અલગ થયેલા પણ હવે માયાવતી જ તેમને કામે આવ્યાં છે.

ભાજપે કોંગ્રેસમાંથી આવેલા મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા કૃપાશંકરસિંહને જૌનપુર બેઠક પરથી ટિકિટ આપી છે. સમાજવાદી પાર્ટીએ બાબુસિંહ કુશવાહાને ટિકિટ આપી છે. બંને જૌનપુર બેઠક માટે બહારના ઉમેદવાર છે. તેની સામે ધનંજય સિંહ પોતે ૨૦૦૯માં જૌનપુર લોકસભા બેઠક પરથી બસપાના ઉમેદવાર તરીકે ચૂંટાયેલા એ જોતાં તેમનો ભારે પ્રભાવ છે તેથી શ્રીકલા રેડ્ડીને લખી વાળી શકાય તેમ નથી.

ધનંજયે જૌનપુર લોકસભા બેઠક પરથી લડવાનું એકમાત્ર લક્ષ્ય હોવાનો હુંકાર કરેલો ને તૈયારીઓ પણ કરી દીધેલી. તેમના કમનસીબે ચૂંટણીની જાહેરાત પહેલાં તો સાત વર્ષની જેલની સજા થઈ જતાં ધનંજય સિંહની મનની મનમાં રહી ગઈ પણ તેમણે કરેલી તૈયારીઓ તેમનાં પત્નીને કામ આવશે. શ્રીકલા રેડ્ડી પણ રાજકારણી છે અને જૌનપુર જિલ્લા પંચાયતનાં પ્રમુખ છે.

શ્રીકલા બીજા ગેંગસ્ટર્સની પત્નીઓની જેમ પતિની તાકાત પર બનેલાં રાજકારણી નથી પણ પહેલેથી રાજકારણી જ હતાં. શ્રીકલા દક્ષિણ ભારતના જાણીતા નિપ્પો બેટરી પરિવારની દીકરી છે. તેના પિતા સ્વ. જિતેન્દ્ર રેડ્ડી તેલંગણામાં હુઝૂરનગર બેઠકના ધારાસભ્ય હતા. શ્રીકલાએ રાજકીય કારકિર્દી ભાજપમાં જોડાઈને શરૂ કરેલી પણ ભાજપે ૨૦૧૮માં હુઝૂરનગર બેઠક પરથી ટિકિટ ના આપતાં યુપી આવી ગયાં. યુપીમાં ધનંજય સિંહનું વર્ચસ્વ છે તેથી જૌનપુર જિલ્લા પંચાયતનાં પ્રમુખ બની ગયાં. ભાજપ અને અનુપ્રિયા પટેલની અપના દલે સપાને સત્તાથી દૂર રાખવા શ્રીકલાને મદદ કરી છે.

શ્રીકલા રેડ્ડી મેદાનમાં ઉતરતાં જૌનપુર બેઠકનો મુકાબલો રસપ્રદ થઈ ગયો છે કેમ કે છેલ્લા ત્રણ દાયકા કરતાં વધારે સમયથી પૂર્વાંચલમાં ધનંજય સિંહના નામના સિક્કા પડે છે. યુપીના ટોચના ત્રણ ગેંગસ્ટરમાંથી એક ધનંજયનો દબદબો પૂર્વાંચલમાં એવો છે કે, બધા સરકારી કોન્ટ્રાક્ટ હજુય ધનંજયના માણસોને જ આપવા પડે છે. ધનંજયના માણસો કોરાં ટેન્ડર જ ભરીને મોકલે પછી સરકારી અધિકારીઓ લોએસ્ટ રકમ ભરીને ધનંજયના ઘરે આવીને કોન્ટ્રાક્ટ સાઈન કરાવી જાય છે. ધનંજય છેલ્લા બે દાયકાથી રાજકારણમાં પણ સક્રિય છે. માયાવતીએ ધનંજયને ૨૦૦૨માં રારી બેઠક પરથી ટિકિટ આપી અને ધનંજયે રાજકીય વર્ચસ્વ વધાર્યું, ધનંજયે બે ટર્મ સુધી ધારાસભ્ય રહ્યા પછી ૨૦૦૯માં બસપાના ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી જીતી ત્યારે પોતાના પિતાને ધારાસભ્ય બનાવી દીધેલા. ૨૦૧૪માં માયાવતી સાથે ડખો પડતાં અપક્ષ ઊભો રહેલો ધનંજય હારી ગયેલો. એ પછી બે વાર વિધાનસભાની ચૂંટણી પણ હાર્યો પણ ડોન તરીકેનો તેનો દબદબો ખતમ થયો નથી. શ્રીકલાને આ દબદબાનો લાભ મળી શકે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૧૭-૪-૨૦૨૪ શ્રી રામનવમી, શ્રી સ્વામીનારાયણ જયંતી, ચૈત્રી નવરાત્રિ સમાપ્તિ.

- ભારતીય દિનાંક ૨૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર :આશ્લેષા. ચંદ્રઃ કર્કમાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :સવારે ક.૦૭-૦૯,રાત્રે ક.૨૦-૩૪
- ઓટઃ બપોરે ક.૧૩-૨૧,મધ્યરાત્રિ પછી ક.૦૩-૦૪(તા.૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર , શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - નવમી. શ્રી રામનવમી., શ્રી સ્વામીનારાયણ જયંતી, ચૈત્રી નવરાત્રિ સમાપ્તિ. રવિયોગ અહોરાત્ર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વ ઉત્સવ માંગલિક દિવસ
- મુહૂર્ત વિશેષઃ શ્રીરામ નવમી ઉત્સવ, શ્રી રામ પરિવાર પુજા, સર્પ પૂજા, વિશેષરૂપે બુધ ગ્રહ દેવતાનું પૂજન, પૂજામાં ચંપાના પુષ્પ અર્પણ કરવાં, આશ્લેષા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વશાંતિ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુષ સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સત્રોત્ર, શ્રી રામચરિત વાંચન, હનુમાન ચાલીસા, શ્રી હનુમાન બાહુક પાઠ વાંચન, ઔષધ ઉપચાર, માલ વેચવો, ધાન્ય ઘરે લાવવું.
- નવરાત્રિ મહિમાઃ આજે મા સિદ્ધિદાત્રીમાતા દેવીની પૂજા - અર્ચના - ભક્તિ કરવામાં આવે છે. ઉમાદેવી પાર્વતીના નવમા સ્વરૂપને મા સિદ્ધિદાત્રી દુર્ગાના નામથી ઓળખવામાં આવે છે.તેઓ સર્વ સિદ્ધિઓ આપનારા દેવી છે. દેવી કૃપા પાત્ર સાધક આ જ જન્મમાં ધન્ય બની પરમતત્ત્વને પામે છે.નવરાત્રિ પછી પણ પુનમ,અષ્ઠમી ,નવમી અથવા નિત્ય સપ્તશતી પાઠ વાંચન, નવાર્ણ મંત્ર- ૐ હ્રીં કલી ચામુંડાયે વિચ્ચે।। ના જાપ કરવાં. બ્રાહ્મણ દ્વારા ચંડીપાઠ વાંચનનો નિત્ય પૂજા ક્રમ પણ નિયત ક્રમ જાળવી શકાય છે.આજ રોજ નવરાત્રિ પર્વનું સમાપન થાય છે.આજના છેલ્લા નોરતે નવરાત્રિ પર્વ સપ્તશતી પાઠ હવન,કુંવારીકા પૂજન,ભોજન,બ્રાહ્મભોજન ઈત્યાદિ પુણ્ય કર્મ દ્વારા સમાપન થાય છે. આપણા નવરાત્રિ જેવા પર્વો એ આપણી હિન્દુ સનાતન ધર્મ,સંસ્કૃતિનું અમૂલ્ય આંકિ ન શકાય એવું બહુમૂલ્યવાન ઘરેણું છે. આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-રાહુ ત્રિકોણ વ્યવસ્થા શક્તિ, શુક્ર-રાહુ યુતિ મિત્ર સબંધોમાં પ્રશ્નો આવે, ચંદ્ર-બુધ ત્રિકોણતીવ્ર બુદ્ધી પ્રતિભા, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી પણુ. ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચાનક ફેરફાર લાવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, શુક્ર-રાહુ યુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૧૮), ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૧૮).
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ , મંગળ-કુંભ,વક્રી બુધ-મીન, ગુરુ-મેષ(કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર ■

## ભારતે પોતાનાં સૈન્યને આધુનિક બનાવવા અને રશિયન હથિયારો પરની નિર્ભરતા ઓછી કરવા પગલાં ભર્યાં: અમેરિકા

વોશિંગ્ટનઃ અમેરિકાના ટોચના જાસૂસી અધિકારીએ કૉંગ્રેસને જણાવ્યું હતું કે ભારતે ૨૦૨૩માં પોતાને વૈશ્વિક નેતા તરીકે પ્રદર્શિત કર્યું છે કારણ કે તેણે સમગ્ર હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની પ્રવૃત્તિનો સામનો કરવા અને તેની સૈન્યને આધુનિક બનાવવા અને રશિયન હથિયારો પરની પોતાની નિર્ભરતા ઓછી કરવા માટે પગલા ભર્યા છે. ડિફેન્સ ઇન્ટેલિજન્સ એજન્સીના ડિરેક્ટર લેફ્ટનન્ટ જનરલ જેફરી ક્રૂસે આ ટિપ્પણી ચીનનો સામનો કરતી સંરક્ષણ ગુપ્ત માહિતી પર કૉંગ્રેસની સુનાવણી દરમિયાન કરી હતી.

ક્રૂસે સંસદની સશસ્ત્ર સેવા સમિટીના સભ્યોને ગુપ્ત અને વિશેષ અભિયાનો પરની પેટા સમિતિને કહ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં ભારતે જી- ૨૦ ઇકોનોમિક સમિટની યજમાની કરીને વૈશ્વિક નેતા તરીકે પોતાની જાતને સાબિત કરી છે અને સમગ્ર ઇન્ડો-પેસિફિક પ્રદેશમાં પીઆરસીની પ્રવૃતિઓનો સામનો કરવાની વધુ ઇચ્છા દર્શાવી છે. તેમણે કહ્યું હતું કે ભારતે પ્રશિક્ષણ, સંરક્ષણ વેચાણ અને અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને જાપાન સાથે સહયોગને વધારવાના માધ્યમથી ફિલિપાઈન્સ જેવા પ્રાદેશિક ક્ષેત્રિય દક્ષિણ ચીન સમુદ્રના દાવેદારો સાથે ઈન્ડો-પેસિફિકમાં ગાઢ સહકાર દ્વારા ભાગીદારી કરી છે.

ચીન દક્ષિણ ચીન સમુદ્રના મોટા ભાગ પર દાવો કરે છે, જ્યારે ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા, બ્રુનેઈ અને તાઈવાન દરિયાઈ વિસ્તારનો દાવો કરે છે. ક્રૂસે કહ્યું કે ૨૦૨૩માં ભારતે ચીન સાથે સ્પર્ધા કરવા અને રશિયન હથિયારો પરની પોતાની નિર્ભરતા ઘટાડવા માટે તેની સૈન્યને આધુનિક બનાવવા માટે પગલાં લીધાં. ભારતે પોતે બનાવેલા પ્રથમ એરક્રાફ્ટ કેરિયરનું દરિયાઈ પરીક્ષણ કર્યું હતું અને મુખ્ય સંરક્ષણ ટેક્નોલોજીના હસ્તાંતરણ પર ઘણા પશ્ચિમી દેશો સાથે વાટાઘાટો પણ કરી છે. ક્રૂસે કહ્યું કે રશિયા ભારતનું સૌથી મહત્ત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદાર છે. ભારત તેની સંરક્ષણ સંપાદન ભાગીદારીમાં વિવિધતા લાવવાની ઈચ્છા હોવા છતાં મોસ્કો પાસેથી જ-૪૦૦ સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમ જેવા શસ્ત્રો મેળવવાનું ચાલુ રાખે છે.

૨૦૨૦ની ગલવાન અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો અને ઓછામાં ઓછા પાંચ ચીની સૈનિકોના મૃત્યુ બાદ ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો તણાવપૂર્ણ છે. પાકિસ્તાન પર ક્રૂસે સાંસદોને કહ્યું કે તેણે કાશ્મીર પર ભારત સાથેના તેના વિવાદને ઉકેલવા માટે યુએન સુરક્ષા પરિષદ સહિત આંતરરાષ્ટ્રીય સમર્થનની માંગ કરી છે. ઈસ્લામાબાદ અને ભારતે ફેબ્રુઆરી ૨૦૨૧થી નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામને જાળવી રાખ્યો છે. ■

## યુપીમાં ગરમીને કારણે શાળાનો સમય બદલાયો

મેરઠઃ ઉત્તર પ્રદેશમાં ઉનાળાની વધેલી ગરમીને કારણે ધોરણ એકથી ધોરણ બાર સુધીની શાળાઓનો સમય બદલાયો છે અને સામાન્ય જનતાને લૂથી બચવા જરૂરી તકેદારી રાખવાની સૂચના અપાઇ હતી.

ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારમાં હાલમાં મહત્તમ તાપમાન અંદાજે ૪૦ અંશ સેલ્સિયસ રહે છે અને તેને લીધે લૂ લાગવાથી અનેક લોકો બીમાર પડ્યા છે. ઉત્તર પ્રદેશની ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓને વધુ શુદ્ધ પાણી, ઓઆરએસ પેકેટ અને જરૂરી દવા પણ અપાઇ રહી છે. મોટા ભાગની શાળાઓનો સમય સવારના સાડાસાતથી સાડાબાર સુધીનો કરી દેવાયો છે.

હવામાન વિભાગના અધિકારી મહંમદ દાનિશે જણાવ્યું હતું કે રાજ્યમાં ઘણી જગ્યાએ આગામી ત્રણ દિવસ દરમિયાન ગરમી વધવાની અને વધુ ગરમ પવન ફૂંકાવાની આગાહી છે. લોકોએ જરૂર ન હોય, તો બપોરના સમયે ઘર કે ઑફિસની બહાર નીકળવું નહિ.ગોરખપુર સહિતની કેટલીક જગ્યાએ ચાર રસ્તા પરના ટ્રાફિક સિગ્નલ બપોરના ૧૨થી ૩ વાગ્યા સુધી મેન્યુઅલી ઑપરેટ કરાશે. સિગ્નલમાં લાલ-લીલી બત્તીની જગ્યાએ પીળી બત્તી બેસાડાશે.અગાઉ, ઉત્તર પ્રદેશમાં ઘણી જગ્યાએ સોમવારે વાદળિયું વાતાવરણ રહ્યું હતું અને છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. રાજ્યમાં લૂ લાગવાને કારણે દરદીઓની સંખ્યામાં ઘણો જ વધારો થયો છે.

## ટીએમસીના શાસન હેઠળ બંગાળમાં ભ્રષ્ટાચાર અને ગુનાખોરી ફુલ ટાઇમ બિઝનેસ બન્યો છે

રાઈગંજ ( પશ્ચિમ બંગાળ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે તૃણમૂલ કૉંગ્રેસના શાસન હેઠળ ભ્રષ્ટાચાર અને ગુનાખોરી ફુલ ટાઈમ બિઝનેસ બની રહી છે. મોદીએ આક્ષેપ કર્યો હતો કે પક્ષે રોહિગ્યા અને ઘૂસણખોરોને રાજ્યની લોકસંખ્યાનું ગણિત બદલાવાની પરવાનગી આપી છે.

તેમણે કહ્યું હતું કે રાજ્યના શાસક પક્ષ નિરાશ્રિતોને નાગરિકત્વ આપવાનો હેતુવાળા સિટીઝનશિપ (એમેન્ડમેન્ટ) એક્ટનો વિરોધ કરે છે. રાઈગંજ ખાતેની જાહેરસભાને સંબોધતાં મોદીએ દાવો કર્યો હતો કે ટીએમસી સરકાર રામનવમીની રૅલીની છૂટ આપતી નથી, પરંતુ રામનવમી રૅલી પર પથ્થરમારો કરવાની છૂટ આપે છે. ટીએમસીના શાસન હેઠળ ભ્રષ્ટાચાર અને ગુનાખોરી ફુલ ટાઈમ બિઝનેસ બની રહી છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર અને ગુનાખોરી બેફામ બન્યા છે. (એજન્સી)

## ઈસરોને મળી વધુ એક મોટી સફળતા, રૉકેટ એન્જિનો માટે હળવું નોઝલ બનાવ્યું

બેંગલૂરુઃ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઇસરો)ને વધુ એક મોટી સફળતા મળી હતી. ઇસરોએ રૉકેટ એન્જિન માટે હળવા વજનની નોઝલ ડિઝાઇન કરી છે. સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે તેણે રૉકેટ એન્જિન માટે હળવા વજનના કાર્બન-કાર્બન (સી-સી ) નોઝલના વિકાસ સાથે રોકેટ એન્જિન ટેક્નોલોજીમાં મોટી સફળતા હાંસલ કરી છે જેનાથી પેલોડ ક્ષમતામાં વધારો થયો છે. ઇસરોએ જણાવ્યું હતું કે સ્પેસ એજન્સીના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (વીએસએસસી ) દ્વારા તૈયાર કરવામાં આવેલા આ રોકેટ એન્જિનના મહત્ત્વપૂર્ણ માપદંડોને વધારવાનો દાવો કરે છે. ■

## મધ્ય પ્રદેશમાં ૨૦૦ કિલોમીટર લાંબો ગ્રીન કોરિડોર બનાવ્યો, શિક્ષકની કિડનીએ અન્ય દર્દીને આપ્યું નવજીવન

ઇન્દોરઃ મધ્ય પ્રદેશના સાગર જિલ્લાના એક શિક્ષકે મૃત્યુ પછી પણ એકનું જીવન બચાવી શક્યા હતા. વાસ્તવમાં ભોપાલથી ઇન્દોર વચ્ચે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો હતો. શિક્ષકની કિડનીને ૨૦૦ કિલોમીટરનો રસ્તો પાર કરીને દૂર લઇ જવામાં આવી અને અન્ય એક વ્યક્તિનો જીવ બચાવી શકાયો હતો. બ્રેઈન ડેથ બાદ ઈન્દોરમાં દાખલ દર્દીની કિડની મળી આવી હતી.

સરકારી શિક્ષક ૫૪ વર્ષીય હરિશંકર ધીમોલે સાગર જિલ્લાના દેવરી ગામના રહેવાસી હતા. તેમણે બે લોકોને નવજીવન આપ્યું હતું. શુક્રવારે તેમને બ્રેઇન હેમરેજ થયા બાદ સાગરથી તેમને વધુ સારવાર માટે ભોપાલ લઇ જવામાં આવ્યા હતા. દીકરા અનિલે કહ્યું કે પિતા શિક્ષક હોવાની સાથે સમાજસેવી પણ હતા. તેમણે અંગદાનની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમની એક કિડની હૉસ્પિટલમાં ભરતી દર્દીને અને બીજી કિડની ઇન્દોરમાં ચોઇથરામ હૉસ્પિટલમાં દાખલ ૫૯ વર્ષીય પુરૂષ દર્દીને આપવામાં આવી હતી.

ગ્રીન કોરિડોર બનાવ્યા બાદ એમ્બ્યુલન્સ બપોરે ૧૨.૩૦ વાગ્યે ભોપાલથી નીકળી અને ૨.૪૫ કલાકમાં ઈન્દોર પહોંચી હતી. આ માટે ચાર જિલ્લા ઈન્દોર, દેવાસ, સિહોર અને ભોપાલના પોલીસ અધિકારીઓએ બંદોબસ્ત સંભાળી લીધો હતો. દરેક જગ્યાએ પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા, જેથી એમ્બ્યુલન્સને જામમાં ફસાયા વિના ઈન્દોર લઈ જઈ શકાય. હૉસ્પિટલના ડૉક્ટરોએ ઓપરેશનની તૈયારીઓ કરી લીધી હતી. કિડની હૉસ્પિટલમાં લાવવામાં આવતા જ તબીબોએ ટ્રાન્સપ્લાન્ટ શરૂ કરી દીધું હતું. ડૉક્ટર અમિત ભટ્ટ, ડૉ.અનિલ લખવાણી, મુસ્કાન ગ્રૂપના જીતુ બગાની અને સંદિપન આર્યએ પણ દર્દીને કિડની અપાવવામાં મદદ કરી હતી.

ડૉ. સંજય દીક્ષિતે જણાવ્યું કે અમને સવારે ૭.૩૦ વાગ્યે દર્દી વિશે માહિતી મળી હતી. આ પછી એક કલાકમાં નક્કી થઈ ગયું કે આ કિડની કોની પાસે જશે. સવારે ૧૦ વાગ્યે કિડની લાવવાનું નક્કી કરાયું હતું. આ અંગે ચર્ચા કર્યા બાદ ત્યાંના તબીબોની ટીમ સાથે કિડની લાવવામાં આવી હતી. તેનાથી સમયની પણ બચત થઈ હતી.

ચોઈથરામ હૉસ્પિટલના ડેપ્યુટી ડાયરેક્ટર (આરોગ્ય સેવાઓ) ડૉ. અમિત ભટ્ટે જણાવ્યું હતું કે, ગ્રીન કોરિડોરને કારણે કિડનીને ભોપાલથી ઈન્દોર સુધી પહોંચાડવામાં માત્ર બે કલાક અને ૪૫ મિનિટનો સમય લાગ્યો હતો. ■

## અમે ગેરકાયદે ઈમિગ્રેશન અટકાવીશું અને ભ્રષ્ટાચાર સામેની લડત ચાલુ રાખીશું: મોદી

પૂર્ણિયા / ગયા (બિહાર): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે જો અમે ફરી સત્તા પર આવીશું, તો ગેરકાયદે ઇમિગ્રેશન અટકાવીશું અને ભ્રષ્ટાચાર સામેની લડત ચાલુ રાખીશું.

મોદીએ જણાવ્યું હતું કે મતદારોએ બંધારણનો વિરોધ કરનારા રાજકીય પક્ષોને આ ચૂંટણીમાં પાઠ ભણાવવો જોઇએ.

વડા પ્રધાને પૂર્ણિયા જિલ્લામાં જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીના પરિણામ ચોથી જૂને જાહેર થશે અને તે આ રાજ્યના સીમાંચલ વિસ્તારનું ભાવિ નક્કી કરશે.

બિહારનો પૂર્ણિયા જિલ્લો નેપાળ અને બંગલાદેશની સરહદ પાસે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે અગાઉના શાસકોએ રાજકીય હિતાર્થે સીમાંચલ વિસ્તારમાં ગેરકાયદે ઇમિગ્રેશન ચાલુ રહેવા દીધું હતું, પરંતુ તે આ પ્રદેશના દલિતો સહિતના ગરીબોના હિતને નુકસાન પહોંચાડતું હતું. નાગરિકત્વ સુધારા ધારા (સીએએ)નો વિરોધ કરી રહેલા લોકોએ એ વાત સમજી લેવી જોઇએ કે મોદી અટકશે નહિ અને ડરશે નહિ.

તેમણે જણાવ્યું હતું કે અમે જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની ૩૭૦મી કલમ રદ કરી હતી તેમ જ અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અમારી એનડીએ સરકાર આગામી પાંચ વર્ષ દરમિયાન ભ્રષ્ટાચારીઓને નહિ છોડે.

બિહારમાં પૂર્ણિયા અને કટિહાર ખાતે ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે, જ્યારે ગયાની બેઠક પર પ્રથમ તબક્કામાં મતદાન યોજાવાનું છે.

ગયાની બેઠક અનામત છે અને ત્યાંથી એનડીએના ઉમેદવાર ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જીતનરામ માંઝી ચૂંટણી લડી રહ્યા છે. (એજન્સી) ■

## આસામ રાઈફલ્સના જવાનો અને ઉગ્રવાદીઓ વિરુદ્ધ અથડામણ, એક જવાન ઈજાગ્રસ્ત

તિનસુકિયા/ગુવાહાટીઃ આસામના તિનસુકિયા જિલ્લામાં મંગળવારે આસામ રાઈફલ્સના સૈનિકો અને સંદિગ્ધ ઉગ્રવાદીઓ વચ્ચેની અથડામણમાં એક સૈનિક ઘાયલ થયો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. તિનસુકિયાના પોલીસ અધિક્ષક ગૌરવ અભિજીત દિલીપના જણાવ્યા અનુસાર, આસામ-અરુણાચલ પ્રદેશ સરહદ નજીક માર્ગેરિટાના નામદાંગમાં આજે સવારે સૈનિકો અને ઉગ્રવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

તેમણે પીટીઆઈને જણાવ્યું હતું કે ૩૧ આસામ રાઈફલ્સનો કાફલો અરુણાચલ પ્રદેશના ચાંગલાંગથી માર્ગેરિટા તરફ આવી રહ્યો હતો ત્યારે ઉગ્રવાદીઓએ તેમના પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી પણ કરી હતી. દિલીપે જણાવ્યું કે આ એન્કાઉન્ટરમાં આસામ રાઈફલ્સનો એક જવાન ઘાયલ થયો છે. તેમણે કહ્યું, 'એવી માહિતી છે કે એક ઉગ્રવાદી પણ ઘાયલ થયો છે, પરંતુ અમે હજી સુધી તેની પુષ્ટી કરી શકતા નથી.' હાલમાં સંયુક્ત સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.દિલીપે કહ્યું કે ઉગ્રવાદીઓની તાત્કાલિક ઓળખ થઈ શકી નથી, પરંતુ નેશનલ સોશ્યલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (એનએસસીએન) અને યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (આઇ) આ વિસ્તારમાં સક્રિય છે. આસામ રાઈફલ્સના એક વરિષ્ઠ અધિકારીએ આ ઘટનાની પુષ્ટી કરી અને કહ્યું કે ઘાયલ સૈનિકને હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

### શ્રીનગરની

આંખો ભીની થઈ ગઈ હતી અને શોકનો માતમ છવાઈ ગયો હતો. ઘટના પછી બટવારા મોહલ્લામાં શોકનું મોજું ફેલાઈ ગયું હતું. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે આ વિસ્તારમાં પુલ ન હોવાને લીધે આ દુર્ઘટના થઈ હતી. સ્થાનિક લોકોનું કહેવું છે કે અમને પુલ બાંધવાનું વચન આપવામાં આવ્યું હુતં, પરંતુ એ હજી બંધાયો નથી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્થાનિક સ્કૂલના વિદ્યાર્થીઓને લઈ જતી નૌકા ઊંધી વળી ગઈ જેનાથી સગીર વયના પાંચ બાળકો અને નાવિકનું મરણ થયું હતું. બચાવ દળે છ વિદ્યાર્થીને બચાવી લીધા હતા. આ સમાચાર મળતાં એસડીઆરએફ, એનડીઆરએફ અને સ્થાનિક પોલીસે બચાવ કામગીરી શરૂ કરી હતી. ૧૨ જણને શોધીને હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં છ જણને મૃત જાહેર કરાયા હતા. બીજા છને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. પરિસ્થિતિની સમીક્ષા કરવા જમ્મુ અને કાશ્મીરની પોલીસના ટોચના અધિકારીઓ અને નાગરિક પ્રશાસન અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બચાવ અભિયાન હજી ચાલુ છે કારણ કે અન્ય દસ જેટલા વિદ્યાર્થીઓની ભાળ હજી મળી નથી. અધિકારીઓનું કહેવું છે કે આ દસને બચાવવા શોધ ચાલુ છે. ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે આ ઘટનાની જાણ થઈને મને અપાર દુઃખ થયું છે.

મારી સંવેદના સંતપ્ત પરિવારની સાથે છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેમને વણપુરાયેલી ખોટ સહન કરવાની શક્તિ આપે. એસડીઆરએફની ટીમ, લશ્કર અને અન્ય એજન્સી રાહત અને બચાવ કામ કરી રહી છે. ઈજાગ્રસ્તોને ઉત્તમ સારવાર અપાય. હું ચાંપતી નજર રાખીને બચાવ ટીમને માર્ગદર્શન આપી રહ્યો છું. ■

### હિમાચલ પ્રદેશમાં

કે હિમાચ્છાદિત વિસ્તારમાં મુસાફરી કરતાં સાવધાની રાખવી કારણ કે હિમપ્રપાતનું જોખમ રહેલું છે. લોકોને ઊભા ઢાળને ટાળવાની, સાથીદાર સાથે જ યાત્રા કરવાની અને હિમાચ્છદીત વિસ્તારમાં સાવધાન રહેવાની સલાહ અપાઈ હતી.

પ્રતિકૂળ હવામાનને લીધે ત્રણ નેશનલ હાઈવે સહિત ૧૧૨ રોડ બંધ થયા છે. આમાંથી ૧૦૭ રોડ આદિવાસી લાહૌલ અને સ્પીતી વિસ્તારના છે. ટેકરીવાળા છૂટાછવાયા અને આદિવાસી વિસ્તારોમાં હળવો બરફ પડ્યો હતો, જ્યારે નીચી ટેકરીવાળા વિસ્તારોમાં ત્રુટક વરસાદ પડ્યો હતો. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે સિમલામાં પાંચ સેન્ટિમીટર અને આદિવાસી વિસ્તાર લાહૌલ અને સ્પીતીના હંસા અને કોકસરમાં બે સેન્ટિમીટર બરફ પડ્યો હતો. (એજન્સી) ■

### ગુજરાતનાં ૧૦ શહેરોમાં

કે કેશોદમાં ૪૧.૧ ડિગ્રી, ભુજમાં ૩૭.૮ ડિગ્રી તાપમાન છે. તેમજ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રમ અને રોજગાર, પાણી પુરવઠા, શિક્ષણ, પ્રવાસન, ઊર્જા, પરિવહન, શહેરી વિકાસ અને પંચાયત વિભાગને સાંકળીને એક્શન પ્લાન તૈયાર કરાયો છે, હીટવેવની સ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું ન કરવું તેની માર્ગદર્શિકા અને એક્શન પ્લાન અંગેની વિગતો રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી મારફતે તમામ ૩૩ જિલ્લાના વહીવટી તંત્રને પૂરી પાડવામાં આવી છે. ■

### છત્તીસગઢમાં

હતા. તે કાર્યવાહીમાં તેલંગણના નક્સલવાદ-વિરોધી દળ અને છત્તીસગઢની પોલીસે સંયુક્ત રીતે ભાગ લીધો હતો. તેના એક અઠવાડિયા પહેલાં છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં જ સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ મહિલા સહિત ૧૩ નક્સલવાદી માર્યા ગયા હતા.કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે પણ દેશને નક્સલવાદ-મુક્ત કરવા મોટા પાયે કાર્યવાહી હાથ ધરવાની જાહેરાત થોડા સમય પહેલાં કરી હતી. (એજન્સી) ■

# ભાજપ છોડી શરદ પવાર સાથે જોડાયેલા રાજકારણીએ ઉમેદવારી નોંધાવી

સોલાપુરઃ તાજેતરમાં ભારતીય જનતા પક્ષ સાથે છેડો ફાડી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ - એનસીપી (શરદચંદ્ર પવાર) સાથે જોડાયેલા ધૈર્યશીલ મોહિતે - પાટીલએ મંગળવારે શરદ પવારના નેતૃત્વ હેઠળના પક્ષના ઉમેદવાર તરીકે મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાની માઢા લોકસભા બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. ભાજપ છોડ્યાના બે દિવસ પછી મોહિતે - પાટીલ રવિવારે એનસીપી (એસપી)માં જોડાયા હતા. તરત જ તેમને માઢા લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

આ બેઠક પર ગત ચૂંટણીમાં વિજય મેળવનારા ભાજપના સંસદસભ્ય રણજીત નાઈક - નિંબાળકરએ પણ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં ઉમેદવારી નોંધાવી હતી. મહારાષ્ટ્રની ૪૮ બેઠકો માટે ૧૯ એપ્રિલથી ૨૦ મે દરમિયાન પાંચ તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. માઢામાં ૧૩ મેના દિવસે મતદાન થવાનું છે. (પીટીઆઈ)■



**જોખમ...:** વસઈ કિલ્લાના વિસ્તારમાં દીપડાની હાજરી નોંધાયા બાદ પ્રશાસન દ્વારા સાવચેતીના પગલાં હેઠળ પર્યટકો માટે વસઈ કિલ્લા પરની અવરજવર બંધ કરી દીધી છે અને ઠેકઠેકાણે પ્રતિબંધિત બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. (જયપ્રકાશ કેળકર)

# ડીજેના ઘોંઘાટને કારણે ૨૫૦ લોકો હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે દેશના અનેક ભાગોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. મરાઠવાડાના છત્રપતિ સંભાજીનગરમાં ઉત્સાહના માહોલમાં ડીજેએ ધૂમ મચાવી હતી, પરંતુ ડીજેના અવાજને કારણે ઘણાને હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા હતાં.

કેટલાક લોકોના માથા સુન્ન થઈ ગયા, કેટલાકને કાનની તકલીફ વધી જતાં શહેરની ૭૦ હૉસ્પિટલોમાં ૨૫૦ દર્દીઓ દાખલ કરાયા હતા.

૧૪મી એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિતે પુણેના અમુક ડીજેને શહેરમાં બોલાવવામાં આવ્યા હતા. કાન ફાડી નાખતા ડીજે સામે યુવાનોએ નાચ્યા હતા. આ ડીજેનો અવાજ લગભગ ૧૫૦ ડેસિબલ સુધી ગયો હતો, જેને કારણે અનેક યુવાનોને તાત્કાલિક કાન, નાક અને ગળાના નિષ્ણાત પાસે દાખલ કરવામાં આવ્યા હતા. દર્દીઓમાં સૌથી વધુ પ્રમાણ ૧૭ થી ૪૦ વર્ષની વયના હોવાનું બહાર આવ્યું છે. મર્યાદા કરતા વધુ વોલ્યુમમાં ડીજે વગાડવા બદ્દલ ત્રણ મંડળો પર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ■

# એમએમઆરડીએ મેટ્રો-૧ ને ટેકઓવર કરશે

મુંબઈઃ મુંબઈ મેટ્રો-૧ પ્રા. લિ. (એમએમઓપીએલ)ના વિરોધમાં નાદારીની અરજીનો આખરે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ દ્વારા તાજેતરમાં નિકાલ લાવવામાં આવ્યો છે. તેથી એમએમઆરડીએ માટે વર્સોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રો-૧ રુટને ટેકઓવર કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. એમએમઆરડીએએ એમએમઓપીએલની લોનની ચુકવણીની ખાતરી આપી છે અને મેટ્રો-૧ લાઇનને ટેકઓવર કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે.

'વર્સોવા - અંધેરી - ઘાટકોપર મેટ્રો-૧' એમએમઆરડીએના ૩૩૭ કિલોમીટરના મેટ્રો પ્રોજેક્ટની પ્રથમ મેટ્રો લાઇન છે. આ માર્ગનું નિર્માણ રિલાયન્સ ઇન્ફ્રા એટલે એમએમઓપીએલ દ્વારા ખાનગી-જાહેર ભાગીદારીના ધોરણે કરવામાં આવ્યું છે. રિલાયન્સ ઇન્ફ્રા પાસે ૭૪ ટકા અને એમએમઆરડીએ પાસે ૨૬ ટકા હિસ્સો છે. દરમિયાન જ્યારથી આ માર્ગ સેવામાં આવ્યો ત્યારથી આ માર્ગ આર્થિક ખોટમાં છે.

મેટ્રો-૧ રુટને ટેકઓવર કરવામાં મોટી અડચણ એમએમઓપીએલ સામે નાદારીની અરજી હતી. એમએમઓપીએલ એ છ બૅંકો પાસેથી ૧૭૧૧ કરોડ રૂપિયાની લોન લીધી છે. જેમાં એસબીઆઈ અને આઈડીબીઆઇ બૅંક પાસેથી લીધેલી લોનનો સમાવેશ થાય છે. આ બંને બૅંકોએ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો હતો અને એમએમઓપીએલ સામે અરજી કરી હતી. પરંતુ એમએમઆરડીએ એ પોતે મેટ્રો લેનને ટેકઓવર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને અત્યાર સુધીમાં રૂ. ૧૭૫ કરોડનું દેવું ચૂકવવામાં આવ્યું છે. ■

# ગઢચિરોલીના સંવેદનશીલ સ્થળોએ મતદાનઃ કર્મચારીઓ હેલિકૉપ્ટર મારફતે પહોંચવા લાગ્યા

ગઢચિરોલીઃ મહારાષ્ટ્રના ગઢચિરોલી વિસ્તારમાં લોકસભાની ચૂંટણી આડે હવે ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ સ્થળો પર ૨૯૫ મતદાન કર્મચારીઓને હેલિકોપ્ટરની મદદથી મોકલવાની શરૂઆત થઈ ગઈ છે એવી જાણકારી સંબંધિત અધિકારીએ આપી હતી. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના જણાવ્યા અનુસાર મતદાન કર્મચારીઓને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) તેમજ અન્ય સાધનસામગ્રી સાથે ગઢચિરોલીમાં વિવિધ ઠેકાણે મોકલવામાં આવી રહ્યા છે. ૧૯ એપ્રિલે ગઢચિરોલીમાં મતદાન થવાનું છે. આ હેરફેર માટે ભારતીય વાયુદળ તેમજ નૌકાદળના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી હોવાની જાણકારી પોલીસે આપી હતી. આ મતવિસ્તારમાં ૧૬,૧૨,૯૩૦ મતદાતા છે જેમાં ૮,૧૧,૮૩૬ પુરુષ, ૮,૦૧,૦૮૨ મહિલા અને ૧૨ તૃતીયપંથીઓનો સમાવેશ છે. (પીટીઆઈ)■

# કોવિડ - ૧૯ યોદ્ધાઓના મૃત્યુ માટેનું વળતર કંઈ બક્ષિસ નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ કોવિડ-૧૯ યોદ્ધાઓના મૃત્યુ માટે વળતર એ કંઈ બક્ષિસ નહોતી અને એક્સ - ગ્રેસિયા માગતા કેસોને આકસ્મિક રીતે હાથ ધરી શકાય નહીં, એમ બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે રોગચાળા દરમિયાન મૃત્યુ પામેલા હેન્ડપંપ ચલાવતા કાર્યકર્તાની પત્નીએ દાખલ કરેલી અરજીને ફગાવી દેતા જણાવ્યું હતું. જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને આર. એમ. જોશીની ખંડપીઠે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૫૦ લાખ રૂપિયાના વળતરની માંગ કરતી મહિલાની અરજીને ફગાવી દેતા આદેશમાં કશું 'વિકૃત અથવા ભૂલભરેલું' નથી. ૨૮ માર્ચે આપવામાં આવેલા ચુકાદાની નકલ મંગળવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

નાંદેડ જિલ્લાના કાંચન હેમશેટ્ટે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. હેમશેટ્ટેએ સરકાર પાસેથી ૫૦ લાખ રૂપિયા એક્સ-ગ્રેસીયા માંગ કરી હતી. સરકાર દ્વારા તહેનાત કરવામાં આવેલા તેના પતિ કોરોના વાઈરસનો ચેપ લાગવાથી મૃત્યુ પામ્યા હોવાનો દાવો પત્નીએ કર્યો હતો. રોગચાળા દરમિયાન, રાજ્ય સરકારે સર્વેક્ષણ, ટ્રેસિંગ, ટ્રેકિંગ, પરીક્ષણ, નિવારણ અને સારવાર તેમજ રાહત પ્રવૃત્તિઓ સંબંધિત સક્રિય ફરજ બજાવતા કર્મચારીઓને ૫૦ લાખ રૂપિયાનું વ્યક્તિગત અકસ્માત કવચ દાખલ કર્યું હતું. હાઈ કોર્ટે સરકારની દલીલ સ્વીકારી કે અરજદારના પતિ હેન્ડપમ્પ હેલ્પર હતા અને કોઈ પણ કાબેલ અધિકારી દ્વારા કોવિડ-૧૯ની ફરજ માટે કામ નહોતા કરી રહ્યા. (પીટીઆઈ)■

# છેતરપિંડી કેસમાં હાર્દિક પંડ્યાના સાવકા ભાઈની પોલીસ કસ્ટડી લંબાવાઈ

મુંબઈઃ મુંબઈ સ્થિત અદાલતે મંગળવારે ક્રિકેટર ભાઈઓ હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યાના સાવકા ભાઈ વૈભવની પોલીસ કસ્ટડી ૧૯ એપ્રિલ સુધી લંબાવી હતી. સંયુક્ત વેપારી સાહસમાં બંને ભાઈઓ સાથે ચાર કરોડની છેતરપિંડીનો આરોપ વૈભવ પર છે. અગાઉના રિમાન્ડ પૂરા થયા હોવાથી આરોપી વૈભવ પંડ્યાને મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા- ઇકોનોમિક ઓફેન્સિસ વિંગ દ્વારા વધુ તપાસ માટે વૈભવની કસ્ટડી વધારવાની વિનંતી કરવામાં આવી હતી. વૈભવના વકીલ નિરંજન મુંદરગીએ ઇઓડબ્લ્યુની અરજીનો વિરોધ ન કર્યો હોવાથી અદાલતે શુક્રવાર સુધી કસ્ટડી લંબાવી હતી. ૩૭ વર્ષના વૈભવની વિવિધ આરોપો હેઠળ આઠ એપ્રિલે ધરપકડ કરી હતી. તેણે ક્રિકેટર ભાઈઓ સાથે ચાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. આ બાબત પારિવારિક છે અને ગેરસમજથી કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું વૈભવે અગાઉ જણાવ્યું હતું. ■

# હેલિકૉપ્ટર્સના બુકિંગમાં શિંદે અને ભાજપ નંબર ૧

મુંબઇઃ દેશભરમાં લોકસભાની ચૂંટણી માટે જોરશોરથી પ્રચાર થઇ રહ્યો છે. રાજકીય પક્ષો પાસે મતદાતાઓ સુધી પહોંચવા માટે હવે ઘણો થોડો સમય બચ્યો છે. આવા સંજોગોમાં ઓછા સમયમાં વધુ સ્થળોએ પહોંચવા માટે નેતાઓ હેલિકોપ્ટર દ્વારા મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે. રાજકીય પક્ષોએ આવતા મહિનાની ૨૦ તારીખ સુધી હેલિકોપ્ટરના બુકીંગ કરાવી દીધા છે. જોકે હેલિકોપ્ટર બુકીંગના મામલે ભાજપ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સૌથી આગળ છે. ભાજપ અને શિંદે સેનાએ ૨૦ મે સુધી ડબલ એન્જિનવાળા ૨-૨ હેલિકોપ્ટર બુક કર્યા છે. બીજા અને ત્રીજા નંબરે કૉંગ્રેસ અને એનસીપીએ સિંગલ એન્જિનવાળા ૧-૧ હેલિકોપ્ટર બુક કર્યા છે. વિસ્તારની દૃષ્ટિએ જોઇએ તો મહારાષ્ટ્ર દેશનું ત્રીજું સૌથી મોટું રાજ્ય છે. અહીં પાંચ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે અને દરેક નેતા પાસે હવે ઘણો ઓછો સમય બચ્યો છે.

ફલાઇટ ભાડે લેવા માટે લાખો રૂપિયાનો ખર્ચો થાય છે. એક હેલિકોપ્ટર કંપનીએ જણાવ્યું હતું કે ડબલ એન્જિનવાળા એક હેલિકોપ્ટરનું એક કલાકનું ભાડું ચારથી પાંચ લાખ રૂપિયા અને સિંગલ એન્જિનવાળા હેલિકોપ્ટરનું એક કલાકનું ભાડું બેથી અઢી લાખ રૂપિયા હોય છે. પાર્ટીઓએ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને નવેમ્બર-ડિસેમ્બરથી જ હેલિકોપ્ટર બુક કરાવી દીધા છે. ■



**જાન પે ખેલ કે...:** મુંબઈ અગ્નિશમન દળ દ્વારા ભાયખલા મુખ્યાલયે મંગળવારે વાર્ષિક અગ્નિકવાયત સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં જવાનોએ આગ પર નિયંત્રણ મેળવવા માટેની દિલધડક કવાયતો રજૂ કરી હતી. (જયપ્રકાશ કેળકર)

# 'વંદે ભારત' ટ્રેનથી નફો કે ખોટ?

## રેલવે પાસે કોઈ જવાબ નથી

નવી દિલ્હીઃ આરટીઆઈ એક્ટ હેઠળ કરવામાં આવેલી અરજીનો જવાબ આપતા રેલવે મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે 'વંદે ભારત' ટ્રેનના અલગ હિસાબ કિતાબ નથી રાખવામાં આવતા જેથી એ સર્વિસના આવક જાવકનો હિસાબ તથા નફા-ખોટની માહિતી મેળવી શકાય. મધ્ય પ્રદેશ સ્થિત ચંદ્રશેખર ગૌર નામના શખસે છેલ્લા બે વર્ષમાં 'વંદે ભારત' ટ્રેનો કેટલો વકરો કરી શકી હતી અને આ બે વર્ષ દરમિયાન આ ટ્રેન સેવાથી નફો થયો કે નુકસાન એ જાણવાનો આગ્રહ રાખ્યો હતો.

'ટ્રેનના હિસાબની જાણકારી નથી રાખવામાં આવતી' એમ રેલવે મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે. 'વંદે ભારત'નો પ્રારંભ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે થયો હતો અને પહેલી ટ્રેન નવી દિલ્હી અને વારાણસી વચ્ચે દોડી હતી. આજની તારીખમાં ૧૦૦ માર્ગ પર ૧૦૨ 'વંદે ભારત' ટ્રેન આવન જાવન કરે છે. આ ટ્રેન ૨૪ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશના ૨૮૪ જિલ્લાને આવરી લે છે.

'વંદે ભારત'ના પ્રારંભ પછી બે કરોડથી વધુ લોકોએ એમાં મુસાફરી કરી હોવાનું રેલવે અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. આરટીઆઈ અરજદાર ચંદ્રશેખર ગૌરએ આશ્ચર્ય વ્યક્ત કરી જણાવ્યું હતું કે 'વંદે ભારત' ટ્રેનોએ કુલ કેટલું અંતર કાપ્યું અને કેટલા પ્રવાસીઓએ મુસાફરી કરી એની જાણકારી રેલવે રાખે છે, પણ મહત્ત્વ ધરાવતી આવક જાવકનો હિસાબ નથી રાખતું. (પીટીઆઈ)■

# રિસેપ્શન લગ્નવિધિનો હિસ્સો ન ગણાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ પતિ - પત્ની વચ્ચેના વૈવાહિક વિવાદનો ઉકેલ લાવવા ૨૦૧૫માં મુંબઈમાં આયોજિત લગ્નનું રિસેપ્શન ફેમિલી કોર્ટના અધિકાર ક્ષેત્રમાં ન આવે એવું જણાવી બોમ્બે હાઈ કોર્ટે સોમવારે પતિની છૂટાછેડાની અરજી વાંદરાની ફેમિલી કોર્ટમાં ન થઈ શકે એવી મહિલાની રજૂઆત હાઈ કોર્ટે માન્ય રાખી હતી. લગ્ન પછી યુએસમાં સ્થળાંતર થયા બાદ ૩૮ વર્ષની મહિલાએ છૂટાછેડાની અરજી યુએસએમાં કરી છે. મહિલાની અરજી માન્ય રાખી ન્યાયમૂર્તિ રાજેશ પાટીલે સોમવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે 'મારા અભિપ્રાય અનુસાર રિસેપ્શન લગ્નવિધિનો હિસ્સો ન ગણાય.' યુગલનાં લગ્ન ૨૦૧૫માં રાજસ્થાનના જોધપુર શહેરમાં હિન્દુ વિધિ અનુસાર થયા હતા. લગ્નના ચાર દિવસ બાદ રિસેપ્શન મુંબઈમાં રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ દસેક દિવસ પતિના માતા પિતાના નિવાસસ્થાને રહ્યા બાદ યુગલ યુએસએ રવાના થયું હતું. ચાર વર્ષ સાથે રહ્યા બાદ ઑક્ટોબર ૨૦૧૯થી પતિ પત્ની અલગ રહે છે. ઑગસ્ટ ૨૦૨૦માં પતિએ ક્રૂરતાનું કારણ આપી વાંદરાની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી. ચાર મહિના પછી પત્નીએ યુએસમાં છૂટાછેડાની અલગ અરજી કરી હતી. ઑગસ્ટ ૨૦૨૧માં વાંદરાની ફેમિલી કોર્ટમાં પતિની છૂટાછેડાની અરજીની યોગ્યતા સામે સવાલ ઉઠાવ્યો હતો. હિન્દુ મેરેજ એક્ટ, ૧૯૫૫ના સેક્શન ૧૯ અનુસાર લગ્ન થયા હોય એ વિસ્તારના અધિકારક્ષેત્રમાં અથવા અરજી દાખલ કરતી વખતે પ્રતિવાદી રહેતો હોય એ વિસ્તારમાં અથવા બંને સાથે રહ્યા હોય એ વિસ્તારમાં જ છૂટાછેડાની અરજી કરી શકે.■

# કોઈનો ઊંઘવાનો અધિકાર ન છીનવી શકાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ એક કેસની સુનાવણી દરમિયાન બોમ્બે હાઈ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ઠપકો આપ્યો હતો. એક કેસની સુનાવણી દરમિયાન હાઈ કોર્ટે કહ્યું કે ઊંઘ લેવાનો અધિકાર માનવીની મૂળભૂત જરૂરિયાત છે અને કોઈને ઊંઘ ન લેવા દેવીએ કોઈપણ વ્યક્તિના માનવ અધિકારનું ઉલ્લંઘન છે.

જસ્ટિસ રેવતી મોહિતે-ડેરે અને જસ્ટિસ મંજુષા દેશપાંડેની ખંડપીઠે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને આ નિર્દેશ આપ્યો કે જ્યારે એજન્સી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કોઈને પણ સમન્સ પાઠવે, ત્યારે નિવેદન રેકોર્ડ કરવા માટે યોગ્ય સમય ફાળવવો જોઈએ.

હાઈ કોર્ટ ગાંધીધામના રહેવાસી ૬૪ વર્ષીય રામ કોટુમલ ઈસરાની દ્વારા તેમની ધરપકડને ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરી રહી હતી. અરજદારના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે સાત ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ અરજદાર દિલ્હીમાં સવારે ૧૦.૩૦ વાગ્યે તપાસમાં જોડાયા હતા અને તેમની અંગત સ્વતંત્રતા સાથે ચેડા કરવામાં આવ્યા હતા, તેમનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો.

વકીલે કોર્ટને જણાવ્યું હતું કે અરજદારની આખી રાત પૂછપરછ કરવામાં આવી હતી, જેથી તેમના 'ઊંઘના અધિકાર'નું ઉલ્લંઘન થયું હતું. ઊંઘનો અધિકાર બંધારણની કલમ ૨૧ હેઠળના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. ઈડીએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી સવારના ત્રણ વાગ્યા સુધી તેમનું નિવેદન નોંધ્યું હતું, જેનાથી તેમને ઊંઘવાનો અધિકાર છીનવાઈ ગયો હતો. હાઈ કોર્ટે કહ્યું કે, કોઈને તેના મૂળભૂત માનવ અધિકારમાંના એક ઊંઘવાના અધિકારથી વંચિત કરી શકાય નહીં. યોગ્ય સમએ નિવેદન નોંધવું જોઈએ, રાત્રે નહીં.

કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ વ્યક્તિને પૂછપરછ માટે બોલાવવામાં આવે છે, ત્યારે તપાસ એજન્સી એ નિર્ણય પર પહોંચી શકતી નથી કે તે વ્યક્તિ ગુના માટે દોષિત છે કે નહીં. અરજદારની ઉંમર ૬૪ વર્ષ છે, અગાઉ તેનું નિવેદન નોંધવા માટે એજન્સી સમક્ષ હાજર થયા છે. કોર્ટે કહ્યું કે અરજદારને અન્ય કોઈ દિવસે બોલાવી શકાયા હોત.

જો કે કોર્ટે અરજદારના વકીલની એ દલીલને ફગાવી દીધી હતી કે તેની ધરપકડ ગેરકાયદેસર હતી. ■

# ઍરપોર્ટ નજીક પાર્ક કારમાંથી પિસ્તોલ મળતાં પુણેના એસ્ટેટ એજન્ટની ધરપકડ

મુંબઈઃ ડોમેસ્ટિક ઍરપોર્ટ નજીકના મલ્ટિ-લેવલ કાર પાર્કિંગમાં લાઈસન્સ પ્લેટ વિના પાર્ક બીએમડબ્લ્યુ કારમાંથી વિદેશી બનાવટની ૭.૬૫ કેલિબરની પિસ્તોલ મળી આવતાં પોલીસે રવિવારે પુણેના એસ્ટેટ એજન્ટની ધરપકડ કરી હતી.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ તુષાર કાળે (૪૧) તરીકે થઈ હતી. બીએમડબ્લ્યુ કાર કાળેની હોવાનું તપાસમાં જણાયું હતું.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કાળે તેના મિત્ર સાથે મુંબઈ આવ્યો હતો. બન્ને જણ નજીકની ફાઈવ સ્ટાર હૉટેલમાં આવેલી ક્લબમાં ગયા હતા. ત્યાંના કર્મચારીએ કાળેની કાર રવિવારના મળસકે ત્રણ વાગ્યે ઍરપોર્ટ નજીક પાર્ક કરી હતી.

પાર્કિંગ લોટના સિક્યોરિટી ગાર્ડને લાઈસન્સ પ્લૅટ વિનાની કાર પર શંકા ગઈ હતી. કાર નજીક જઈ તપાસ કરતાં ડ્રાઈવરની સીટ પાસેના કપ હોલ્ડરમાં પિસ્તોલ હોવાનું નજરે પડ્યું હતું. તેણે તાત્કાલિક આ બાબતે પોલીસને જાણ કરી હતી. ઍરપોર્ટ પોલીસે કાર પાર્ક કરનારાની પૂછપરછ પછી કાળેને તાબામાં લીધો હતો. કારમાંથી મેડ ઈન યુએસએ લખેલી પિસ્તોલ મળી આવી હતી. તેમાં પાંચ કારતૂસ પણ હતી. પિસ્તોલનું લાઈસન્સ ન હોવાથી કાળેની આર્મ્સ ઍક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે પિસ્તોલ સાથે શખસની ધરપકડ કરી હોવાની માહિતી મળતાં રવિવારની સવારે આઈપીએસ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઍરપોર્ટ પોલીસ સ્ટેશને પહોંચી હતી. રવિવારની વહેલી સવારે અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારની ઘટના બની હતી. કારમાંથી મળેલી પિસ્તોલ ગોળીબારમાં તો ઉપયોગમાં લેવાઈ નહોતીને તેની તપાસ પોલીસ કરી રહી હતી. (પીટીઆઈ)■

# વૃક્ષો પરની લાઈટિંગ હટાવવાનું શરૂ

## બ્યુટિફિકેશનના નામે પાલિકાએ ₹ ૧,૭૫૦ ખર્ચ્યા

મુંબઈઃ વૃક્ષો પર લગાવવામાં આવેલી લાઇટિંગ અંગે હાઇ કોર્ટ દ્વારા ઠપકો આપ્યા બાદ સોમવારે મુંબઇ મહાનગરપાલિકાની વિભાગીય કચેરીઓએ પોતપોતાની હદમાં વૃક્ષો પરથી લાઇટો હટાવવાની શરૂઆત કરી હતી. આ રોશની હટાવવાની માગણી કરતી જાહેર હિતની અરજી હાઇ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. જી-૨૦ કોન્ફરન્સના અવસર પર, વિદેશી મહેમાનોને આવકારવા માટે બ્યુટિફિકેશનના નામે મુંબઈ મહાનગરપાલિકાએ રૂ. ૧,૭૫૦ કરોડનો ખર્ચ કર્યો છે. આ

બ્યુટિફિકેશન પ્રોજેક્ટના ભાગ રૂપે મુંબઈ અને થાણેમાં વૃક્ષો પર ઇલેક્ટ્રિક લાઇટિંગ કરવામાં આવી છે. ઉપરાંત ફૂટપાથ, ટ્રાફિક જંકશન, બગીચાઓ, દરિયા કિનારો અને ફ્લાયઓવર બ્રિજની નીચે મોટા પાયે બ્યુટીફિકેશનનું કામ હજુ પણ કરવામાં આવી રહ્યું છે.

પર્યાવરણવાદીઓ દ્વારા એક પિટિશન દાખલ કરવામાં આવી હતી કારણ કે આ સજાવટ પ્રદૂષણમાં વધારો કરે છે અને લાઇટને કારણે વૃક્ષો પર રહેતા પક્ષીઓ અને જંતુઓ પર ખરાબ અસર પડે છે. ગયા અઠવાડિયે હાઈ કોર્ટે આ અરજીની ગંભીર નોંધ લઈ, સરકાર અને મુંબઈ મહાનગરપાલિકાને નોટિસ પાઠવી હતી. જે બાદ વિભાગીય કચેરીઓએ લાઇટો હટાવવાનું શરૂ કરી દીધું છે. ■

# સ્પીડ બ્રેકર પરથી ઊછળીને બાઈક બસ સાથે ટકરાઈઃ બે યુવકનાં મોત

મુંબઈઃ પૂરપાટ વેગે આવેલી બાઈક સ્પીડ બ્રેકર પરથી ઊછળીને રસ્તાને કિનારે પાર્ક કરાયેલી બસ સાથે ટકરાતાં બે યુવકનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હોવાની ઘટના માહિમ નજીક બની હતી. પાર્ટી કરીને પાછા ફરી રહેલા યુવકો ઘટના સમયે નશામાં હોવાનું પોલીસનું કહેવું છે.

માહિમ પોલીસના જણાવ્યા મુજબ રવિવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ તુલસી પાઈપ રોડ ખાતે બનેલી ઘટનામાં ભાવેશ ધાર્મે (૨૭) અને નીલેશ પાટીલ (૨૫)નાં મૃત્યુ થયાં હતાં. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વિકાસ સોનાવણેને સારવાર માટે કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ત્રણેય મિત્ર પાર્ટી કરીને દારૂના નશામાં બાઈક પર ટ્રીપલ સીટ દાદર સ્ટેશન તરફ જવા નીકળ્યા હતા. ઘટનાસ્થળ પાસેના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં બાઈક પૂરપાટ વેગે આવતી નજરે પડે છે. ■

RECORD BREAKING PLAY ONCE AGAIN BY PUBLIC DEMAND
કાતિલ અદાઓથી થયા હજારો ઘાયલ... હવે તમારો વારો
રવિઃ સાંજે ૭.૩૦ નહેરૂ
Online: bookmyshow
વર્લી, બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭
Ph. 40245408, 9930652094
નિરાશાથી બચવા ટિકિટ વેળાસર બુક કરાવો
ખાસ નોંધઃ ૧૫ વર્ષથી નીચેનાને પ્રવેશ નથી
માણસ માત્ર લફરાને પાત્ર
લફડેબાજના રંગે રંગાએલી લફડેબાજ કલરફુલ કોમેડી !
તોફાની રમુજી જલસો
નિર્માતા-લેખક-દિગ્દર્શકઃ ભરત સોની, દિલીપ સોની

છેલ્લા પાનાનું ચાલુ

## શું શૂટરો પોતાને

આપવામાં આવી હતી.

પનવેલમાં સલમાનના ફાર્મ હાઉસ નજીક હરિગ્રામ પરિસરમાં શૂટરોએ મહિને સાડાત્રણ હજાર રૂપિયે રૂમ ભાડે લીધી હતી. રૂમ માટે ૧૧ મહિનાનું એગ્રિમેન્ટ કરી ૧૦ હજાર રૂપિયા ડિપોઝિટ પણ આપી હતી. છેલ્લા ૨૧ દિવસથી શૂટરો આ રૂમમાં રહેતા હતા. રૂમ ભાડે લેતી વખતે આરોપીઓએ પોતાના ઑરિજિનલ આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો આપ્યા હતા. એ સિવાય ગોળીબાર પછી ફરાર થયેલા આરોપીઓએ પોતાના મોબાઈલ ફોન ઑન જ રાખ્યા હતા.

એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ગુનો આચરતાં પહેલાં શૂટરો દ્વારા ઘણી તકેદારી રાખવામાં આવતી હોય છે, જેથી કાવતરાને અંજામ આપ્યા પછી પોલીસ તેમના સુધી પહોંચી ન શકે. જોકે આ કેસમાં શૂટરોની પ્રવૃત્તિ શંકાસ્પદ જણાય છે. બાઈક સલમાનના ઘર નજીક છોડી દીધી. વળી, બાઈક ખરીદવા આરોપી સામેથી બાઈક માલિક પાસે ગયા. રૂમ ભાડેથી લેતી વખતે પોતાના ઑરિજિનલ દસ્તાવેજોની નકલ આપી. સામાન્ય રીતે આરોપી બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરતા હોય છે. ફરાર થતી વખતે આરોપીએ મોબાઈલ સ્વિચ ઑફ્ફ પણ ના કર્યો. મોબાઈલ ટ્રેસ કરીને પોલીસ આરોપી સુધી પહોંચી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ રાજસ્થાનમાં ધાક જમાવ્યા પછી મુંબઈમાં પણ પોતાનું વર્ચસ બનાવવા માગે છે. શૂટરો પકડાઈ જવાને કારણે બિશ્નોઈ ગૅન્ગનું નામ ચર્ચામાં આવતાં બોલીવૂડની અન્ય હસ્તીઓમાં ડર ઊભો કરવાનો ઇરાદો ટોળકીનો હોઈ શકે.

### અનમોલ બિશ્નોઈ વૉન્ટેડ આરોપી

મુંબઈ: આ કેસમાં મુંબઈ પોલીસે જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને ફરાર આરોપી દર્શાવ્યો છે. અનમોલ હાલમાં યુકેમાં હોવાનું કહેવાય છે અને ભારતીય તપાસ એજન્સી તેને ભારત લાવવા પ્રયત્ન કરી રહી છે. સલમાનના ઘર પર ગોળીબારના ગણતરીના કલાકોમાં અનમોલ બિશ્નોઈના ફેસબુક પેજ પર એક મેસેજ પોસ્ટ કરાયો હતો. મેસેજમાં ગોળીબારની જવાબદારી બિશ્નોઈ ગૅન્ગે સ્વીકારી સલમાન માટે ધમકી પણ ઉચ્ચારી હતી. પરિણામે કાવતરામાં અનમોલની સંડોવણી હોવાની ખાતરી થતાં તેને પણ કેસમાં આરોપી બનાવવામાં આવ્યો છે. બીજી બાજુ, પનવેલમાં ૨૧ દિવસ રહેલા બન્ને શૂટરોને સૂચના આપવા માટે કોણ મળવા આવ્યું હતું તેની તપાસ પોલીસ કરી રહી છે. આરોપીએ આ રીતે અન્ય કોઈને ધમકી આપી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## કર્મચારીઓને

વધારો થઈ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ તાપમાનમાં વૃદ્ધિ થવાની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

વધી રહેલી ઉષ્ણતાને કારણે નાગરિકોને હિટ સ્ટ્રોકની સમસ્યા સતાવે એવી પૂરેપૂરી શક્યતા છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈને આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકો માટે ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. કંપનીઓ અને કારખાનામાં કર્મચારીઓને સતત કામ કરવું પડતું હોય છે જેને કારણે તેમને પાણી પીવાનો પૂરતો સમય મળતો નથી.

પરિણામે આરોગ્ય વિભાગ દ્વારા અલગથી એક ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે અને આ ગાઈડલાઈન અનુસાર કામના ઠેકાણે ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી આપવું ફરજિયાત હોઈએ દર ૨૦-૨૫ મિનિટે કર્મચારીઓને પાણી પીવા માટે વોટર બ્રેક આપવાની ભલામણ કરવામાં આવી છે.

આ સિવાય આ ગાઈડલાઈનમાં કામના ઠેકાણે કામચલાઉ શેલ્ટર હોમ ઊભા કરવામાં આવે અને બહારના કામ માટે સવાર અને સાંજનો સમય પસંદ કરવામાં આવે એવી ભલામણ પણ આ ગાઈડલાઈનમાં કરવામાં આવી છે. જો કોઈ કારણ અનુસાર કર્મચારીને બહાર મોકલવો જ પડે એમ હોય તો એક કલાકના કામ બાદ તેને પાંચ મિનિટનો બ્રેક આપવો પડશે.

## એક દાયકાનું

હતો. હવામાન ખાતાના મુજબ મંગળવારે કોલાબામાં દિવસનું તાપમાન ૩૫.૨ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૨.૩ ડિગ્રી વધુ હતું. તો થાણેમાં દિવસનું મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે નવી મુંબઈના રબાલેમાં નવી મુંબઈ વેધશાળા મુજબ ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં પણ અનેક જિલ્લામાં ભારે ગરમીને કારણે લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. મુંબઈને લાગીને આવેલા પાલઘર જિલ્લાના વિક્રમગઢ તાલુકામાં કેવ ગામની એક વિદ્યાર્થીની હીટ વેવનો ભોગ બની હતી અને તેનું મૃત્યુ થયું હતું. ૧૬ વર્ષની વિદ્યાર્થીનું નામ અશ્વિની રાવતે હોવાનું જાણવા મળ્યું હતું.

ભારતીય હવામાન ખાતાએ મંગળવારેતની આગાહીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરીને જણાવ્યું હતું કે સોમવાર, મંગળવાર બાદ બુધવારે પણ મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે. તેથી નાગરિકોએ કામ વગર ઘરની બહાર નીકળવું નહીં. હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ સોમવારની રાત વર્ષની સૌથી વધુ ગરમ રાત રહી હતી. સાંતાક્રુઝ વેધશાળા મુજબ સોમવાર રાતનું લઘુતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું, જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી વધુ હતું. દરમિયાન કોલાબા વેધશાળામાં લઘુતમ તાપમાન ૨૭.૮ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૨.૩ ડિગ્રી વધારે હતું. ૨૭.૫ ડિગ્રી લઘુતમ તાપમાન પણ હાઈએસ્ટ રહ્યું હતું.

હવામાન ખાતાના અધિકારી સુષ્મા નાયરે જણાવ્યું હતું કે ૧૮ એપ્રિલથી મોટાભાગે તાપમાનમાં ઘટાડો થવાનું શરૂ છશે. શહેરમાં હાલ હીટવેવની અસર જોવા મળી છે, તેનું કારણ નીચલા સ્તરે ફૂંકાઈ રહેલા પૂર્વીય પવનોની સાથે જ મધ્ય સ્તરે એન્ટિસાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે દરિયાઈ પવનોને સેટ થવામાં વિલંબ થયો હતો અને બપોર પછી પવનો ફૂંકાવાને કારણે તે ગરમ રહ્યા હતા.

## ચોમાસા પહેલા

૨૦૩૦ હાથ ધરવામાં આવી છે, જે હેઠળ મુંબઈને મલેરિયા મુક્ત કરવાનું લક્ષ્યાંક છે.

### મચ્છર પ્રતિબંધક કરવાની કાર્યવાહી ૭૭.૭૭ ટકા પૂરી

પાલિકાના પેસ્ટ કંટ્રોલ વિભાગના અધિકારી ચેતન ચૌબળના જણાવ્યા મુજબ મચ્છરના નિર્મૂલન માટે અનેક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે. મુંબઈની વિવિધ સરકારી-બિનસરકારી ૬૭ ઓથોરિટીના પરિસરમાં મળીને કુલ ૨૯,૦૧૯ પાણીની ટાંકીઓ આવેલી છે, તેમાંથી ૨૨,૫૬૮ પાણીની ટાંકીના ઠેકાણે મચ્છર પ્રતિબંધક કાર્યવાહી કરવામાં આવી છે. તો ૬,૪૫૧ પાણીની ટાંકીઓના ઠેકાણે ઉપાયયોજના અમલમાં મૂકવાની હજી બાકી છે. ચોમાસા પહેલાના કામમાં જુદી જુદી સંસ્થાના પરિસરમાં પાણીની ટાંકીઓના મચ્છર પ્રતિબંધક કરવાની કાર્યવાહી ૭૭.૭૭ ટકા પૂરી થઈ છે. બાકીના ૨૨.૨૩ ટકા પાણીની ટાંકીઓના ઠેકાણે કામ જલદી પૂરું કરવામાં આવવાનું છે.

### પેસ્ટ કંટ્રોલ વિભાગે અમલમાં મૂકેલી યોજના

પાલિકાના તમામ વોર્ડમાં મચ્છર પ્રતિબંધના અનુસંધાનમાં ચોમાસા પહેલાની કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પાણીની ટાંકી મચ્છર પ્રતિબંધક સ્થિતિમાં લાવવી, નકામી વસ્તુઓનો નિકાલ કરવો, મચ્છરના ઉદ્‌ગમ સ્થાન કહેવાતા પાણીની ટાંકીઓ, ટાયર, પેટ્રી, પ્લેટ્સ, ફેંગશુઈ ઝાડ, મની પ્લાન્ટ વગેરે ઠેકાણે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બાંધકામ ચાલી રહેલી સાઈટ પર પેસ્ટ કંટ્રોલ કરવામાં આવી રહ્યો છે. તો કન્સ્ટ્રક્શન સાઈટ પર જ્યાં મજૂરો રહે છે ત્યાંની દીવાલ પર ઈન્ડોર રેસિડ્યૂલ સ્પ્રેઈંગ દવાનો છંટકાવ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પાણીની ટાંકીઓને ઢાંકીને રાખીને તેમ જ નકામી વસ્તુઓ ફેંકી દેવા માટે કહેવામાં આવી રહ્યું છે. એ સાથે જ ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા ફેલાવતા એડિસ મચ્છરોના સર્વેક્ષણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પેસ્ટ કંટ્રોલ વિભાગના અધિકારી અને કર્મચારી અને કામગાર આ સર્વેક્ષણ કરી રહ્યા છે.

## વીજમાગમાં વધારો

ત્રણેક દિવસ આવા જ હાલ રહેવાના હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું. આને કારણે ઓફિસો, દુકાનો અને ઘરોમાં પણ એસી, કુલર્સ અને પંખાનો વપરાશ વધી ગયો છે. જોકે કૃષિ ક્ષેત્રે વીજમાગમાં ઓછી માગ છે. તેમ છતાં ઉકળાટને કારણે વીજળીના વપરાશમાં વધારો થયો છે.

### સૌર પ્રોજેક્ટમાંથી ૨૨૭૯ મેગાવોટ વીજળીનું ઉત્પન્ન

ઉનાળામાં સૌર ઊર્જા સારા પ્રમાણમાં મળી રહેતી હોવાથી સોમવારે સૌર પ્રોજેક્ટમાંથી ૨૨૭૯ મેગાવોટ, પવન ઊર્જા પ્રોજેક્ટમાંથી ૨૨૭ મેગાવોટ તેમ જ ખાનગી અને સરકારી કંપનીઓ પાસેથી એકંદરે ૨૩૧૭૦ મેગાવોટ વીજળી ઉપલબ્ધ થઇ હતી. બાકીની વીજળી કોયના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ અને પાવર એક્સચેન્જમાંથી ૪.૨૭ પ્રતિ યુનિટના દરે વીજળી મળી રહેતાં મહાવિતરણને કોઇ પણ મુશ્કેલી નડી નહોતી, એવી માહિતી અધિકારીએ આપી હતી.

## મહારાષ્ટ્રમાં સ્વાઈન

ગાઈડલાઇન્સ જાહેર કરી છે. જેમાં લોકોને ભીડવાળી જગ્યા પર જવાનું ટાળવાની સાથે ઠંડા પીણાં પીતી વખતે પણ સતર્ક રહેવાની અપીલ કરવામાં આવી છે.

શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, થાક, ઉલ્ટી, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો વગેરે લક્ષણો સ્વાઇન ફ્લૂના દર્દીઓમાં મળી આવ્યા છે. સ્વાઇન ફ્લૂ હવામાંથી ફેલાય છે, જેથી માસ્કના વપરાશથી સંક્રમણને ટાળી શકાય છે, એવું એક નિષ્ણાત ડૉક્ટરે કહ્યું હતું.

## આરોપીઓ ભુજમાં

એપાર્ટમેન્ટ ફરતેના પરિસરમાં આરોપીઓએ ત્રણ વખત રેકી કરી હતી. રવિવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ ગૅલેક્સી એપાર્ટમેન્ટ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઘટના સમયે અભિનેતા સલમાન ખાન પરિવાર સાથે ઘરમાં હાજર હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે બન્ને શૂટર બાઈક પર આવ્યા હતા. આરોપી વિકી બાઈક ચલાવી રહ્યો હતો, જ્યારે પાલ પાછળ બેઠો હતો. પાલે પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા, જેમાંથી એક ગોળી સલમાનના ફ્લૅટની બાલ્કની તરફ ફાયર કરાઈ હતી, જ્યારે એક ગોળી ઈમારતની દીવાલમાં વાગી હતી.

આ પ્રકરણે બાન્દ્રા પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. ગોળીબાર પછી બન્ને આરોપી કચ્છ-ભુજ ગયા હોવાની માહિતી પોલીસને મળી હતી. તાત્કાલિક ભુજ પોલીસને આ બાબતે જાણ કરાઈ હતી. ભુજ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી માતાના મઢ મંદિર પરિસરમાંથી બન્નેને તાબામાં લઈ મુંબઈ પોલીસને સોંપ્યા હતા.

જૉઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) લખમી ગૌતમે જણાવ્યું હતું કે બન્ને આરોપીને ફ્લાઈટમાં મંગળવારની સવારે મુંબઈ લાવવામાં આવ્યા હતા. પૂછપરછમાં આરોપીએ દાવો કર્યો હતો કે ગુનામાં વપરાયેલી પિસ્તોલ તેમણે સુરત પાસેની નદીમાં ફેંકી હતી.

બિહારના વતની બન્ને શૂટર ગોળીબાર પછી ભુજ શા માટે ગયા તેની તપાસ પોલીસ કરી રહી છે. પોલીસને શંકા છે કે બિશ્નોઈ ગૅન્ગના ભુજના સૂત્રધારે આ બન્ને શૂટરને સલમાનના ઘર બહાર ગોળીબારનું કામ સોંપ્યું હશે.

આ કેસમાં પોલીસે બન્ને આરોપી વિરુદ્ધ હત્યાના પ્રયાસની કલમ લગાવી હતી. આરોપીના વકીલ અજય દુબેએ કોર્ટમાં જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈને નિશાન બનાવાયા નથી કે કોઈને ઇજા થઈ ન હોવાથી હત્યાના પ્રયાસની કલમ લાગુ કરી શકાય નહીં. આરોપી ક્યારેય ઘટનાસ્થળે ગયા નથી. તેમને ખોટી રીતે આ કેસમાં સંડોવવામાં આવી રહ્યા છે.

## ₹ ૩૨૬ કરોડનો

મેસર્સ સીઈસી-આયટીડી, મેસર્સ એલ એન્ડ ટી સ્ટેક જેવી, મેસર્સ ડોગસ સોમા, મેસર્સ એચસીસી-એમએમએસ-૧, મેસર્સ એચસીસી-એમએમએસ-૨ આ કૉન્ટ્રેક્ટર કંપનીને મેટ્રોના કામ કરવા માટે વડાલા ટ્રક ટર્મિનસ પાસે કાસ્ટિંગ યાર્ડ માટે પ્લોટ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યો છે.

એમએમઆરસીએલ અને સંબંધિત કૉન્ટ્રેક્ટરો વચ્ચે થયેલા કરાર મુજબ આ પ્લોટનો ઉપયોગ કરવા માટે પ્રોપર્ટી ટેક્સ ભરવાની જવાબદારી સંબંધિત કૉન્ટ્રેક્ટરની છે. આ પાંચેય કૉન્ટ્રેક્ટરના કુલ મળીને ૩૨૬ કરોડ ૨૨ લાખ, ૬૯ હજાર ૮૪૬ રૂપિયાના પ્રોપર્ટી ટેક્સ ભરવાનો બાકી છે. આમાંથી ચાર કૉન્ટ્રેક્ટરને આર્થિક વર્ષ ૨૦૧૬-૧૭ થી અત્યાર સુધી કર ભર્યો નથી, તો એચસીસી-એમએમસી આ કૉન્ટ્રેક્ટર પાસેથી આર્થિક વર્ષ ૨૦૧૦-૧૧થી પ્રોપર્ટી ટેક્સ વસૂલવાનો બાકી છે.

તેથી પાલિકા તરફથઈ તેમને ૧૬ માર્ચ, ૨૦૨૪ના સંબંધિત કૉન્ટ્રેક્ટરોને ૨૧ દિવસનો સમય આપીને ટેક્સ ચૂકવી દેવાનું કહેવામાં આવ્યું હતું. આ ૨૧ દિવસની મુદત ૧૫ એપિલ, ૨૦૨૪ના પૂરી થઈ ગઈ છે. આ ૨૧ દિવસમાં ટેક્સ નહીં ભરવાને કારણે હવે પાલિકા તરફથી મેસર્સ સીઈસી-આયટીડી, મેસર્સ એલ એન્ડ ટી સ્ટેક જેવી, મેસર્સ ડોગસ સોમાને ૧૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તો મેસર્સ એચસીસી-એમએમએસ-૧ અને બેને ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના સાત દિવસની અંતિમ મુદત સાથે નોટિસ મોકલવામાં આવી છે. આ સાત દિવસના સમયમાં કૉન્ટ્રેક્ટરે ટેક્સ નહીં ભર્યો તો તેમની પ્રોપર્ટીને અટેચ્ડ કરવાથી લઈને જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે એવું પાલિકાએ જાહેર કર્યું હતું.

## મલાડમાં આઠ માળની

હતી. મલાડ (પશ્ચિમ)માં સુંદર લેનમાં અંકલ કિચન્સ પાસે ગ્રાઉન્ડ પ્લસ આઠ માળની ગિરનાર ગલેક્સી નામની બિલ્ડિંગ આવેલી છે, જેના ગ્રાઉન્ડ ફ્લોર પર ઈલેક્ટ્રિક મીટરની કેબિનમાં સવારના ૯.૪૮ વાગે આઠ ફાટી નીકળી હતી. આ ઈમારત ૨૦ વર્ષ જૂની છે અને તેમાં ૩૦ ફ્લેટ છે. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બિલ્ડિંગના કોરિડોરમાં ધુમાડો ફેલાઈ જતા રહેવાસીઓ ટેરેસ તરફ દોડી આવ્યા હતા. જોકે ટેરેસને તાળુ મારવામાં આવ્યું હતું. તેને કારણે અનેક લોકોના શ્વાસમાં ધુમાડો ગયો હતો. આગને તુરંત નિયંત્રણમાં લાવવામાં આવી હતી. સવારે લગભગ ૯.૫૪ વાગ્યા સુધી આગ બુઝાવી દેવામાં આવી હતી.

સ્થાનિક રહેવાસીના જણાવ્યા મુજબ બિલ્ડિંગમાં બે વર્ષ પહેલાં ઈલેક્ટ્રિક કામ હાથ ધરવામાં આવ્યા હતા. ફાયર ડ્રીલ પર નિયમિત હાથ ધરવામાં આવતી હતી, જે રહેવાસીઓને આવી કટોકટીમાં ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ વિશે માહિતીગાર કરે છે. જોકે મંગળવારે સવારના લાગેલી આગ બાદ મોટા પ્રમાણમાં ઈમારતમાં ધુમાડો ફેલાઈ ગયો હતો, તેને કારણે રહેવાસીઓને ભારે તકલીફ થઈ હતી. મોટાભાગના રહેવાસીઓ ટેરેસ તરફ દોડયા હતા અને ફસાઈ ગયા હતા. ધુમાડો અને ગરમી એટલી તીવ્ર હતી કે અમુક રહેવાસી દાઝી ગયા હતા.

પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ પાસેથી મળેલી માહિતી મુજબ બે સિનિયર સિટિઝન એન્થોની ફર્નાન્ડિસ (૬૮ વર્ષ) અને લેવિના મુકાદમ (૭૩ વર્ષ)ને ઐરોલીની બર્ન હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. જ્યારે અન્ય ત્રણ કવિતા મેનાન્જેસ (૫૨ વર્ષ), રેઝિનોર્ડ ડિસોઝા (૭૩ વર્ષ) અને એન્થોની મોહસિન (૪૭ વર્ષ) હજી પણ મલાડની ખાનગી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે ૮૦ વર્ષના માર્શલ મુકાદમ ૬૦ ટકા દાઝી ગયા હતા. વિનિજોય મુકાદામ ૨૦થી ૩૦ ટકા દાઝી ગયા છે અને મર્સી જોસેફ (૬૬ વર્ષ) ૧૦થી ૧૫ ટકા દાઝી ગયા છે. તેમને શતાબ્દી હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

## શિંદે સેના

પ્રમુખ લખન સિંહ પંવાર હાજર રહ્યા હતા'. મુખ્ય પ્રધાન શિંદેએ કહ્યું હતું કે 'રાજસ્થાન અને મહારાષ્ટ્રના એક બીજા સાથે સારા સંબંધ છે. રાજસ્થાન વીર મહારાણા પ્રતાપની ભૂમિ છે તો મહારાષ્ટ્ર છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ છે. તેમના વિચારો અમારી સરકારને આગળ વધારી રહી અને અને આ ધરતીથી બે નવા શિલેદારોના શિવસેનામાં સામેલ થવાથી રાજસ્થાનમાં શિવસેના વધુ મજબૂત બની ગઈ છે. હું પોતે વિધાનસભાની ચૂંટણી દરમિયાન એનડીએ ઉમેદવારોના પ્રચાર માટે રાજસ્થાન આવ્યો હતો. ત્યાં લોકો માટે કામ કરવાનો સારો મોકો છે, જો તમે મેડિકલ ક્ષેત્રમાં કામ કરો છો તો તમે તેમાં પોતાનો સર્વશ્રેષ્ઠ સહયોગ આપવા માટે તૈયાર છો. તેમણે શિવસેનાના મિશન વ્યક્ત મુજબ સામાન્ય લોકોના કલ્યાણ માટે કામ કરવાનું પણ સૂચન કર્યું હતું, એવું શિંદેએ કહ્યું હતું.

## મહારાષ્ટ્રના ડેમમાં

સરખામણીમાં આ ઉનાળો વધુ ગરમ લાગે છે, જેનાથી પાણીની તંગી વધુ વકરી રહી છે. વર્ષે ઓછા વરસાદને કારણે ડેમના પાણીના સ્તરમાં ઘટાડો થયો છે. હાલમાં, સમગ્ર રાજ્યમાં ૧૩૮ મોટા ડેમ તેમની કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર ૩૨.૭૨ ટકા હિસ્સો ધરાવે છે જે ગત વર્ષ કરતા ૭.૧ ટકા થી વધુ ઘટાડો દર્શાવે છે. ગરમીના સ્તરમાં વધારો થતા પાણીની અછતની સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. ગામડાઓ પાણી મેળવવા માટે વલખાં મારી રહ્યા છે અને પાણીના ટેન્કરની માંગ વધી રહી છે. પુણે શહેરમાં, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનને અપૂરતા પાણી પુરવઠાની ફરિયાદોને કારણે મર્જ થયેલા ૩૪ ગામોમાં પાણીના ટેન્કરની ટ્રીપ વધારી છે. હાલમાં, પીએમસી સુસ, મહાલુંગે, પિસોલી, હોલકર વાડી, ફુરસુંગી, ઉરુલી અને કટારી જેવા વિસ્તારોમાં પાણીની માંગને પહોંચી વળવા માટે ૩૪માંથી ૧૧ ગામોમાં ૩૦૦ પાણીના ટેન્કર અને બાકીના ૨૩ ગામોમાં ૮૦૦ પાણીના ટેન્કર મોકલી રહી છે. જો કે, પ્રશાસનના પ્રયાસો છતાં આ વિસ્તારોમાં પાણીની તંગી ચાલુ છે. પીએમસીએ પાણીના ટેન્કરની ટ્રીપમાં પણ વધારો કર્યો છે.

પુણે વિભાગના ૧,૭૯૯ ગામોમાંથી મોટાભાગના ગામો હવે ટેન્કર પાણી પુરવઠા પર નિર્ભર છે. એ જ રીતે કોંકણ વિભાગમાં ૩૩ ગામ, નાસિક વિભાગમાં ૧,૧૭૯ ગામ, છત્રપતિ સંભાજીનગર વિભાગમાં ૬૯૭ ગામ અને અમરાવતી વિભાગના ૨૬ ગામો ટેન્કર પાણી પુરવઠા પર નિર્ભર છે. જોકે, નાગપુર વિભાગે હજી પાણીના ટેન્કરોનો આશરો લીધો નથી. રાજ્યના વિવિધ વિભાગોમાં ઘટતો જઈ રહેલો જળસંગ્રહ ચિંતાનું કારણ છે. મરાઠવાડા વિભાગના ડેમમાં સૌથી ઓછો ૧૯.૩૬ ટકા પાણીનો સંગ્રહ છે. ત્યારબાદ પુણે વિભાગમાં ૩૬.૩૪ ટકા, નાગપુર વિભાગમાં ૪૮.૮૪ ટકા, અમરાવતી વિભાગમાં ૪૯.૬૨ ટકા, નાસિક વિભાગમાં ૩૮.૧૭ ટકા અને કોંકણ વિભાગમાં ૫૦.૫૦ ટકા પાણીનો સંગ્રહ છે. ડેમમાં મર્યાદિત પાણીનો સંગ્રહ અને પીવાના પાણીની વધતી જતી માંગને જોતાં ખાસ કરીને પુણે, નાસિક અને મરાઠવાડાના કેટલાક ભાગોમાં સિંચાઈ પર પ્રતિબંધ આવવાની શક્યતા છે.

# હિન્દુ મરણ

સ્વ.મંજુલાબેન ભરતભાઈ જરદોશ (ઉં. વ. ૮૬) હાલ મલાડ તે સ્વ. કાશીબેન મણીલાલ પરમારના સુપુત્રી, તે સ્વ. રમીલાબેન શ્રીપતભાઈ જરદોશના પુત્રવધૂ સોમવાર તા. ૧૫/૦૪/૨૦૨૪ના શ્રીજીચરણ પામેલા છે પુત્ર પુત્રવધુ - પરાગ - તેજલ જરદોશ, દીકરી જમાઈ - શીતલ અભીજીત શ્રિગારપૂરે, પૌત્રી જમાઈ- ગુંજન મિતેશ જૈન, કીર્તન, કુનાલ, ધ્વનિતના બા, પ્રાર્થનાસભા તા. - ૧૮/૦૪/૨૦૨૪ ગુરુવાર ૫.૦૦ થી ૭.૦૦. - ક્લબ હાઉસ, રાહેજા ટીપકો હાઇટ્સ, પાસપોર્ટ ઓફિસની ઉપર, રાણી સતી માર્ગ, મલાડ પૂર્વ.

**ગીરીનારાયણ બ્રાહ્મણ**

નયનાબેન તે ભદ્રાબેન નવિનચંદ્રના પુત્રી તે દામીની, હર્ષરાજ, ભાવેશના બહેન તા. ૧૫-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

અંજનાબેન (કોકિલા) (૮૦ વર્ષ) તે હસમુખભાઈ (ભૂપતરાય) વિઠ્ઠલજી રાજપોપટના ધર્મપત્ની. તે બીનાબેન જશવંતકુમાર ખાખરિયા, સોના રાજ, પુનિતા ગિરીશકુમાર ચંદારાણાના માતુશ્રી. તે સ્વ. ધીરજલાલ બેંકર, સ્વ. નટવરલાલ, સ્વ. પ્રફુલચંદ્ર, જવાહરલાલ, સ્વ. ચંપાબેન કાનાણી, સ્વ. ઇંદુમતી શાંતિલાલ વાઘાણી, સ્વ. જયશ્રીબેન જયંતિલાલ વર્મા, ડૉ. સરલાબેન મનહરલાલ નંદાણી, નલિનીબેન (મીરા) વિનોદરાય સાદરાણીના ભાભીશ્રી તે સ્વ. વ્રજકુંવરબેન અને સ્વ. છગનલાલ મંગળજી કારિયાના સુપુત્રી. તે સ્વ. ભગુભાઈ, મનુભાઈ, ડૉ. વિનોદભાઈ, સ્વ. કાંતાબેન અઢિયા, ગીતાબેન તથા આશાબેનના બહેન. મેંગલોર મુકામે તા. ૧૦.૦૪.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

શ્રીમતી ગુણવંતીબેન (ઉં.વ. ૯૩) તે સ્વ. જયંતીલાલ સોમૈયાના ધર્મપત્ની સોમવાર, તા. ૧૫-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.મણીબેન અને હરિદાસ રાયચુરાના પુત્રી. સ્વ. ત્રિભોવનદાસ દામજી સોમૈયાના પુત્રવધૂ. સ્વ. રોહિતભાઈ, સ્વ. પલ્લવીબેન, કિરીટભાઈ સોમૈયા, ધવલભાઈના માતુશ્રી. મેઘાબેન, હર્ષાબેનના સાસુ. નીલ, જાહ્નવીના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા લાડ વણિક**

ખંભાત નિવાસી હાલ મુંબઈ શ્રીમતી હર્ષાબેન ઝવેરી (ઉં.વ. ૬૬) તે રાજુભાઈ ઝવેરીના ધર્મપત્ની. બીજલ, જયના માતુશ્રી. અર્જુન, રોશનીના સાસુ. રીવા, ક્રિશીવના દાદી. ભારતીબેન, છાયાબેનના ભાભી. વર્ષાબેન, રાજેશભાઈ દાણીના બેન સોમવાર, તા. ૧૫-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૪ના ૫ થી ૭. સ્થળ: ફેલોશિપ ઓફ ફીઝિકલી હેન્ડીકેપ્ડ, એફ. પી. એચ. બિલ્ડીંગ, લાલા લજપત માર્ગ, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૩૪.

**હાલાઈ લોહાણા**

પૂનમ (ઉં. વ. ૧૮) હાલ મલાડ તે શીલા સંજય માનસત્તાની દીકરી. તે ભારતી દેવેન્દ્રભાઈ માનસત્તાની પૌત્રી. તે પૂજા મનહરભાઈ માનસત્તાની ભત્રીજી. તે આરતી અને ક્રિશીની બેન. તે પ્રવીનાબેન હરિભાઈ લાલની દોહિત્રી તા. ૧૪/૦૪/૨૪ને રવિવારે અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮.૦૪.૨૪ના ગુરુવારે ૧૦ થી ૧૨, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મિલાપ સિનેમાની બાજુમાં, એસ વી રોડ, કાંદિવલી પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જોડિયા નિવાસી, હાલ દહિસર ગં.સ્વ. ભારતીબેન જમનાદાસ ગણાત્રા (ઉં. વ. ૭૬) તે અશ્વિન, ફાલ્ગુની શાહ તથા વૈશાલી ભીમાણીના માતુશ્રી. સ્વ. પુષ્પાબેન નરોત્તમદાસ માધવજી મહેતાના દીકરી. અ. સૌ. નયન, આશિષકુમાર તથા મિતેશકુમારના સાસુ. વિપુલ મેહતા, કિશોરીબેન લાખાણી, કિરણબેન મિસ્ત્રી, સરોજબેન મજીઠીયા તથા રક્ષાબેન રાયઠઠ્ઠાના મોટાબેન. મંજુલાબેન કોટક, રમાબેન કક્કડ, તરલાબેન માણેકના ભાભી ૧૫/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૮/૪/૨૪ના ૧૦.૩૦ થી ૧૨.૦૦. લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ ફરાદીના હાલે ભાઈંદર સ્વ. મણિશંકર તુલસીદાસ પેથાણીના પુત્રવધૂ. ગં. સ્વ. જાનકીબેન જયંતીલાલ (ઉં. વ. ૬૭) તા.૧૪/૪/૨૦૨૪ રવિવારના રામશરણ પામેલ છે. સ્વ.શામાબાઈ ભાણજી મોતા ગુંદિયાળીના પુત્રી. તે સ્વ.કેશવજી તુલસીદાસ પેથાણી, સ્વ.મુરજીભાઈ તુલસીદાસ પેથાણી, રમણીકભાઈ દયારામના ભત્રીજાવહુ. તે કાંતિલાલ અને સ્વ.નરેન્દ્રભાઈના ભાભી. નિલેશ, દિપક, દીપ્તિ, મનીષાના માતૃશ્રી. નીતાબેન, નિરાલીબેનના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દમણીયા દરજી**

મુંબઈ નિવાસી શ્રી રમેશભાઈ દમણીયા (ઉં. વ. ૭૯) તે શુક્રવાર તા. ૧૨.૦૪.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ, તેઓ સ્વ.જશવંતીબેન અને સ્વ. નરોત્તમદાસના પુત્ર, મેઘના મહેતાના પિતા, નંદીપના સસરા, પાર્થ અને ત્રિશાના નાના તે સ્વ. વિરેન્દ્ર, જ્યોતીન્દ્ર, અરુણા, અંજના, ચંદ્રાના ભાઈ. પ્રાર્થનાસભા રવિવાર તા.૨૧.૦૪.૨૪ ૫ થી ૭. વનિતા વિશ્રામ સ્કૂલ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪૦૦૦૦૪.

**હાલાઈ લોહાણા**

કુમારી હેમાલી પ્રવિણચંદ્ર ઠક્કર, મૂળ ગામ પોરબંદર, હાલ દાદર, (ઉં. વ. ૪૮) તે સ્વ.કોકિલાબેન પ્રવિણચંદ્ર ઠક્કરની સુપુત્રી. નયના મયુર જોબનપુત્રા, અલકા ખુશવંત હુંજનની મોટીબેન, મન, અનમોલ, લતીકાની માસી. તા. ૧૪-૦૪-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

રાજકોટનિવાસી હાલ માટુંગા સ્વ. પરમાનંદ હિંમતલાલ વોરાના ધર્મપત્ની કંચનબેન (ઉં. વ. ૯૬) મંગળવાર, ૧૬-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે હરજીવનદાસ પારેખના દીકરી. પ્રિયવંદા હસમુખભાઈ વણી, ભારતીબેન મુકેશભાઈ શેઠ, કિરણબેન મુકેશભાઈ શાહ, વંદના અશોકભાઈ શાહ, દિપક અને અનીષના માતુશ્રી. તે આશાબેન તથા મીતાબેનના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રાનિવાસી હાલ મલાડ શશીકાંત ભોગીલાલ પારેખના પત્ની અ. સૌ. સુશીલાબેન (ઉં. વ. ૭૫) ૧૪-૪-૨૪, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે વિશાલ, ડૉ. નમીતા (મીતા)ના માતુશ્રી. તે અ. સૌ. પૂજાના સાસુ. તે સરજુબેન વિજયભાઈ પટેલના વેવાણ. તે સ્વ. ગુણવંતરાય, ચંદ્રકાંત, અનંતરાય તથા જસવંતીબેનના ભાભી. તે શાંતાબેન ઠાકરસી મહેતાના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૮-૪-૨૪ના ૫.૩૦ થી ૭. ઠે. ઠઠ્ઠાઈ ભાટીયા વાડી, હોલ નં. ૫, શંકર લેન, કાંદીવલી (વેસ્ટ).

**કપોળ**

લંગાળાવાળા (હાલ કાંદીવલી) ગં. સ્વ. પ્રભાવતીબેન હરકીશનદાસ પરષોતમદાસ મોદી (ઉં. વ. ૮૩) ૧૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હરેશ, પરેશ, જયેશ, વર્ષા, સ્વ. હર્ષા, કુસુમ (કવિતા), ક્રિષ્નાના માતુશ્રી. તે વિણા, રશ્મી, તેજલ, સ્વ. અશ્વિનકુમાર, વિજયકુમાર, નિતીનકુમાર, જતીનકુમારનાં સાસુ. તે સ્વ. લાભુબેન વેણીલાલ મહેતા, સ્વ. ચંપાબેન હરજીવનદાસ મોદી, સ્વ. નવીનભાઈ, વસંતભાઈનાં ભાભી. તે ભાડવાકીંયાવાળા સ્વ. નરોતમદાસ વનમાળીદાસ મોદીનાં દીકરી. તે રોનક, મિત્તલ, પાર્થ, રીમા, ધીર, હર્ષ, કુશલ, સ્મીત, કીસાનનાં દાદીની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૮-૪-૨૪નાં ૪ થી ૬. પ્રાર્થના સ્થળ: હાલાઈ લોહાણા બાળાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ રોડ, કાંદીવલી (વે.).

**લુહાર સુતાર જ્ઞાતિ સમાજ**

ભદ્રાવળવાળા સ્વ. રણછોડભાઈ અરજણભાઈ ચૌહાણના પુત્ર હાલ નાલાસોપારા નિરંજનભાઈ રણછોડભાઈ ચૌહાણ (ઉં. વ. ૭૭) ૧૫-૪-૨૪ના શ્રી રામશરણ પામેલ છે. તે પ્રભાબહેનના પતિ. આશિષ, બિંદલ ગૌરાંગ ચિત્રોડાના પિતાશ્રી. તે સ્વ. મગનભાઈ, સ્વ. નારાયણભાઈ, સ્વ. કમળાબેન મોહનભાઈ મિસ્ત્રી. નિર્મળાબહેન મનુભાઈ મિસ્ત્રી, પ્રવીણભાઈના ભાઈ. તે શાંતિભાઈ વસ્તાભાઈ ચિત્રોડાના વેવાઈ. નાગજીભાઈ દેવશીભાઈ મકવાણાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૮-૪-૨૪ના ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં.-૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી (પૂર્વ).

# પારસી મરણ

રોશન જાલ દેબુ તે જાલ પી. દેબુના ધનીયાની, તે મરહુમો પીરોજા તથા ભીમજીભાઈ જસાવાલાના દીકરી. તે સોલી તથા મરહુમ તેહેમી, શીરીન, પેરીન ને હોશીના બહેન. તે ફ્રેની જસાવાલાના નરન. તે હોસેન, પરીચેર ને કૈઝાદના ફઈ. તે આબાન, પોરૂશ, નાઝનીન, મરઝી ને ખુશનુરના માસી (ઉં. વ. ૭૬) રે.ઠે. ૧૫/૨૭, ૧/સી, ફલેટ નં. ૭, દમનીયા એન્કલેવ, આઈસ ફેકટરીની સામે, ખરીવાડ, દમણ-૩૯૬૨૧૦. ઉઠમણાંની ક્રિયા તા. ૧૭-૪-૨૪ના રોજ બપોરે ૩.૪૦ ભાભા બંગલી નં. ૨, ડુંગરવાડી, મુંબઈ.

રૂસી દીનશાજી કેરાવાલા તે મરહુમ જાલના ખાવિંદ. તે મરહુમો દોલત તથા દિનશાજીના દિકરો. તે અનાહીતા, મેહેરનોશ, ફરાઝ ને હોશનુવરના બાવાજી. તે રશીદ ને સાયરસના સસરા. તે રેહાન, રોઝેના, ઝેન ને નેવીલના મમાવાજી. તે મરહુમ ખોરશેદ ને કાવસ માસ્ટરના જમાઈ. (ઉં.વ. ૯૫). રહેવાનું ઠેકાણું: પ્લોટ નં. ૬૦૭એ, દોલત મંઝીલ, ત્રીજો માળ, ડોકટર આંબેડકર રોડ, પારસી કોલોની, દાદર, મું.૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા તા. ૧૭-૪-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે રૂસ્તમ ફરામના અગિયારી, દાદર.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સરસઈ નિવાસી હાલ નાસિક ગં. સ્વ. ઝબકબેન જગજીવનદાસ ગોડાના પુત્ર વિનોદભાઈ (નાનુભાઈ) (ઉં.વ. ૭૩) તે તા. ૧૪-૪-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે વાસંતીબેનના પતિ. આસ્મિત, બીજલના પિતા. અ. સૌ. ગાયત્રી (પાલકર), રવિકુમાર મોદીના સસરા. સ્વ. મનમોહનભાઈ ગોવિંદભાઈ શાહ (માંગરોળ)ના જમાઈ. સ્વ. મહેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. જયેન્દ્રભાઈ, લલિતભાઈ, રાજેન્દ્રભાઈ, મંજુલાબેન વિનોદરાય મહેતા, મંગળાબેન શરદભાઈ દોશી, ચંદ્રિકાબેન પ્રફુલ્લભાઈ ગાંધી, નીતાબેન રાજેન્દ્રભાઈ શાહના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ કકરવાના હાલે મુલુન્ડ સ્વ. ચંદ્રકાન્ત કારીઆ (ઉં.વ. ૬૪) તા. ૧૨-૪-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. પૂંજીબેન ભુરાલાલ કોરશી કારીઆના પુત્ર. તારાના પતિ. વેલજી, શીવજી, જયંવતીના ભાઈ. નિર્મળા, હંસાના દિયર. સુવઈના ગં. સ્વ. રમાબેન શામજી હિરજી સાવલાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૪, બુધવારના યોગી સભાગૃહ, ટાઈમ ૩ થી ૪.૩૦.

**સોરઠ શ્રીમાળી જૈન**

માણાવદર નિવાસી, હાલ બોરીવલી સ્વ.કલાવંતી ચંદુલાલ દોશીના સુપુત્ર નરેન્દ્રભાઈ (ઉં. વ. ૭૦) તા. ૧૫.૦૪.૨૪ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. લેરિયા નિવાસી સ્વ.ભાનુબેન રતિલાલ શેઠના જમાઈ. નેહા પ્રતીક શાહ અને કિંજલ મિલિન કોરડીયાના પિતાશ્રી. જીતુભાઈ, હર્ષદભાઈ, પ્રફુલાબેન દલસુખરાય શાહ, ભાવનાબેન કમલેશભાઈ શાહ, રેખાબેન રાજેશકુમાર મહેતાના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. : એ -૧૦, ૩જે માળે, કવિતા દર્શન, નાટકવાળા લેન, મેઘદૂત બિલ્ડિંગની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજા હાલે સુરતના પૂ. પ્રવિણા મૈયા સાવલા (શાહ) (ઉં. વ. ૬૪) તા. ૧૩-૪-૨૪ના સ્વધામ થયા છે. પૂ. લક્ષ્મીચંદ બાપુના ધર્મપત્ની. કેશવજી ઉકેડા સાવલાના પુત્રવધૂ. મોતાના રણછોડભાઇ ભુલાભાઇ પટેલના સુપુત્રી. ધર્મિષ્ઠા, શ્રી યોગેશ્વરબાપુના માતુશ્રી. મોતાના મહેન્દ્રભાઇ વિજયભાઇ, પુનાના નીલા ઠાકોરભાઇના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. યોગેશ્વર લક્ષ્મીચંદ સાવલા (શાહ), શ્રી શિવશક્તિ અલખ ધામ મંદિર, મુ.પો. ગંગાધરા ચાર રસ્તા, સુરત, બારડોલી, તા. પલસાણા, જિ. સુરત.

બિદડા (વિ.ફ.)ના જવેરબેન હંસરાજ હીરજી વોરા (ઉં. વ. ૮૧) તા. ૧૫-૪-૨૪ના અવસાન પામેલ છે. હાંસબાઇ/દેવકાંબેન હીરજી આસગના પુત્રવધૂ. સ્વ. હંસરાજના પત્ની. દિપા, દિપ્તી દિલેશ, દિપેનના માતુશ્રી. ના. આસંબીયા દેવકાબેન રવજી ડુંગરશીના સુપુત્રી. મમીબેન રતનશીના નણંદ. રતનબેન ગાંગજી, રાજબાઇ નાંગશી, મણીબેન પ્રેમજી, રૂક્ષ્મણી ગાંગજી, પ્રભાબેન કાનજી, લીલાવંતી પ્રેમજી, તુંબડીના ઇંદુમતી જેઠાલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિપેન વોરા, બી-૫, અક્ષરધામ, નારાયણનગર, ઘાટકોપર (વે.).

ગોધરા (લાતુર) હાલે પુનાના ચુનીલાલ ધારશી નાગજી સાલિયા (ઉં. વ. ૮૨) તા.૧૪-૪-૨૦૨૪ના અવસાન પામેલ છે. કુંવરબાઈ ધારશીના સુપુત્ર. લીલાવંતીના પતિ. વિમલ, કપિલના પિતાશ્રી. હેમલતા, ચંદ્રકાંત, ચંદન, ધનવંતી, હરખચંદ, હર્ષદ, બિપીનના ભાઈ. નાના ભાડીયા જેશંગ ખીમજી રાંભીયાના જમાઈ. પ્રા.રામજી અંદરજીની વાડી - રામવાડી માટુંગા (સે.રે.), ટા. ૪. થી ૫.૩૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર લીલાવંતીબેન પુરુષોત્તમદાસ દિપચંદ ધ્રુવના સુપુત્ર મધુકર (ઉં. વ. ૭૪) તા. ૧૪-૦૪-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે વિલાસબેનના પતિ. મૌલીક, પ્રાચી પ્રણકુમારના પિતાશ્રી. દૈવિકના નાના. સ્વ.સુરેશભાઈ, સ્વ.શશીકાન્તભાઈ, હર્ષદભાઈ, સ્વ. દિનપ્રભાબેન ધીરજલાલ પટેલ, વસંતબેન રસીકભાઈ વોરા, અરૂણાબેન જયંતીલાલ વોરા તથા જયશ્રીબેન ગિરીશકુમારના ભાઈ. અમરેલી નિવાસી બિપીનભાઈ ત્રંબકલાલ મહેતાના જમાઈ. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ-૨, જીનેશ્વર દર્શન, નવરોજી લેન, પરમ કેશવબાગની બાજુમાં, ઘાટકોપર-વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટનિવાસી ભરતભાઈ રતિલાલ પારેખ (હાલ બેંગ્લોર)નાં ધર્મપત્ની તેમજ ચેન્નાઈનિવાસી લીલાવતી ભાણજી ભગવાનદાસ પારેખનાં પુત્રી તથા કિશોર અને પ્રવીણના ભાભી. તેમજ જયેશ-નીતા, મીતા-હરેશ દફતરી, સીમા- જયકાંત પારેખના માતુશ્રી નીલાબહેન (ઉં. વ. ૯૪) ૧૫ એપ્રિલ-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શાહ જસવંતીબેન જમનાદાસ હીરાચંદ (કામરોળવાળા)ની પુત્રી બીનાબેન (બેબીબેન) જમનાદાસ શાહ (ઉં. વ. ૬૦) ૧૪-૪-૨૪ના મહુવા મુકામે અરિહંતશરણ પામેલ છે. તે ભરતભાઈ, દીનેશભાઈ, મહેશભાઈ, ચેતનભાઈ, પ્રવિનાબેન હર્ષદરાય, કલ્પનાબેન હરેશકુમાર, હર્ષાબેન રાકેશકુમારના બેન. ગુણવંતીબેન, મીનાક્ષીબેન, મિતાબેન, બિનલબેનના નણંદ. અજીતકુમાર જગજીવનદાસ પાલીતાણાવાળા મુલુંડના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ઈન્ટરવલ

# યુદ્ધના ભણકારા સાથે જ સોનું કેમ સળગે છે?



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

ભારતમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે એવા સમયમાં સોનામાં આગઝરતી તેજીનો માહોલ સર્જાયો છે. માગ વધવાને કારણે કોઇપણ ચીજવસ્તુઓના ભાવ વધે એ સ્વાભાવિક છે, પરંતુ આ વખતે ભાવ ઉછાળાનું કારણ અલગ છે!

સોનામાં એકાએક ભાવ ઉછાળો કેમ આવ્યો એવા સવાલનો એક જવાબ મળે છે, યુદ્ધના મંડાણ! સોનાની માગ વધવાને કારણે જ તેના ભાવમાં વધારો થઇ રહ્યો છે એ ખરું, પરંતુ માગ વધવાનું કારણ છે યુદ્ધ!

ઈઝરાયલ પર ઈરાને કરેલા મિસાઈલ હુમલાથી મોટા યુદ્ધના પડઘમ વાગવા માંડ્યા છે ત્યારથી સોનાના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી છે. અલબત્ત તેના ભાવમાં રોજિંદી વધઘટ થતી રહે છે, પરંતુ એકંદરે યુદ્ધકાળમાં સોનાના ભાવમાં સતત વધારો થતો રહે છે.

વિશ્વમાં હાલમાં રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે, એમ બે જગ્યાએ યુદ્ધ અગાઉ જ ચાલી રહ્યું છે. આ ઓછું હોય તેમ હવે ઇરાન અને ઇઝરાયલ વચ્ચે ભીષણ યુદ્ધની આશંકા જાગી છે. બંને બળુકા રાષ્ટ્ર હોવાથી યુદ્ધ લાંબું ચાલે એવી પણ આશંકા છે.

આ યુદ્ધો દ્વારા સર્જાયેલી ભૂરાજકીય તંગદિલીને કારણે, સોના અને ચાંદીના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી છે. ઈરાન દ્વારા ઈઝરાયલ પર મિસાઈલ હુમલાના કારણે જાણે બળતામાં ઘી હોમાયું છે અને સોનું વધુ મોંઘું થઇ રહ્યું છે.

ઇઝરાયલના મિલિટરી ચીફે એવું કથન કર્યું છે કે તે ઇરાનના હુમલાનો જડબાતોડ જવાબ આપશે. તેમણે આ માટેના સમય કે સ્થળ કે પ્રકારનો ઉલ્લેખ નથી કર્યો, પરંતુ ઇઝરાયલ કોઇ શત્રુને બક્ષતું નથી, એ સૌ જાણે છે! ઇઝરાયલનો પ્રત્યુત્તર જ્યારે આવશે ત્યારે સોનાના ભાવમાં ફરી ભડકો મેલાશે એ નક્કી જ છે!

આપણે અહીં સોનાના ભાવતાલ કે ઊચ્ચતમ કે નીચી સપાટીની ચર્ચા નથી કરવી કે સોનાના ભાવના આગામી ટ્રેન્ડ વિશે પણ વાત નથી કરવી. આપણે ફક્ત એ જાણવાનો પ્રયાસ કરીએ કે યુદ્ધનું નામ પડતાં જ સોનાના ભાવ આસમાન તરફ કેમ આગળ વધવા માંડે છે.

સોનાના ભાવમાં ઉછાળા માટે અન્ય પરિબળો પણ ભૂમિકા ભજવે છે પરંતુ આપણે યુદ્ધ એટલે કે જંગની જ વાત કરવી છે. યુદ્ધ કે મંદી જેવી સ્થિતિમાં સોનાચાંદીના ભાવમાં અનિવાર્યપણે ઉછાળો જોવા મળે છે. પાછલાં વર્ષોમાં યુદ્ધો અને મંદી દરમિયાન સોના અને ચાંદીનું વલણ જોઇએ તો આ વાત વધુ સ્પષ્ટ બને છે. આ માટેનું એક મહત્ત્વનું કારણ એ છે કે સોના અને ચાંદીને પરાપૂર્વથી અત્યંત સલામત રોકાણ ગણવામાં આવે છે. કોઈપણ યુદ્ધ ભૌગોલિક રાજકીય સમીકરણોને બગાડી શકે છે. યુદ્ધ વૈશ્વિક પુરવઠા વ્યવસ્થાને વિક્ષેપિત કરી શકે છે, ફુગાવો વધારી શકે છે અને નાણાકીય સાધનોમાં લોકોનો વિશ્વાસ ઘટાડી શકે છે.



આવી સ્થિતિમાં, ઘણા લોકો અને ખુદ સરકારો પણ તેમના પોર્ટફોલિયોમાં સોનામાં વધારો કરે છે. હવે બદલાયેલા જમાનામાં પહેલા જેવા યુદ્ધ નથી થતાં પરંતુ જ્યાં મિસાઇલો પડે કે બોમ્બમારો થાય છે એ વિસ્તારોમાં ભયાનક ખુંવારી જોવા મળે છે. એવી પરિસ્થિતિમાં ત્યાંના નાગરિકોએ પલાયન કરવું પડે છે અને એવા સમયે સોનાથી વધુ સરળ કરન્સી કોઇ હોતી નથી, જે તમને અડધી રાતે પણ કામ આવે છે.

સોનામાં રોકાણનો બીજો લાભ એ પણ ખરો કે, સોનાની માગ વધે તેમ ભાવ વધે છે અને યુદ્ધમાં સોનાની માગ વધતી જ રહે છે. પાછલાં વર્ષોનાં પાનાં ફેરવીએ તો જાણવા મળે છે કે, યુદ્ધ દરમિયાન સોનાના ભાવમાં હંમેશા વધારો જોવા મળ્યો છે.

તાજેતરના કેટલાક યુદ્ધની વાત કરીએ તો, વર્ષ ૧૯૯૦-૯૧ દરમિયાન ગલ્ફ વોર (અખાતી યુદ્ધ) દરમિયાન સોનાના ભાવમાં ઉછાળો આવ્યો હતો, અલબત્ત તે ટૂંકા ગાળાનો હતો. એ જ રીતે વર્ષ ૨૦૦૩માં ઇરાક યુદ્ધ દરમિયાન સોનાના ભાવમાં વધારો થયો હતો. રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન પણ સોનું વધ્યું હતું.

એક વાતની નોંધ લેવી કે અહીં ટાંકવામાં આવેલા ભાવ એક જનરલ ટ્રેન્ડને આધારે મૂક્યા છે, વાસ્તવિક ભાવ તેની આસપાસના હોઇ (જુઓ પાનું ૬) ▶▶



પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ઈઝરાયલ સંયમ નહીં રાખે તો મિડલઈસ્ટની કટોકટી ઘેરી બનશે

ઈરાને સીરિયાના દમાસ્કસમાં તેના રાજદુતાલય પર ઈઝરાયલે કરેલા હવાઈ હુમલાનો બદલો લેવા આ હુમલો કર્યો છે. એ હુમલામાં ઈરાનના ત્રણ ટોચના કમાન્ડર અને ચાર અધિકારી માર્યા ગયા હતા. આ હુમલાથી હચમચી ગયેલા ઈરાને તેની શાખ બચાવવા કહ્યું હતું કે હવે એ વેરની વસૂલાત કરાશે. એ પછી ઈરાને ૧૭૦ ડ્રોન, ૩૦ થી વધુ ક્રૂઝ મિસાઈલ અને ૧૨૦ થી વધુ બેલેસ્ટિક મિસાઈલ ઈઝરાયલ તરફ પ્રક્ષેપિત કરી હતી. જો કે ઈઝરાયલે તેના સાથી દેશો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને જોર્ડનની મદદથી આમાંના ૯૯ ટકા ડ્રોન અને મિસાઈલને આંતરી લીધા.એ હુમલામાં નેવાટિમ એરબેઝને નજીવું નુકસાન થયું.

ઈરાને તો એવો પણ દાવો કર્યો હતો કે હુમલા પહેલાં અમેરિકા અને બીજા પડોશી દેશોને સાબદા કરવામાં આવ્યા હતા. ઈરાનનો ઈરાદો ઈઝરાયલમાં મોટી ખુવારી કરવાનો નહોતો. ઈરાને દાખવી દીધું છેકે તે લક્ષ્મણરેખા ઓળંગવા તૈયાર છે.. ઈરાને એ પણ દાખવ્યું છે કે જો ઈઝરાયલ પ્રતિ હુમલો કરશે તો સીધી અથડામણને ભીષણ બનાવવા તે તૈયાર છે. ઈરાને જાહેરાત કરી છે કે તેનો બદલો પૂરો થઈ ગયો છે અને ઈઝરાયલ જવાબી કાર્યવાહી નહીં કરે તો અથડામણ પૂરી થઈ જશે.

બીજી તરફ, ઈરાનના બદલાને લીધે સત્તા બચાવવા સંઘર્ષ કરી રહેલા વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને મોટો ફાયદો એ થયો છે કે એમને સત્તાનું જીવનદાન મળી શકે. હમાસના આતંકવાદી હુમલાના જવાબમાં ઈઝરાયલે ગાઝા પટ્ટી પર કરેલા ક્રૂર હુમલાથી વિશ્વભરમાં ઈઝરાયલની ઘણી બદનામી થઈ હતી. ઈઝરાયલના આ અવિચારી હુમલાથી ગાઝાના ૨૩ લાખ વસતિના ૯૦ ટકા લોકો વિસ્થાપિત થઈ ગયા. એ હુમલામાં ૩૩,૦૦૦ પેલેસ્ટાઈનવાસી માર્યા ગયા, જેમાં મોટા ભાગની મહિલા અને બાળકો છે.

ઈઝરાયલે તેના ઓપરેશનને ગાઝા સુધી સીમિત રાખ્યું નહોતું. તેણે સીરિયા, લેબેનોન પર પણ હુમલા કરીને ઈરાનને લક્ષ્ય બનાવ્યું હતું. હમાસે સાત ઓક્ટોબર, ૨૦૨૩એ ઈઝરાયલ પર આતંકવાદી હુમલો કર્યો ત્યાર બાદ હમાસ અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ ચાલુ જ છે એટલું જ નહીં, એ હવે ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના પ્રાદેશિક જંગમાં ફેરવાઈ ગયું છે. ૨૦૦૩માં અમેરિકાએ ઈરાક પર આક્રમણ કર્યું ત્યારબાદ મિડલ ઈસ્ટની પિરિસ્થિતિ ફરી સ્ફોટક બની ગઈ છે.

ઈરાને તો ઈઝરાયલ પર સીધો હુમલો કરીને બોલ ઈઝરાયલની કોટમાં નાખી દીધો છે. (જુઓ પાનું ૬) ▶▶

ગુજરાત ડાયરી મનોજ મ. શુકલ
feedback@bombaysamachar.com

## ઘોઘા-પીપાવાવ-મુંબઈ જળમાર્ગ ફેરી સર્વિસઃએક નવી સુવિધા



ભૌગોલિક રીતે ગુજરાતના એક ખૂણે રહેલા ભાવનગર જિલ્લાના ઘોઘાથી સુરતના હજીરા વચ્ચે હાલ રો-પેક્સ ફેરી સર્વિસનું સંચાલન દૈનિક ધોરણે સફળતાપૂર્વક થઈ રહ્યું છે. હવે સારા સમાચાર એવા આવ્યાં છે કે કેન્દ્ર સરકારનાં સાગરમાળા પ્રોજેક્ટ હેઠળ ઘોઘા-પીપાવાવ-મુંબઈ વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવા માટે પ્રયાસો હાથ ધરાયા છે અને એ માટે જરૂરી સવલતો અંગેનો પ્રાથમિક સર્વે પણ પીપાવાવ બંદર ખાતે કરી લેવાયો છે. ઘોઘા અને મુંબઈ ખાતે તો આ ફેરી શરૂ કરવા અંગેની તમામ સવલતો ઉપલબ્ધ છે જ. આ ફેરી સર્વિસ શરૂ થાય તો વેપારીઓ અને જનતાને એક સરખો ફાયદો થાય તેમ છે.કારણ કે પીપાવાવ મુંબઈ વચ્ચે સડક માર્ગનું અંતર ૫૩૭ કિલોમીટર છે અને આ અંતર કાપતા ૧૪ કલાક જેટલો સમય લાગે છે જ્યારે પીપાવાવ-મુંબઈ વચ્ચેના જળમાર્ગનું અંતર માત્ર ૧૫૨ નોટિકલ માઈલ છે. જે અંતર શિપ દ્વારા માત્ર ૭ કલાકમાં કાપી શકાય. એટલે એનો અર્થ એ થાય કે આ ફેરી સર્વિસથી સમય અને ઈંધણની અડધોઅડધ બચત થાય તેમ છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે પીપાવાવ બંદર ખાતે થોડું સરસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી લેવામાં આવે તો ઘોઘા -પીપાવાવ-મુંબઈ ફેરી સર્વિસ નજીકનાં ભવિષ્યમાં જ શરૂ કરી શકાય તેવી સ્થિતિ છે. જોઈએ હવે ભાવનગરનાં ભાગ્ય ઉઘડે છે કે નહીં? બાકી આવા વિકાસલક્ષી પ્રોજેક્ટને કાર્યાન્વિત કરાવવા માટે તો ભાવનગરના રાજકીય નેતાઓએ પણ જાગૃતિ દાખવવી પડે હોં!

## યુવાનોની વાહનવ્યવહાર અંગેની ગેરશિસ્ત ચરમસીમા પર પહોંચી છે




અહીં ઉપર જે તસવીર છે એ ગુજરાતના યુવાનો દ્વારા ચલાવવામાં આવતા બાઇક અને સ્કૂટરની છે.જેમાં કાં તો નંબર પ્લેટની જગ્યાએ કશુંક લખાણ લખવામાં આવ્યું છે અથવા તો નંબર પ્લેટ સાથે ચેડા કરવામાં આવ્યા છે. અહીં મુકેલી તસ્વીરમાં જે આઠ વાહનો દેખાય છે તે આ વાતનો પુરાવો છે. આ વાહનોમાં અનુક્રમે (૧):- સુરાપુરાધામ-ભોળાદ (૨):- જય માતાજી (૩):- રાષ્ટ્ર સર્વોપરી/ભારત માતા કી જય(૪):- નંબર પ્લેટમાં માત્ર એક જ આંકડો રખાયો છે (૫):- જય માતાજી (૬):- નંબર પ્લેટમાં માત્ર બે આંકડા જ રાખ્યા છે અને (૭):- નંબર પ્લેટ વાળીને બે આંકડા ન દેખાય એવી કરી નાખી છે. આ બધું છડેચોક થાય છે પરંતુ કોણ જાણે કેમ કાં તો પોલીસ ખાતા કે વાહનવ્યવહાર ખાતાનું એ તરફ ધ્યાન નથી જતું અથવા બન્ને સરકારી વિભાગો એ તરફ 'આંખ આડા કાન કરે છે.' આમાં દોષ યુવાનોનાં માતા-પિતા કે વડીલોનો પણ ગણાય. કારણ કે તેઓ આવું કરતા યુવાનોને ટોકતા નથી કે અટકાવતા નથી. સરકારી વિભાગો અને વાલીઓએ આ અંગે જાગૃતિ કેળવે એ અનિવાર્ય જરૂરિયાત છે હોં!

## રૂપાલા સામે ક્ષત્રિય સમાજ કેવો કાળઝાળ છે તેનો પુરાવો આર્મી જવાનનો વિડિયો આપે છે.



પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય રાજા - મહારાજાઓ સામે જે શબ્દો ઉચ્ચાર્યા એ રાજપૂતોને કેવા વાગ્યા છે તેનો હાજરાહજૂર પુરાવો આ લેખની સાથે મુકાયેલી તસ્વીરમાં દેખાતો ક્ષત્રિય યુવાન છે. જાડેજા અટક ધરાવતો આ યુવાન ભારતીય લશ્કરનો સૈનિક હોવાનું કહેવાયું છે. આ યુવાને પોતાના યુનિફોર્મમાં એક વીડિયો ઉતારીને લોકો વચ્ચે મુક્યો છે જેમાં પુરુષોત્તમ રૂપાલાને સીધું સંબોધન કરીને બધું બોલાયું છે અને તેમાં રૂપાલાને કેટલીક ધમકીઓ આપવામાં આવી છે અને તેનાં અનુસંધાને પોતાની આર્મીની નોકરી છોડવાની, વીસ વર્ષ જેલમાં જવાની તૈયારી પણ છે એવું કહેવામાં આવ્યું છે. આ વિડિયોમા બોલાયેલી વિગતોમાં સત્ય કેટલું છે એ તપાસનો વિષય હોઈ શકે પણ રુપાલાના વિધાનો પરત્વે ક્ષત્રિયોમાં ઉકળાટ કેટલો બધો છે એ તો આ વિડિયોમા પ્રતિબિંબિત થાય જ છે હોં!

## પુરુષોત્તમ રૂપાલાની રાજકોટ લોકસભાની બેઠક માટેની ઉમેદવારીનુ શું થશે?



પુરુષોત્તમ રૂપાલા | મોહનભાઈ કુંડારીયા

ગત તા.૧૪મી એપ્રિલે રાજકોટ જિલ્લાનાં રતનપર ખાતે યોજાયેલા ગરિમાપૂર્ણ ક્ષત્રિય સંમેલનમાં હાજરી આપવા આખા ગુજરાતમાંથી ઊમટી પડેલા રાજપૂતોના ભવ્ય માનવ મહેરામણ પછી સમગ્ર ગુજરાતમાં એક જ પ્રશ્ન પુછાઈ રહ્યો છે કે રૂપાલાની રાજકોટ લોકસભાની બેઠક માટેની ઉમેદવારીનું શું થશે?આ અંગે મોંઢા એટલી વાતો અને અફવાઓ વહેતી રહે છે. આ અંગે બે વાત બહુ સૂચક છે અને તે વાત એ છે કે (૧):- રાજકોટના પૂર્વ સાંસદ મોહનભાઈ કલ્યાણજીભાઇ કુંડારીયાને પક્ષ તરફથી એવી સૂચના આપવામાં આવી છે કે તેઓએ રાજકોટની લોકસભાની બેઠકના પ્રચાર દરમિયાન સતત પુરુષોત્તમ રૂપાલાની સાથે રહેવું અને (૨):- રૂપાલા જ્યારે ઉમેદવાર તરીકે ફોર્મ ભરવા જાય ત્યારે સાથે જવું અને ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરવું. આ સૂચવે છે કે રૂપાલા માટે ભા.જ.પ.એ પ્લાન-બી પણ સંભવતઃ ઘડી રાખ્યો છે.આનું કારણ એ છે કે રાજકોટ શહેર અને જિલ્લાના અનેક સક્રિય આગેવાનોને રાજકોટમાં રૂપાલાનો ઉમેદવાર તરીકેનો પ્રવેશ ગમ્યો નથી.

## ક્ષત્રિય સંમેલન પ્રસંગે ભા.જ.પ.એ ગોઠવેલું આયોજન સફળ ન થયું?



એક વાત તો સ્વીકારવી જ પડે કે પુરુષોત્તમ રૂપાલા વિરુદ્ધ રાજપૂત સમાજ દ્વારા રાજકોટના રતનપર ખાતે તા.૧૪મી એપ્રિલે યોજાયેલા ક્ષત્રિય સંમેલનને બેનમૂન સફળતા મળી છે અને એ સંમેલનમાં ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા વાણીમાં જે અદ્દભુત સંયમ રખાયો તથા ક્ષત્રિયોની લગભગ બે લાખની મેદની દ્વારા જે શિસ્ત રખાઈ તેની ચોમેર પ્રશંસા થઈ રહી છે. પણ એવું ચર્ચાય છે કે આ સંમેલનના સંદર્ભે ભા.જ.પ.એ જે બાજી ગોઠવી હતી તે કારગત નીવડી નથી. સૂત્રો દ્વારા વહેતી થયેલી વાત જો સાચી માનીએ તો આયોજન એવું હતું કે આ સંમેલન પ્રસંગે જૂનાગઢ જિલ્લાનાં ગધેથડના મહંત લાલ બાપુ,મહંત અચલદાસજી વગેરેની મધ્યસ્થીથી પુરુષોત્તમ રૂપાલા આ સંમેલનમાં જાય અને સમગ્ર ક્ષત્રિય સમાજની વધુ એકવાર માફી માગી લે અને સમાજ પણ ત્યાંને ત્યાં જ તેઓને માફ કરી દેવા અને 'ઘી ના ઠામમાં ઘી પડી જાય.' આ માટે સંતોએ પ્રયત્નો પણ કર્યા પરંતુ ક્ષત્રિય સમાજ આ અંગે 'નમતું જોખવા તૈયાર ન થતાં' આખું ઓપરેશન પડી ભાંગ્યું હતું! ■

સાયબર સાવધાની__પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## સામેથી બોલાવીને અજાણ્યો નોકરી આપે તો દોડી જવાય?

સાયબર વર્લ્ડની દુનિયામાં શું છે? છેક ૧૯૫૪ની ફિલ્મ 'આરપાર' માટે ગીતકાર મજરૂહ સુલીલપુરી, સંગીતકાર ઓ.પી. નૈયર એ ગાયિકા ગીતાદત્તના નીચે લખેલા શબ્દમાં 'પ્યાર'ને સ્થાને 'સાયબર વર્લ્ડ' મૂકી દો...

બાબુજી ધીરે ચલના,
પ્યાર મેં જરા સંભાલના
હાં બડે ધોખે હૈ,
બડે ધોખે હૈ ઈસ રાહમેં

અને આ ધોખા, ફરેબ, ઠગાઈ, છેતરપિંડી કે ફ્રોડની શરૂઆત મોટે ભાગે થાય છે ફોનથી. કળિયુગમાં સમય કેવો છે અને માણસો કેવી-કેવી નીચ હરકત કરે છે એ વર્ણવવાની જરૂર નથી. તો પછી કોઈ અજાણ્યા ફોન પર કેવી રીતે વિશ્વાસ મૂકી શકાયઃ પછી એ ભલેને એ નોકરી, પાર્ટ-ટાઈમ જોબ, ઈઝી મની કે પછી લાહોર આપવાની ઓફર કરતો હોય.

થોડા સમય અગાઉ ગુજરાતમાં એક જાણીતી સિમેન્ટ કંપનીને નામે ફોન આવે કે ભાઈ/બહેન, આપને અમારી કંપનીમાં નોકરી મળી ગઈ છે. આવીને એપોઈન્ટમેન્ટ લેટર લઈ જાઓ. અને ઉત્સાહી જીવો નોકરી ને નિમણૂક પત્ર લેવા દોડી જતા પહેલા વિચારતા સુધ્ધાં નથી કે આપણે નોકરી માટે અરજી કરી નથી કે કોઈ સામેથી બોલાવે એવા કોઈ તાતા તીર માર્યા નથી. તો નોકરી મળે કેવી રીતે! અને શા માટે?

જોશ અને ઉત્સાહમાં પહોંચી જાય તો કંપનીની ઓફિસની બહાર જ ટેબલ પર બેસેલ માણસો આવકારે. તરત જ અપોઈન્ટમેન્ટ લેટર આપી છે. કહેવાની જરૂર નથી કે એ લેટર એકદમ બનાવટી હોય. અને પછી? અમુક તમુક કારણોસર ગેરંટી કે ડિપોઝીટના નામે પૈસા પડાવે. અમુક વખાના માર્યા તો બિચારા ઉછીનાપાછીના કરીને કે જ્યાંથી મળે ત્યાંથી લાવીને ચાર-પાંચ લાખ નોકરી માટે જમા કરાવી દે. પછી શું થાય?

હકીકતમાં તો કંપનીએ નથી કોઈ નોકરીની ઓફર કરી કે નથી કોઈને આ કામ માટે ઓફિસની બહાર બેસાડ્યા. અલબત, કોઈકને જરા અમથી શંકા જાય તો કંપનીના રિસેપ્શન સુધી ગમે તેમ કરીને પહોંચીને આ ઠગ જાણો ત્યાંથી અપોઈન્ટમેન્ટ લેટર અપાવ્યો હોય એવો ડોળ પણ કરી બતાવે.

સાહેબ, આપણે જાણીએ છીએ કે ભલભલા હોશિયારો ડિગ્રીના ભૂંગળા લઈને 'નોકરી આપો, નોકરી આપો'ની ચીસાચીસ કરતા થાકી જાય તો આપણને કોઈ કેવી રીતે સામેથી નોકરી આપે?

થોડો તર્ક વાપરીએ અને બુદ્ધિનો ઉપયોગ કરીએ તો સાયબર ઠગોની જાળમાં ફસાતા ચોક્કસ બચી જવાય. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Rap | ભમરી |
| Rape | વીંટવું |
| Wrap | ટકોરો |
| Warp | બળાત્કાર |
| Wasp | દોરડું |

## ઓળખાણ રાખો



દક્ષિણના રાજ્ય તામિલનાડુમાં પુરુષ દ્વારા કમર નીચે પહેરવામાં આવતા આ વિશિષ્ટ પહેરવેશની ઓળખાણ પડી? એ સળંગ હોય છે અને કોઈ જગ્યાએ સિલાઈ નથી હોતી.

અ) મુકનાડુ  બ) વેષ્ટિ  ક) પલાઝો  ડ) નેરિયાતુ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | ૨ તિ | ૩ નિ | ધિ | ત્વ | | ૪ અ | ટ | ૫ ક | ળ |
| ૬ ચા | લ | વા | | | ૭ ઘ | રે | | ઢ | |
| ર | | ૮ ર | ણ | વા | ટ | | ૯ જ | મ | ૧૦ ના |
| ૧૧ ક | ૧૨ હે | ણ | | | ના | | વા | | માં |
| | ર | | | ૧૩ ચ | ક્ર | વ્યૂ | હ | | ક |
| ૧૪ એ | ત | ૧૫ બા | ર | | મ | | ૧૬ ર | ૧૭ ત | ન |
| ક | | ઢ | | ૧૮ આ | | ૧૯ ત | | સ્વી | |
| ૨૦ ત | સુ | | ૨૧ રો | જ | ૨૨ મે | ળ | | ૨૩ ર | ૨૪ સ |
| ર | | ૨૫ ઝાં | ઝ | | વા | | ૨૬ ઘા | | ખ |
| ૨૭ ફી | ફાં | ખાં | ડ | વાં | | ૨૮ વા | ત | ચી | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ | |
| ૭ | | | | | | | ૯ | | ૧૦ |
| | | | | ૧૧ | | | | | |
| ૧૨ | | ૧૩ | | | | | ૧૪ | | |
| ૧૫ | | | | | | ૧૬ | | | |
| | | ૧૭ | ૧૮ | | ૧૯ | | | | ૨૦ |
| | ૨૧ | | | | ૨૨ | | | | |
| ૨૩ | | | | ૨૪ | | | | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | | |
| | | ૨૯ | | | ૩૦ | | | | |

**આડી ચાવી**

૧. અયોધ્યામાં જન્મેલા અવતારી પુરુષ (૪)
૪. રામના પિતા (૪)
૭. વાયદા (૩)
૯. ઝેર (૩)
૧૧. રાજા રામના સસરા (૩)
૧૩. રાજા રામના સેવક (૪)
૧૫. મિત્ર (૨)
૧૬. રામચંદ્રના સૌથી નાના ભાઈ (૩)
૧૭. પાર્વતી (૨)
૨૧. લક્ષ્મણની પત્ની (૩)
૨૨. ‘શમાવવું’નું અજ્ઞાર્થ (૩)
૨૪. તુચ્છકારનું સંબોધન (૨)
૨૫. છાપવા માટેનું મૂળ લખાણ (૨)
૨૬. ---- કાંટો વાગ્યો (૨)
૨૭. સાચ્ચે જ (૨)
૨૯. રામચંદ્રના પત્ની (૨)
૩૦. રામ - લક્ષ્મણનું અપહરણ કરનાર (૫)

**ઊભી ચાવી**

૧. દિવસ પછી અને પહેલાં હોય (૨)
૨. બિલ્ડિંગ (૩)
૩. ફાળો (૨)
૪. દસ મોં વાળો રામનો દુશ્મન (૪)
૫. નસ (૨)
૬. સ્તર (૨)
૧૦. રામની સાથે વનમાં જનાર (૩)
૧૧. શું ---- આવ્યો છે? (૩)
૧૨. લક્ષ્મણ, શત્રુઘ્નની માતા (૩)
૧૪. વેરભાવ (૪)
૧૭. ઉર્મિશીલ વ્યક્તિત્વ (૩)
૧૮. હાર (૨)
૧૯. રામની માતા (૩)
૨૦. રામની પાદુકાથી રાજ ચલાવનાર (૩)
૨૩. ભરતની માતા (૩)
૨૫. બાળકને જન્મ આપવાની પ્રક્રિયા (૩)
૨૭. ભૂલ (૨)
૨૮. મારો હાથ ---- લો (૨)

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

‘ભલે ઊગા ભાણ, ભાણ તુંહારાં ભામણાં’ પંક્તિમાં ભાણ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ભાલો  બ) તિલક  ક) સૂર્ય  ડ) ચંદ્ર

## માતૃભાષાની મહેક

પવનના ઘણા પ્રકાર છે. પ્રતિકૂળ પવન, અસ્થિર પવન, વાવાઝોડાનો પવન, ગર્જના કરતો તોફાની ૪૦ અક્ષાંશનો પવન, વિષુવવૃત્તીય પવન, અક્ષાંશનો શાંત પવન, મથાળાનો પવન, અનુકૂળ પવન, સાપેક્ષ પવન, પવનનો વળાંક, ઝંઝાવાત, જોરદાર પવન, વાવાઝોડું ફૂંકાતો પવન, દરિયાઈ તોફાન, હૂંફાળો પવન, પ્રચંડ પવન, ભારે પવન, વિષુવવૃત્તીય પવન, ધૂળ વંટોળ, રેતી વંટોળ, વાવંટોળ, ચક્રવાત વગેરે.

## સુડોકુ-૫૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૧ | | | | |
| ૨ | ૭ | | ૩ | ૬ | | | | |
| | ૮ | ૪ | | | ૫ | ૭ | | |
| ૮ | | | | | | | | ૪ |
| ૭ | | ૫ | | | | ૨ | | ૮ |
| ૪ | | | | | | | | ૬ |
| | | ૮ | ૫ | | | ૬ | ૯ | |
| | | | | ૪ | ૨ | | ૩ | ૭ |
| | | | | ૩ | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૧ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૪ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૫ | ૧ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૪ | ૧ | ૭ | ૮ | ૩ |
| ૩ | ૫ | ૯ | ૪ | ૮ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૧ | ૨ | ૪ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૪ | ૬ | ૭ | ૧ | ૩ | ૯ | ૫ | ૨ | ૮ |
| ૯ | ૮ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૭ | ૬ | ૪ | ૩ | ૯ |

## ગુજરાત મોરી મોરી રે

‘અમુક પ્રસંગમાં આમંત્રણ વગર પણ લોકો હાજર થતા હોય છે’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ખેડુ તેડું નહીં ને નહીં બાવળિયાને તમાશાને

## ઈર્શાદ

તારા સ્વપ્નોમાં છું એવો લીન કે તું જગાડે તોય જાગું નહીં,
તારા સ્મરણોનાં મળે જો ફૂલ તો, હું સદેહે પણ તને માગું નહીં .
– ભગવતીકુમાર શર્મા

## માઈન્ડ ગેમ

તમને જો કાગળમાં કાટકોણ ત્રિકોણ દોરીને આપવામાં આવ્યો હોય અને એમાં એક ખૂણાનું માપ ૫૫ અંશ હોય તો બીજા ખૂણાનું માપ ગણતરી કરી જણાવો.

અ) ૪૫ અંશ  બ) ૯૦ અંશ
ક) ૩૫ અંશ  ડ) ૬૦ અંશ

## ગયા બુધવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| Peal | ઘંટારવ |
| Peel | છાલ |
| Pill | દવાની ગોળી |
| Pail | બાલદી |
| Pale | નિસ્તેજ |

**ઓળખાણ પડી?**
ગીત સેઠી

**માઈન્ડ ગેમ**
પ્રોટેક્ટર

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
લુચ્ચું

**ગુજરાત મોરી મોરી રે**
દોંગા જોઈને ડરીઓ મત, ને પાતળા જોઈને લડીઓ મત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) મહેશ દોશી (૩૧) સુનીતા પટવા (૩૨) રજનીકાંત પટવા (૩૩) અંજુ ટોલીયા (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હીના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) પ્રવીણ વોરા (૪૨) કિશોર બી. સંઘરાજકા (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) નયન ગિરીશ મિસ્ત્રી (૪૭) મહેન્દ્ર લોઢાવીયા (૪૮) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૯) એમીષી બંગાળી (૫૦) અલકા વાણી (૫૧) સુરેખ દેસાઈ (૫૨) નંદકિશોર સંજાણવાળા (૫૩) હરીશ મનુભાઈ ભટ્ટ

---

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ચોવક કહે છેઃ ભેંસ દોહવી એટલે રાજાને રીઝવવા સમાન!

જોકે બહુ ઓછા લોકોને જે મળે તે સ્વીકારીને ખાઈ લેવાની આદત હોય છે. ઘણા લોકોને તો એવી પણ આદત હોય છે કે, જે મળે તે બધું જ ખાઈ લેવું! ફરીથી વાંચજો આ બે કથનમાં ઘણો ફરક છે, બન્નેનો અર્થ પણ જુદો થાય છે. એક ચોવક છેઃ **‘‘બકરી છડે કકરી, ઉઠ છડે અકે’’** ‘છડે’ શબ્દનો અર્થ થાય છેઃ છોડે અને કકરી એટલે કાંકરી. ‘ઉઠ’ એટલે ઊંટ અને ‘અક’ એટલે આકડો! આકડો એક વનસ્પતિનું નામ છે. શબ્દાર્થ તો એ થાય છે કે, જે મળે તે ખાઈ લેવું. બકરી બધું જ ખાઈ જાય છે, તે માત્ર કાંકરી ન ખાય! અને ઊંટ પણ આકડાના પાંદડાં સિવાય બધું જ ખાઈ છે! પણ ચોવકમાં કટાક્ષ ડોકાય છે, અને તે એવી વ્યક્તિઓ માટે છે, જે બધું જ ખાય છે!

જંગલમાં રહેતું એક હિંસક પ્રાણી છે, જે ‘ભગાડ’ તરીકે ઓળખાય છે. ગુજરાતીમાં પણ એજ નામ છે, પણ ઓળખ તરીકે ‘સુવ્વર’ પણ વપરાતું હોય છે. સામાન્ય રીતે ગામડાઓની સીમમાં એ પ્રાણી દેખાતું હોય છે અને ભરવાડ કે ગોવાળ જ્યારે બકરીનાં વગને ચારવા માટે સીમમાં જાય છે ત્યારે એ પ્રાણી તેમાંની એકાદ બકરીનો શિકાર કરતું હોય છે. ચોવક શું કહે છે? ચોવક છેઃ **‘‘ભગાડ઼ વગ઼ મેં પે ત જેંજી હિકડ઼ી વે તેં કે ખણે’’** અહીં પહેલો શબ્દ જે ભગાડ઼ છે, તેનો અર્થ આપણે જોઈ લીધો. ‘વગ઼’ એટલે વગ કે ધણ. ‘વગ઼ મેં’ એટલે (બકરીઓનાં) ધણમાં અને ‘ત’ જે એકાક્ષરી શબ્દ છે તેનો અર્થ થાય છેઃ ત્યારે! ‘પે ત’ બે એકાક્ષરી શબ્દોનો સમૂહ છે અને તેનો અર્થ થાય છે ‘પડે ત્યારે’! ‘જેંજી’ એટલે જેની અને ‘હિકડ઼ી’નો અર્થ થાય છેઃ એક. ‘વે’ એટલે હોય અને ‘તેં કે’ એ બે શબ્દનો અર્થ થાય છેઃ તેને. ‘ખણે’ શબ્દનો અર્થ છેઃ ઉપાડે. મતલબ કે, ભગાડ જ્યારે ધણ પર હુમલો કરે ત્યારે જેની એક જ બકરી હોય તેને જ ઉપાડે! અહીં આ અર્થ સામે ચોક્કસ સવાલ પેદા થાય કે, ભગાડ ને કેમ ખબર પડે કે, કઈ બકરી તેના માલિકની એકની એક બકરી છે? ખરુંને? સવાલ સાચો છે, પરંતુ જવાબ જે બતાવ્યો છે, તે માત્ર શબ્દોનો સંકલિત અર્થ છે, જ્યારે ચોવક કહેવા એમ માગે છે કે, જેની દશા માઠી ચાલતી હોય તેના પર વધારે ખરાબ દશાનાં બેસણાં થાય છે!

બકરીના સંદર્ભમાં બીજી પણ આવા ભાવાર્થવાળી ચોવક સમાજમાં પ્રચલિત છે. લો, આ રહી એ ચોવકઃ **‘‘ભા, ફતૂ પૌ વીંયાણી, બાઈ, મુલકેં જા ત વગ઼ વીયાંજેંતા’’** એક બહેનની એકની એક બકરીએ બચ્ચાંને જન્મ આપ્યો. ‘પોં’ એટલે બકરી અને ‘વિંયાણી’નો અર્થ વિયાઈ! એ બહેને હરખાઈને ફતૂ નામના ભાઈને વધામણી આપતાં કહ્યુંઃ ભાઈ, ફતુ, મારી બકરી વિયાણી. ફતુએ સામે હરખ વ્યક્ત કરવાના બદલે કહ્યુંઃ (એમાં શું નવાઈ?) જગતમાં તો વગના વગ (બકરીનાં) વિયાતાં હોય છે! ‘મુલકેં જા’ શબ્દનો અર્થ છે, જગતમાં કે મુલકમાં, પરંતુ ચોવકનો ભાવાર્થ એ છે કે, પોતાની વાત વિશેષરૂપે રજૂ કરવી! બીજાની વાતને જરા પણ મહત્ત્વ ન આપવું!

જેમ બકરીનો પ્રયોગ એક સાધન તરીકે ચોવકમાં કરવામાં આવ્યો છે, તેજ રીતે ભેંસનો પણ ઉપયોગ કરાયો છે. અહીં ભેંસના પ્રયોગ સાથેની એક ચોવક મૂકું છું, માણજો, મજા આવશે. ચોવક છેઃ **‘‘મે જો ડૂજાણું ને, રાજા રીજાયણું’’** કચ્છીમાં ભેંસને ‘મે’ કહેવાય છે. પહેલા ત્રણ શબ્દોનો એક સાથે અર્થ કરીએં તો, ‘મે જો ડૂજાણું’ એટલે ભેંસને દોહીને દૂધ મેળવવું. ‘ને’ શબ્દનો અને તેનો અર્થ છે ‘એટલે’. ‘રાજા’નો અર્થ રાજા અને ‘રીજાયણું’ એટલે રીઝવવું કે મનાવવું. શબ્દાર્થ છેઃ ભેંસ દોહવી એટલે રાજાને રીઝવવા જેટલું મુશ્કેલ! ભેંસને દોહતાં પહેલાં તેની ખૂબ આળપંપાળ કરવી પડતી હોય છે, અને જો, ભેંસ રિસાય તો જલ્દીથી તેના આંચળમાં હાથ નાખવા જ ન દે! હવે, સમાજમાં આવા માણસો પણ હોય છે, તેને તમે શોધી કાઢજો!! ■

## કવર સ્ટોરી

(પાંચમાં પાનાનું ચાલુ)

શકે છે. રશિયા-યુક્રેન યુદ્ધ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ શરૂ થયું હતું. સાતમી માર્ચ, ૨૦૨૨ના રોજ સોનાના ભાવમાં લગભગ રૂ. ૧૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામનો વધારો થયો હતો. જ્યારે ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ. ૪૯,૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ. ૫૩,૮૯૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ હતી.

ઈઝરાયલ-હમાસ યુદ્ધ સાતમી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શરૂ થયું હતું, ત્યારે સોનાની કિંમત રૂ. ૫૭,૦૦૦ની આસપાસ હતી. પહેલી નવેમ્બર સુધીમાં કિંમત વધીને રૂ. ૬૧,૦૦૦ની નજીક પહોંચી ગઈ હતી. જ્યાં પહેલી જાન્યુઆરીએ સોનાની કિંમત રૂ. ૬૩,૦૦૦ હતી અને હવે ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ. ૭૩,૦૦૦ પાર કરી ગઈ છે.

સોનાના આકર્ષણનાં અનેક કારણો છે પરંતુ વાસ્તવમાં યુદ્ધ સાથે સીધા સંબંધનું કારણ તેના ગુણ છે. કાગળના ચલણ, સિક્કા અથવા અન્ય સંપત્તિઓથી વિપરીત, સોનાએ સદીઓથી તેનું મૂલ્ય જાળવી રાખ્યું છે. એક રીતે કહીએ તો સોનું આર્થિક વીમાની જેમ કામ કરે છે. તે નાણાકીય કટોકટીમાં પણ તેનું મૂલ્ય જાળવી રાખે છે, જેથી રોકાણકારોની સંપત્તિ સુરક્ષિત રહે છે.

સોનું ઐતિહાસિક રીતે ફુગાવા સામે રક્ષણ આપે છે કારણ કે જ્યારે જીવન ખર્ચ વધે છે ત્યારે તેનું મૂલ્ય વધે છે. પાછલાં પચાસ વર્ષોમાં રોકાણકારોએ ઊંચા ફુગાવાનાં વર્ષો દરમિયાન સોનાના ભાવમાં વધારો અને શેરબજારમાં ઘટાડો જોયો છે. ટૂંકમાં એક એસેટ ક્લાસ તરીકે રોકાણકારોને અનેક નવા પર્યાય ભલે મળી રહેતા હોય, પરંતુ જ્યારે પણ યુદ્ધની નોબત આવે છે ત્યારે સોનાથી શ્રેષ્ઠ સાથી આજ સુધી જડ્યો નથી. ■

## ટૂંકી વાર્તા

(સાતમા પાનાનું ચાલુ)

પલંગ ઉપરથી ઉઠાવીને નંબર જોડીને તેણે ફોન કાને માંડ્યો. તે વાતો કરતી કરતી દૂરના ખૂણે જતી રહી. અનિકેતે તે જ ક્ષણે આરાધનાના ફોન બાદ ઘરે જતા રહેવાનું નક્કી લીધું. તે મિત્રદ્રોહ કરવા માગતો નહોતો. આરાધનાને પણ પોતાનું વલણ છોડવાનું સૂચન તે કરવા માગતો હતો. આ નિર્ણયે તેને હળવોફૂલ બનાવી દીધો હતો. તેણે મનોમન ઈશ્વરનો પાડ માન્યો. એક ભયંકર પાપ કરવામાંથી તે ઊગરી ગયો હતો. તેણે આરાધના તરફ જોયું. પોતાની વાત પૂરી કરીને તે સ્થિર મુદ્રામાં ત્યાં ઊભી હતી.

અનિકેત તેની પાસે પહોંચ્યો.

તરત જ આરાધના બોલી, ‘‘અરૂણનો ફોન હતો.’’

થોડી ક્ષણો અટકીને તે બોલી,‘‘હી લવ્ઝ મી સો મચ.’’

અનિકેત તેને તાકી રહ્યો હતો. આરાધના શાંત સ્વરમાં બોલી,‘‘લગ્ન પછી પસાર કરેલા તમામ દિવસોએ મારું હૃદય પરિવર્તન કર્યું છે. અરૂણ સાથે દ્રોહ કરવા મેં તને આજે જરૂર બોલાવ્યો છે, પણ ભયંકર અપરાધની લાગણી મને પીડી રહી છે.’’ બાથરૂમમાં સ્નાન કરતી વખતે મેં વિચારી લીધું હતું કે હું અરૂણની વફાદાર પત્ની બનીને રહીશ. તેની સંપત્તિ ઉપરની મારી લાલસાનું આજે બાષ્પીભવન થઈ ગયું છે. અને અત્યારે આવેલા ફોને તો મને પારવાર પશ્ચાતાપની ક્ષણો પ્રદાન કરી છે. ફોનમાં તેણે તને ખૂબ જ યાદ કર્યો હતો. મને દસ વાર ‘‘આઈ લવ યુ’’ કીધું હતું. અનિકેત, તું પરત જતો રહે. વી શેલ રિમેન ગુડ ફ્રેન્ડ્ઝ ફોરેવર.’’

અનિકેતના મુખ ઉપર ગજબની હળવાશ પથરાયેલી હતી.

આરાધનાએ પૂછ્યું, ‘‘ તું પવિત્ર પુરૂષ લાગી રહ્યો છે. કેમ?

અનિકેતે આરાધનાનો હાથ પકડ્યો. બંને સોફા ઉપર આવીને ગોઠવાયાં. અનિકેતે પોતાનામાં આવેલા હૃદય પરિવર્તનની વાત શરૂ કરતા પહેલા બે ક્ષણો માટે આંખો બંધ કરી અને પુનઃ ખોલી. આરાધના તેને સાંભળવા આતુર હતી. ■

## મગજ મંથન

(આઠમા પાનાનું ચાલુ)

સમાજમાં ઉચ્ચ વિચાર તથા પવિત્ર ચિંતનનો ફેલાવો કર્યો.લોકોને સાદાઈથી રહેવાનો અને વિચારોને ઉચ્ચ તથા પવિત્ર બનાવવાનો ઉપદેશ આપ્યો.

વર્તમાન યુગમાં રામકૃષ્ણ પરમહંસ,સ્વામી વિવેકાનંદ,મહર્ષિ રમણ વગેરે પોતાનું સાદું જીવન જીવી સમાજને સંદેશ આપી ગયા.બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી મહાત્મા ગાંધી બનવાની શક્તિ માત્ર એક પોતડી પહેરીને મેળવી હતી.બ્રિટિશ સરકાર સામે સંઘર્ષ કરવાનું આત્મબળ સાદું જીવન જીવવાથી જ પ્રાપ્ત થયું હતું.આથી જ એ કહી શક્યા કે, ‘My life is my message.’ સરદાર પટેલ પણ સાદું જીવન અને ઉચ્ચ વિચારોની પ્રતિ મૂર્તિ હતા. એ પોતાના ફાટેલાં કપડાં પોતે સાંધીને પહેરતાં.એમના પુત્રી મણીબેન સરદાર સાહેબના પહેરેલા ઝભ્ભામાંથી બ્લાઉઝ બનાવીને પહેરતાં..... સાદગી માટેનું આ જ્વલંત ઉદાહરણ છે...■

## પ્રાસંગિક

(પાંચમાં પાનાનું ચાલુ)

અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી છે ત્યારે બીજી મુદત માટે ચૂંટાવવા માગતા પ્રમુખ જો બાઈડેન મિડલ ઈસ્ટની પોલિસી નેતન્યાહુને લીધે સદંતર વિફળ ગઈ છે. બાઈડેન ઈચ્છતા હતા કે ઈઝરાયલ ગાઝા પટ્ટીનું ઓપરેશન રમજાનના પવિત્ર માસમાં થંભાવી દે જેથી ભૂખમરા ભોગવી રહેલા પેલેસ્ટાઈનવાસીઓને સહાય મોકલી શકાય. ઈઝરાયલે આમ કરવાને બદલે મદદ કરવા આવેલા વર્લ્ડ કિચનના એડ્સ વર્કરપર જ હુમલો કરીને અમેરિકાનું નાક કાપ્યું હતું. આ હુમલાને લીધે ઈઝરાયલને ઘણી ફટકાર મળી હતી, પરંતુ ઈરાનના હુમલાને લીધે નેતન્યાહુ પાછા ફોર્મમાં આવી ગયા છે. ઈરાને હુમલો કર્યો ત્યારે દેખાવકારો નેતન્યાહુ સામે દેખાવો કરી રહ્યા હતા અને લશ્કરે તેમને હટાવ્યા હતા. જો ઈરાને હુમલો ન કર્યો હોત તો નેતન્યાહુને સિંહાસન છોડવું પડત પરંતુ ઈરાને નેતન્યાહુને આડકતરી રીતે મદદ કરી છે.

ઈઝરાયલે સત્તાવાર રીતે એમ કહ્યું છે કે અમે ઈરાનના હુમલાનો અમે પસંદ કરેલા સમયે જવાબ આપીશું. ઈરાનના હમલા બાદ ભરાયેલી ઈઝરાયલના વોર કેબિનેટની બેઠકમાં ઈરાનને જવાબી કાર્યવાહી તરત કરવાની દરખાસ્ત મુકી હતી, પરંતુ અમેરિકાના પ્રમુખ બાઈડેન સાથેની વાતચીત પછી બેન્જામિને હાલ પૂરતો સંયમ રાખવાનું નક્કી કર્યું છે.

નેતન્યાહૂએ તેમની રાજકીય કેરિયર ઈઝરાયલને સુરક્ષા આપવાના પ્રોમિસ વડે વિકસાવી છે. એમણે હમાસને નેસ્ત નાબૂદ કરવાની જાહેરાત સાથે ગાઝાપટ્ટી પર હુમલો કર્યો હતો. આજે છ મહિના થયા હોવા છતાં એહમાસને ખતમ કરી શક્યા નથી કે હમાસના કબજામાં રહેલા ૧૩૦બાન વ્યક્તિને ય છોડાવી શક્યા.

હવે નેતન્યાહુને ઈરાનના હુમલાનો પણ જવાબ આપવાનો છે. હમાસના આતંકવાદી હુમલા અને ઈરાનની સીધી અથડામણે સાબિત કરી દીધું છે કે ઈઝરાયલનો પહેલાં હતો એવો ખોફ રહ્યો નથી. ઈઝરાયલ - ઈરાન વચ્ચે ખાસ્સું અંતર છે. ઈઝરાયલે ઈરાન પર હુમલો કરવો હોય તો બીજા મુસ્લિમ રાષ્ટ્રોની સીમાનો ભંગ કરવો પડે. બીજા મુસ્લિમ દેશો અમેરિકાને તેના ક્ષેત્રમાંથી પસાર થવાની મંજૂરી આપે, પરંતુ ઈઝરાયલને બીજા મુસ્લિમ દેશ ઈરાન પર તેમના ક્ષેત્રમાંથી પસાર કરીને હુમલો કરવાની પરવાનગી ન આપે. ઈઝરાયલની તુલનામાં ઈરાન મોટો દેશ છે અને ઈઝરાયલ અમેરિકાની મદદ વિના ઈરાનનો વાળ પણ વાંકો કરી શકે નહીં. ઈઝરાયલ ગમે તે રીતે અમેરિકાને આ અથડામણમાં સામેલ કરવા માગે છે જેથી તેનું કામ આસાન થઈ જાય. જો કે, અમેરિકાએ તો સાફ શબ્દોમાં કહી દીધું છે કે ઈઝરાયલની ઈરાન સામેની જવાબી કાર્યવાહીમાં તે તેને પ્રત્યક્ષ મદદ નહીં કરે. નેતન્યાહૂ માટે મોટો સવાલ એ છે કે શું એની સરકાર અને દેશના લોકો તેના સૌથી શક્તિશાળી શત્રુ ઈરાન સામે સુદીર્ઘ યુદ્ધ કરવા તૈયાર છે. જો નેતન્યાહુ ઈરાનને વળતો જવાબ નહીં આપે તો એની પ્રતિષ્ઠા સાવ તળિયે જતી રહેશે.

ઈરાનને જવાબ આપવા નેતન્યાહુ તેના ઉત્તર સરહદ પરના પ્રોક્સી હિઝબુલ્લાહ સાથે સંપૂર્ણ જંગ શરૂ કરી શકે. ઈઝરાયલે આ માટે અપર ગલીલી પ્રદેશમાંથી ૬૦,૦૦૦ ઈઝરાયલીઓને વિસ્થાપિત કર્યા છે. ઈરાને તો સંદેશો આપ્યો છે કે તે ઈઝરાયલ સાથે ભીષણ જંગ માટે પણ તૈયાર છે. જાન્યુઆરીમાં અમેરિકાએ કાસીમ સોસૈમાનીની હત્યા કરી ત્યારે ઈરાને અમેરિકાના ઈરાકી મથક પર મિસાઈલ હુમલો કર્યો હતો. જ્યારે જનરલ સૈયદ રઝા મૌસાવીની સીરિયામાં હત્યા કરાઈ હતી ત્યારે ઈરાનને ઈરાકના કુર્દીસ્તાનમાં મોસાદ દ્વારા સંચાલિત મકાન પર હુમલો કર્યો હતો. આ વખેત ઈરાને ૩૦૦ ડ્રોન, ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલ વડે ઈઝરાયલ પર હુમલો કર્યો છે.

જી-સેવનના દેશોએ ઈરાનના હુમલાની ટીકા કરી છે, પરંતુ આ સાથે ઈઝરાયલને સંયમ રાખવાની સલાહ આપી છે. અમેરિકાના મિત્ર દેશો જેવા કે જોર્ડન સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને તુર્કી જેવાએ પણ ઈઝરાયલને યુદ્ધ ન વકરેએ માટે સંયમ રાખવાનો અનુરોધ કર્યો છે. ઈરાનના બે મુખ્ય ટેકેદાર ચીન અને રશિયાએ પણ ઈરાન અને ઈઝરાયલને સંયમ રાખવાની સલાહ આપી છે. પ્રમુખપદ માટેના ઉમેદવાર ટ્રમ્પે તો એવી શેખી મારી છે કે જો હું પ્રમુખ હોત તો ઈઝરાયલ પર હુમલો જ ન થાત.

ઈરાન તો દાવો કરે છે કે તેણે સુપરસોનિક મિસાઇલ વિકસાવ્યું હોવાથી ઈઝરાયલ એનાથી ફક્ત પાંચ મિનટના અંતરે છે. ઈઝરાયલ પાસે ૪૦થી વધારે અણુબોમ્બ છે. બીજી બાજુ ઈરાન પણ અણુ બોમ્બ વિકસાવ્યાનો દાવો કરે છે. ઈરાન મિસાઈલ અને ડ્રોન રશિયાને સપ્લાઈ કરે છે. તેનું લશ્કર મોટું છે, પણ ઈઝરાયલ જેટલું આધુનિક હથિયાર ધરાવતું નથી. અમેરિકાને ઈરાનના અણુ કાર્યક્રમનો ભય છે. આથી ઈઝરાયલ અમેરિકા મદદ લઈને ઈરાનના અણુમથક પર હુમલો કરે તો નવાઈ નહીં.

આશા રાખીએ કે સત્તાની લાલચમાં નેતન્યાહુ વિશ્વને એક મહાયુદ્ધ તરફ નહીં ધકેલે. ■

## વ્યંગ

(આઠમા પાનાનું ચાલુ)

પહેરી છે!’ પંડિત કેશવ દેવ ગૌતમે પ્રત્યુત્તર આપ્યો. ‘કેમ સાત? નવ નહીં ? અગિયાર નહીં? બાર નહીં? એકસો આઠ નહીં?’ અમે ઉમેદવારને ભીડવ્યો. ‘રિપોર્ટરજી, સાત સંખ્યાનો મહિમા અપરંપાર છે. સપ્તાહના સાત દિવસ હોય છે. સંગીતના સાત સૂર હોય છે. રંગોની સંખ્યા સાત હોય છે! સપ્તપદીમાં સાત ફેરા ફરવાના હોય છે. લગ્નમાં સાત વચન પતિ-પત્નીએ એકમેકને આપવાના હોય છે. લગ્નનો સાથ સાત ભવ નિભાવવાનો હોય છે. આ કારણોસર સાત ચપ્પલની માળા ધારણ કરી છે!’

‘તમે, અગાઉ કોઇ ચૂંટણી લડ્યા છો?’

અમે, ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી લડી, જેમાં અમને જીત મળી.‘તમે તો કોઇક પાર્ટીના પ્રમુખ છો. પછી અપક્ષ તરીકે કેમ ચૂંટણી લડી રહ્યા છો?’ અમે અણિયાળો સવાલ કર્યો. ‘અમે, ભ્રષ્ટાચાર વિરોધી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છીએ. ૨૦૨૨માં આ પાર્ટીના નેજા હેઠળ લડેલા. ભ્રષ્ટાચારના મામલામાં ભીનું સંકેલાઇ જાય છે તેમ અમારા જીતના વાવટા સંકેલાઇ ગયેલા એટલે નવા નાકે નવી દિવાળીની જેમ નવા પક્ષે નવી ચૂંટણી લડી રહ્યા છીએ!’ તમે ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો છે? ‘અમે ચૂંટણીના અનુસંધાનને ચપ્પલ ઢંઢેરો બહાર પાડ્યો છે. મંદિર જનાર વ્યક્તિ ચપ્પલ ચોરાઇ જશે તેવા ડરથી પૂજાપાઠમાં ધ્યાન આપી શકતો નથી. અમે તમામ ચપ્પલ-ચોર સાથે એમઓયુ કરીને ચોરેલી ચપ્પલ ત્રીસ ટકાના દરે પરત અપાવીશું. અમે ચપ્પલ સન્માન નિધિ હેઠળ દેશની ૧૪૨ કરોડ જનતાની ૯૦૦ કરોડ ચપ્પલનો વીમો ઉતરાવીશું....દરેક હાથને ‘કામ’ એ સૂત્ર મુજબ દરેક પગને પગરખાંનો દેશવ્યાપી અમલ કારવીશું. દેશમાં એકપણ નાગો, લૂચ્ચો, લબાડ, વંચિત, પદદલિત છપ્પરપગો હોય તેનો કોઇ વાંધો નથી, પરંતુ કોઇ પણ વ્યક્તિ ઉઘાડપગો ન રહે તેની કાળજી લઇશું’

પંડિતે કુશળ રાજકારણીની જેમ ચપ્પલ ઢંઢેરાનું વાંચન કર્યું..‘પંડિતજી, કોઇ મહેચ્છા ખરી?’ અમે છેલ્લો સવાલ પૂછ્યો.

‘જુઓ ચારે બાજુ બધું બગડ્યું છે. દિવસે દિવસે લોકશાહીને લૂણો લાગતો જાય છે. ગરીબી, બેકારી,ભાવવધારો સામે લડતા લડતાં લોકશાહીને મૂર્છા આવી ગઇ છે. લોકશાહીને ચપ્પલ સૂંઘાડીને ભાનમાં લાવવાની મહેચ્છા છે!’ અશ્રુ ટપકતી આંખે પંડિત કેશવ દેવ ગૌતમ બોલ્યા.

- અને અમારાથી એટેન્શનની મુદ્રામાં આવી જઇને સીનો તાની ક્યારે સલામ કરીને ક્યારે ‘જયહિન્દ’ બોલાઇ ગયું તેની ખબર જ ન રહી! ■

ટૂંકી વાર્તા
અવિનાશ પરીખ
feedback@bombaysamachar.com

# ફ્રેન્ડ્ઝ ફોરેવર



**વસંતના** વાયરા અનિકેતને મદહોશ બનાવી રહ્યા હતા. તે આરાધનાના પ્રેમમાં પડી ચૂક્યો હતો.ગઈકાલની જ વાત હતી. તેના નજીકતમ મિત્ર અરૂણે પોતાના ફાર્મ હાઉસમાં પાર્ટી આપી હતી. વસંતઋતુના માદક વાતાવરણમાં લીલીછમ લોન ઉપર પાર્ટી ખીલી હતી.

એક સફળ બિઝનેસમેન પિતાનો સફળ બિઝનેસમેન પુત્ર અનિકેત ''મોસ્ટ એલિજિબલ બેચલર''હોઈ પાર્ટીના આકર્ષણનું કેન્દ્ર સ્વાભાવિક રીતે જ બની ગયો હતો. આકર્ષક દેહલાલિત્ય ધરાવતી, ફેશનેબલ યુવતીઓ અનિકેતની આસપાસ ઘૂમી રહી હતી. અનિકેત આ પ્રકારની યુવતીઓથી દૂર જ રહેતો હતો. તેને તલાશ હતી એવી યુવતીની જેની સાદગીમાં સૌંદર્ય સમાયેલું હોય, જેની બોડી લેન્ગવેજ નકલીપણાથી રહિત હોય, જે સહુથી અલગ હોય.

અનિકેત હાથમાં કૉફીનો મગ લઈને લૉનમાં મુક્તમને મહાલી રહ્યો હતો. તે દરેકને હૃદયપૂર્વક, પ્રેમથી મળી રહ્યો હતો. અચાનક તેની નજર દૂરના ખૂણામાં ઊભી રહેલી યુવતી ઉપર ગઈ. તે યુવતી બ્લેક જીન્સ અને બ્લેક કુર્તામાં અનેરી સૌંદર્ય આભા છલકાવી રહી હતી. તેનો ગોરોવાન અને ખભા સુધી ઝુલતા રેશમી કેશ રૂપની એક નવી પરિભાષાને જન્મ આપી રહ્યા હતા. તે ફોન ઉપર હસીહસીને વાત કરી રહી હતી.

અનિકેત તેનાથી થોડેક જ દૂર જઈને ઊભો રહી ગયો. યુવતીનું મુખ તે સ્પષ્ટપણે જોઈ શકતો હતો. તેની આંખોની નિર્દોષતા માણવાલાયક હતી. અનિકેતના હૃદયમાં પ્રણયનાં સ્પંદનો જાગૃત થઈ ચૂક્યાં હતાં. કદાચ... તેને આ યુવતીની જ તલાશ હતી.

યુવતીની વાત પૂરી થઈ.

તેના હોઠ ઉપર સ્મિત હતું. અનિકેત ત્વરાથી યુવતી સમીપ જઈને ઊભો રહી ગયો. યુવતીએ અનિકેત તરફ ઉડતી નજર નાખી. અનિકેતે બિનધાસ્તપણે હસ્તધનૂન કરવા પોતાનો હાથ યુવતી તરફ લંબાવ્યો.

''આઈ એમ અનિકેત'' તેણે આકર્ષક અંદાજમાં પોતાનો પરિચય આપ્યો.

યુવતી વિચારમાં હતી.

ક્ષણાર્ધ બાદ તેણે પોતાનો હાથ લંબાવ્યો અને અનિકેત સાથે હાથ મિલાવતાં કહ્યું ''આઈ એમ આરાધના.'' ત્યારબાદ તરત જ તેણે પોતાનો હાથ છોડાવતાં કહ્યું ''આઈ એમ ઈન હરી... મિ. અનિકેત. તમે અરૂણને એટલું કહી શકશો કે આરાધના અગત્યના કામસર પાર્ટી છોડીને જતી રહી છે...! હું બાદમાં અરૂણ સાથે ફોન ઉપર વાત કરી લઈશ.''

અને વીજળીના ચમકારાની જેમ આરાધના ત્યાંથી સરકી ગઈ. બસ, અનિકેત ઉપર તે ભૂંસાનારી અસર છોડતી ગઈ. અનિકેત હવે પાર્ટીમાં રોકાવો ઈચ્છતો નહોતો. તે ધૂનમાંને ધૂનમાં પોતાની કાર તરફ ચાલવા માંડ્યો. તેને એ પણ યાદ ન રહ્યું કે આરાધના તેને અરૂણને કશુંક કહેવાનું કહી ગઈ હતી. તેને ફક્ત આરાધનાનું જ સ્મરણ હતું, બીજું કંઈ જ નહીં.

રાતભર ઊંઘ વેરણ બની ગઈ. સૂર્યોદય થયો અને ગઈકાલની સ્મૃતિઓ ઝળહળી ઊઠી. તે આરાધનાના પ્રેમમાં પડી ચૂક્યો હતો. બસ, આ સત્ય તેને વીંટાળાઈ વળ્યું હતું.

અનિકેતે અરૂણને મોબાઈલ જોડ્યો.

અરૂણ સાથે ઔપચારિક વાતો બાદ તેણે સ્વસ્થતા જાળવતાં પૂછ્યું, ''આરાધના કોણ છે?''

અરૂણનો ઉત્તર સાંભળવા તેના કાન અને હૃદય બંને તલસી રહ્યાં હતાં. થોડી ક્ષણોના મૌન બાદ અરૂણ શાંત સ્વરમાં બોલ્યો, 'કેવી લાગી, આરાધના?' અનિકેતે શરારતભર્યા અંદાજમાં કહ્યું, 'મને ગમી છે તે.''

સામે છેડે અરૂણનો કોઈ પ્રતિભાવ ન આવતા અનિકેતે અચકાતા સ્વરમાં પૂછ્યું, ''ઉત્તર નહીં આપે?''

અરૂણ હસી પડતા બોલ્યો, ''આરાધના તારી ભાભી બનશે, અનિકેત. હું તેની સાથે લગ્ન કરવાનો છું''

અનિકેતના હૃદયમાંથી શીત લહર પસાર થઈ ગઈ. તેના હાથપગ ઢીલા પડી ગયા. તે અસ્વસ્થ બની ગયો. અરૂણે એક જ વાક્યથી તેના સ્વપ્નોને દહન કરી દીધાં હતાં.

''શું થયું અનિકેત?''

''નથિંગ...નથિંગ....અરૂણ...!હું તારા ભાગ્યની સરાહના કરતો હતો.''

અરૂણે થોડી ક્ષણો બાદ કહ્યું, ''આરાધના દિલ્હીની છે. અમારા બિઝનેસ પાર્ટનરની ડૉટર છે. પ્રથમ વાર જ તે અમદાવાદ આવી છે. મારી સાથે તે પરિચય કેળવવા માગે છે. તે મને ગમે છે. હું તેને ગમી ગયો તો અમારા લગ્ન આટોપવા બંનેના માબાપ થનગની રહ્યાં છે.''

અનિકેતે વાત પૂરી કરી અને સોફા ઉપર ફસડાઈ પડ્યો. અરૂણ તેનો બાળગોઠિયો હતો, છતાં પણ, આરાધનાને તેની પાસેથી આંચકી લેવા તે સજ્જ બન્યો હતો. આરાધના તેના દિલોદિમાગનો કબજો લઈ ચૂકી હતી. તે અન્ય કોઈની થઈ જ ન શકે એ વાતસિવાય તેને કશું સૂઝી રહ્યું નહોતું.

આરાધનાને તે મળવા માગતો હતો. તે અમદાવાદમાં ક્યાં ઊતરી હતી તે વિશે અરૂણને પૂછવાનું રહી ગયું હતું. ફરી ફોન કરીને પૂછવું સદંતર અયોગ્ય હતું. અનિકેત બેડરૂમમાં આંટા મારવા માંડ્યો. તે બબડ્યો, ''હું તેને આટલી ઝંખું છું તો તે મને ક્યાંય તો દેખાવી જ જોઈએ. મારા હૃદયનો સાદ તેને ખેંચી લાવશે. હું અત્યારે લૉ ગાર્ડન વિસ્તારમાં જઈશ. આરાધના ત્યાં આવવી જ જોઈએ.''

અને પંદર મિનિટમાં તે લૉ ગાર્ડનની બહાર પોતાની કારને અઢેલીને ઊભો હતો. તેની દૃષ્ટિ દરેક ખૂણામાં આરાધનાને શોધી રહી હતી. આરાધનાને તે અંતરના ઊંડાણમાંથી હાક મારીને બોલાવી રહ્યો હતો. આરાધના આવશે જ તેવો તેનો વિશ્વાસ દૃઢ બનતો જઈ રહ્યો હતો.

અને તેનો વિશ્વાસ રંગ લાવ્યો.

આરાધના તેનાથી થોડે જ અંતરે કારમાંથી ઊતરી. તેને ઉતારીને કાર જતી રહી. આરાધના ચોતરફ નજરો દોડાવીને કશુંક શોધી રહી હતી. અનિકેત તેની સમક્ષ હાજર થઈ ગયો.

આરાધના તેને જોઈને આશ્ચર્યથી સહેજ ચમકી. અનિકેતે હસ્તધનૂન માટે હાથ લંબાવ્યો.

આરાધનાએ હસ્તધનૂનની રસમ પૂરી કરી. તે અનિકેતનો અભ્યાસ કરી રહી હતી. અનિકેતને તેની આ ચેષ્ટા ગમી.

''મારો પીછો કરી રહ્યો છે?'' આરાધના હસી. અનિકેતે નોંધ્યું કે આરાધના તમે ઉપરથી તું ઉપર આવી ગઈ હતી. તેના હૃદયને આ ચેષ્ટા ગમી. તેણે ઊંડો શ્વાસ લીધો. તેની દૃષ્ટિ આરાધના ઉપર જડાયેલી હતી.

તે હળવું મુસ્કુરાયો, '' હું માનું છું ... તું મારો પીછો કરી રહી છે.''

''નો... નોટ એટ ઓલ. હું તો અહીં કોઈને મળવા આવી છું''

''કો...કો...ને?'' અનિકેત થોથવાયો.

''મારા બોયફ્રેન્ડને.'' આરાધના સહજ હતી.

અનિકેતના મુખ ઉપરનો રંગ ઝાંખો પડી ગયો. આરાધના આ ફેરફાર પામી ગઈ. તેના હોઠ ઉપર સ્મિત પથરાઈ ગયું. અભિસારીકાની જેમ તે ચોતરફ નજરો દોડાવી પોતે કોઈના ઈંતેજારમાં છે તેવો આભાસ ઊભો કર્યો. અનિકેતે આરાધના ઉપર ઉડતી નજર નાખી. આરાધનાએ તીરછી નજરથી અનિકેતને માપ્યો.

તે તરત જ બોલી, ''કોઈ બોયફ્રેન્ડની રાહ નથી જોઈ રહી. હું તો આ ગાર્ડનમાં વૉક માટે આવી છું.''

અને તે ખડખડાટ હસી પડી.

અનિકેતના જીવમાં જીવ આવ્યો. તેની આશાઓ પુનઃ જાગૃત થઈ ઊઠી. તેણે વાતમાં મોણ ન નાખતા મૂળ મુદ્દા ઉપર આવવાનું ઠરાવી લીધું. તેનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

તે બોલ્યો, ''મને તારામાં રસ છે.''

''અરૂણને પણ મારામાં રસ છે.''

''તને કોનામાં રસ છે?''

''મને પૈસામાં રસ છે.'' આરાધના ગંભીર હતી. અનિકેત ચમક્યો.

આરાધનાની વાત તેના વ્યક્તિત્વને સોહે તેવી નહોતી. પૈસા કમાવાની વાત સુંદર કન્યા કરે તે સત્ય તેને અસ્વીકાર્ય હતું. અનિકેત ન વિચારવાનું વિચારી રહ્યો હતો. આરાધનાનું કોમળ વ્યક્તિત્વ અનિકેત માટે સહેજ ખરબચડું બન્યું હતું. તે મૌનને મમળાવી રહ્યો હતો.

આરાધનાએ અનિકેતનો હાથ પકડ્યો. અનિકેત ચમક્યો. આરાધનાએ હાથ છોડ્યો. તે મુસ્કુરાઈ. અનિકેત અસમંજસમાં હતો.

''અનિકેત... મને અરૂણની સંપત્તિ આકર્ષી રહી છે. તેની સાથે લગ્ન કરીને હું તેની તમામ સંપત્તિ હાંસલ કરી લઈશ. હા, તું મને ગમે છે. લગ્ન બાદ તારી અદૃશ્ય પત્ની હું જરૂર બનીશ. અરૂણને આપણા સંબંધો વિશે જરા પણ શંકા નહીં જાય.''આરાધના પોતાની જાત છતી કરતી જઈ રહી હતી. અનિકેત ગમે તે હિસાબે આરાધનાને પ્રાપ્ત કરવા ઈચ્છુક હતો. આરાધનાના પ્રસ્તાવમાં દમ હતો. જોખમ પણ હતું, પણ પ્રેમમાં પડ્યા પછી કેવળ જોખમો જ ભાગ્યમાં આવતાં હોય છે. અનિકેત જોખમ ખેડવા રાજી હતો. તેણે નિર્ણાયક સ્વરમાં કહ્યું, '' તારો પ્રસ્તાવ મને મંજૂર છે.''

''તો ... હું... અરૂણને લગ્ન માટે હા પાડી દઉં છું.'' આરાધના ગંભીર હતી.

અનિકેતે તેના હાથ હસ્તધનૂન માટે લંબાવ્યા. અરૂણ અને આરાધના પરણી ગયાં. અનિકેત ખુશ હતો. આરાધના તેની માશૂકા બની ચૂકી હતી. બસ, ક્યાં... કઈ રીતે મળવું... તે નક્કી કરવાનું હતું.

થોડાક જ દિવસ રાહ જોવાની હતી.

દસ દિવસ પસાર થઈ ગયા.

અનિકેતના સંયમની પાળની કાંકરીઓ ખરવાની શરૂઆત થઈ ગઈ હતી. તે આરાધનાને મળવા ખૂબ જ આતુર બન્યો હતો. તેણે એક સાંજે પોતાના મોબાઈલનો નંબર ઘૂમાવી આરાધનાને ફોન જોડ્યો. સામે તરત જ પ્રતિભાવ મળ્યો. અનિકેતે ઊંડો શ્વાસ લીધો અને સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી.

તે બોલ્યો, ''આરાધના, આઈ લવ યુ.''

''આઈ ટુ.''

''તો ક્યારે મળે છે?''

''આજે જ.''

''ખરેખર? ક્યાં મળવું છે?''અનિકેતના શ્વાસની ગતિ વધી ગઈ હતી.

આરાધના બોલી,''મારા ઘરે આવી જા. અરૂણ મુંબઈ ગયો છે.''

''તો... હું નીકળું છું.'' કહીને અનિકેતે વાત પૂરી કરી.

તે પંદર મિનિટમાં જ અરૂણના વિશાળ બંગલે પહોંચ્યો.

તેના હૃદયની ગતિ અસાધારણ રીતે વધી જવા પામી હતી. અનિચ્છનિય કૃત્ય કરવા તે જઈ રહ્યો હતો કેમકે દિલથી તે મજબૂર હતો. આરાધનાના ગળાડૂબ પ્રેમમાં તે હતો. તે અરૂણની પત્ની હતી એ સત્ય તે ભૂલી જવા માગતો હતો. અરૂણ તેનો પરમ મિત્ર હતો. મિત્રદ્રોહ તો તે કરી જ રહ્યો હતો, તે પણ તેના જ ઘરમાં પ્રવેશીને પાપલીલા આચરીને.

મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશીને તે સીધો જ અરૂણના બેડરૂમમાં ગયો. આરાધના તેની રાહ જોઈ રહી હતી. તેની આંખોમાં વિજયી સ્મિત હતું. તેના લોભામણાં વસ્ત્રો મહેંકી રહ્યાં હતાં. આરાધના સોફા ઉપર હતી. અનિકેત તેની સામેના સોફામાં ગોઠવાયો.

''ડરેલો કેમ છે?'' આરાધનાએ પૂછ્યું.

''આઈ ડોન્ટ નો...'' અનિકેતે વેદનાપૂર્વક વાત ઉચ્ચારી.

''બંગલામાં કોઈ નથી. મેં બધા જ નોકરોને રજા આપી દીધી છે. તું અને હું. સાથે આ એકાંત.'' આરાધના મારકણી ભાસતી હતી.

અનિકેતે પરાણે એક ફિક્કું સ્મિત કર્યું.

''હું ફ્રેશ થઈને આવું છું. વેઈટ ફોર મી.'' કહીને આરાધના બાથરૂમ તરફ દોડી ગઈ.

અનિકેતે અચાનક એક અસહ્ય ભારની લાગણી હૃદય ઉપર અનુભવી.

અરૂણનો ચહેરો તેની નજર સમક્ષ ઊભરાઈ આવ્યો. તેની દોસ્તીનું સ્મરણ થઈ આવ્યું. તેની સાથે માણેલા પ્રસંગોની ક્ષણો તે વાગોળવા માંડ્યો. તેના કપાળ ઉપર પ્રસ્વેદબિંદુઓ ઊપસી આવ્યાં. તે ઊભો થઈ ગયો.

ખંડમાં બેચેનીપૂર્વક ટહેલવા માંડ્યો. પોતાની જાતને તે કોસી રહ્યો હતો. આરાધના તેની ભાભી હતી. મિત્રની પત્ની હતી. ભલે તે ચરિત્રહીનતાનું પ્રદર્શન કરી રહી હતી, પોતે શા માટે અયોગ્ય માર્ગે જઈ રહ્યો હતો? તેની ફરજ આરાધનાને યોગ્ય માર્ગે વાળવાની હતી.

તેટલામાં આરાધનાના મોબાઈલ ફોનની ઘંટડી રણકી. ફોન પલંગ ઉપર હતો. અનિકેત ફોન પાસે ગયો. ફોન હાથમાં લીધો. અરૂણનું નામ સ્ક્રીન ઉપર ચમકી રહ્યું હતું. આરાધના બાથરૂમમાં હતી. પોતે ફોનનો જવાબ આપવાની સ્થિતિમાં ક્યાં હતો. રિંગ બંધ થઈ ગઈ.

થોડી ક્ષણો બાદ પુનઃ મોબાઈલની રિંગ વાગવા માંડી.

અનિકેતે જોયું તો અરૂણ જ લાઈન ઉપર હતો. તે મોબાઈલને તાકી રહ્યો હતો. થોડીવારથી મોબાઈલ શાંત થઈ ગયો. અનિકેતના હૃદયમાં શાતા વળી. તે પલંગ પર હળવેકથી બેઠો.

એક જ મિનિટમાં આરાધના બહાર આવી. ગુલાબી ગાઉનમાં તે સૌંદર્યવતી ભાસી રહી હતી. તે સહેજ ભાર હેઠળ હતી. મોબાઈલને

(જુઓ પાનું ૬) ▶▶

તસવીરની આરપાર
- ભાટી એન.
feedback@bombaysamachar.com

# બુઢ્ઢા ખાય તો જુવાન બની જાય, આવી છે બાજરાની તાકાત...!

*બલિહારી તુજ બાજરા, જેના લાંબા પાનઃ*
*ઘોડે પાંખું આવિયું, બુઢ્ઢા થયા જુવાન*





ખેતરોમાં વિવિધતાસભર જણસ નિહાળવા મળે પણ ઉનાળાની ઋતુમાં માઇન્ડ બ્લોઇંગ લીલાછમ લાંબા પાનને ઉપર ઉન્નત શિખર હીરા મોતીના દાણા ગોળાકાર ચમકતા આખા ડુંડામાં ખીચો બાજરો મોતીથી ભરેલ હોય તેમ કુદરત બેમિસાલ પાક તૈયાર કરી આપે છે. પણ પશુ, પક્ષી, ચકલા, પોપટ તેમાં ભાગ બટાઇ કરી બાજરો બરાબર પાકી જાય તે વેળા ચકલા, પોપટ બાજરો ડુંડામાંથી આવે તે તસવીર એકસ્ટ્રા ઓર્ડિનરી એક તસવીરકાર તરીકે લાગે પણ ખેડૂતને પોતાનો પાક બચાવવાનો હોવાથી અવાજ કરી પક્ષીઓને ભગાડે પણ આપણે આજે બાજરા વિશે જાણીશું !?

બાજરો કે બાજરી બહોળાપણે ઉગાડવામાં આવતી જાત છે! સામાન્ય પણે એ સ્વીકારવામાં આવેલું છે કે બાજરાની જાત આફ્રિકામાં ઉત્પન્ન થઇ અને ત્યાંથી ભારતમાં આવી અગાવના પુરાતત્ત્વીય દસ્તાવેજો અનુસાર ઇ. પૂ. ૨૦૦૦માં બાજરાની આ જાત ભારતમાં આવી હશે! બાજરો સૂકા કે ઓછા પાણીવાળા વિસ્તારોમાં ઓછી ઉપજાઉ જમીનમાં અને ઉચ્ચ તાપમાનમાં ઉત્પાદન માટે અનુકૂળ છે! વધુ ક્ષારવાળી કે ઓછી પી. એચ. ધરાવતી જમીનમાં પણ તેનું સારું ઉત્પાદન થાય છે. પોતાની પ્રતિકૂળ સ્થિતિને અનુકૂલન સાધવાની પ્રકૃતિને કારણે તે જ્યાં અન્ય ધાન્ય પાકો જેવા કે મકાઇ અને ઘઉં ન ઊગી શકે ત્યાં પણ બાજરો ઊગે છે.

આજે આ બાજરો વિશ્વના લગભગ ૨,૬૦,૦૦૦ ચો. કિ. મી. વિસ્તારમાં ઊગે છે! તેનો ફાળો બાજરાનો વૈશ્વિક ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં છે.

ભારતમાં બાજરાનાં નામો પણ ભિન્ન છે! કન્નડ-સાજજે, તમિલમાં-બાજરા, હિંદી-પંજાબીમાં બાજરી, મરાઠીમાં પણ બાજરી, તેલુગુ-સજજાલુ કહે છે. જયાં બાજરો પારંપારિક રીતે ઉગાડવામાં આવે છે. ત્યાં રોટલા, પાંઉ, કાંજી બાફીને ખાવામાં ઉપયોગમાં લેવામાં આવે છે તેનો ઉપયોગ ચારા કે કડલ તરીકે થાય છે અને પક્ષીઓને ખવડાવા ખાસ કરીને મરઘા ઉછેર કેન્દ્ર, બટેર (લેલાં) ટર્કી, તેતર અને જંગલી કબૂતર જેવાં લડાકુ પક્ષીઓને ખવડાવામાં થાય છે. બાજરી મરઘાને ખવડાવાથી ઓમેગા ૩' નામના ફેટી એસિડની માત્રા વધુ મળે છે! ખાદ્ય પદાર્થ તરીકે બાજરો વપરાય છે. બાજરીમાં મુખ્ય રીતે સ્ટાર્ચ હોય છે. જેથી તેને ખાવાથી બોડીને ભરપૂર એનર્જી મળે છે અને શરીર અંદર અને બહારથી પણ ઊર્જાવાન રહે છે. તેમાં ભરપૂર માત્રામાં ફાઇબર હોય છે. જેથી તે સરળતાથી પચી જાય છે અને પાચનને દુરસ્ત રાખવામાં મદદ કરે છે.

કબજિયાતનું અને ગેસની પરેશાની હોય તો સમસ્યામાં રાહત મળે છે. તેમ છતાં ડોકટરની સલાહ લેવી જરૂરી છે. બાજરીનું વાવેતર ફેબ્રુઆરીના પ્રથમ અથવા બીજા અઠવાડિયામાં ઠંડી ઓછી વાવેતર કરવામાં આવે છે. બીજમાં અંકુરણ મોડું અને ખૂબ જ ધીમું થાય છે. પણ બાજરો તાકાતવાન છે. બુઢ્ઢા જુવાન બની જાય! હાલે આ બાજરાનો પાક તૈયાર થઇ ગયો છે. વાંકાનેર તાલુકાના ધમલપર ખાતે એક ખેતરમાં લહેરાતો બાજરો ને બાજરો ખાતો પોપટની તસવીર જોતા મજા આવશે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગરમીમાં ઐતિહાસિક હથિયાર... ટુવાલ!



**ફર્નિચર** તથા ટોઇલેટ એસેસરીઝના મોલમાં જઇએ છીએ ત્યારે જાતજાતના ટુવાલ જોવા મળે છે. ટુવાલની સાઇઝ, સોફ્ટનેશ તથા ડિઝાઇન જોઇને ખરીદવાની લાલચ રોકી શકાતી નથી, પણ ટુવાલના ભાવ વાંચીએ તો એસીમાં પણ પરસેવે રેબઝેબ થઈ જવાય.

ગરમીમાં જીવન જરૂરિયાતનું કોઈ અમોઘ શસ્ત્ર હોય તો એ ટુવાલ છે. આમ તો એનો નાનો ભાઇ એટલે રૂમાલ થાય. આપણે ગુજરાતીઓ નાના -મોટા દરેક શરીર સાફ કરવાના કપડાને રૂમાલ કહેતા હોય છે.

રૂમાલ મૂળે ફારસી શબ્દ છે. રૂ એટલે ચહેરો અને માલ એટલે મલવું અર્થાત્ ચહેરો મહળીને સાફ રાખવા માટેનું કપડું. આમ ટુવાલ પણ વિદેશી શબ્દ છે. ટુવાલ શબ્દ આપણે ત્યાં પોર્ટુગીઝ લઇને આવ્યા.

ભારતમાં પણ વિસ્તાર મુજબ જાતજાતના કપડાં થકી રૂમાલ કે ટુવાલ બનતા. જ્યારે કોઈ કોલકાતા ફરવા જતાં ત્યારે ત્યાંથી ખાસ લાલ પોતડી મગાવવામાં આવતી. એ જ રીતે મહારાષ્ટ્ર જતાં એમની પાસે કોટનનો ટુવાલ મગાવવામાં આવતો.

આમ તો આપણા માટે એકાદ બે પ્રકારના ટુવાલનો પરિચય હોય છે. બાથરૂમમાં વપરાતો કે સ્વિમિંગ પૂલમાં સ્નાન પછી વપરાતા ટુવાલ વિશે માહિતી હોય છે, પણ અંદાજે વીસ કરતાં વધારે પ્રકારના ટુવાલ વપરાશમાં હોય છે. મધ્યમ વર્ગનો પરિવાર સમુદ્ર કિનારા પર જાય કે ઘરના બાથરૂમમાં હોય એ એક જ ટુવાલ લઇને ફરે છે, પણ સમુદ્ર સ્નાન પછી અલગ પ્રકારનો ટુવાલ વપરાશમાં હોય છે. એ જ રીતે રસોડાથી માંડીને કૂતરાઓને નવડાવવા સુધીના અલગ અલગ ટુવાલ હોય છે. અવકાશયાત્રીઓ માટે ખાસ ટુવાલ બન્યા છે તો અલગ અલગ સ્પોર્ટ્સ માટે ટુવાલની વિશાળ રેન્જ હાજર છે. જિમમાં વપરાતા ટુવાલ પ્રમાણમાં નરમ અને વધુ પરસેવો શોષી શકે તેવા હોવા જોઈએ. આમ આપણે ધારીએ છીએ એના કરતાં ટુવાલની દુનિયા અતિ વિશાળ છે.

ટુવાલ થકી માણસને ઓળખવાનો અભ્યાસ થતો હશે. ઘણી વ્યક્તિને અત્યંત કોમળ ટુવાલ પસંદ હશે તો ઘણાને કોમળ ટુવાલથી શરીર સાફ કરવાની મજા જ આવતી નથી. ઘણા પાસે તો પેઢી દર પેઢી એક જ ટુવાલ ટકતો હોય છે. ટુવાલમાં ગાબડાં પડે છતાં એ જ ટુવાલ જોઈએ એવી મમત છૂટતી નથી. ટુવાલ નકામો થાય એટલે ઘર સફાઇમાં પણ ઉપયોગી થાય અને જ્યાં સુધી ચીથરા ના નીકળે ત્યાં સુધી ટુવાલના નસીબમાં પરિવારની સેવા લખાયેલી હોય છે.

ઘણા ટુવાલ વજનમાં ભારેખમ હોય છે એના ચાહક અલગ હોય છે, જ્યારે ઘણાને હળવા વજનના ટુવાલ પસંદ હોય છે. ઘણા પરિવાર જલદી ડાઘા ન દેખાય માટે કલરફૂલ ટુવાલ પસંદ કરે છે, જ્યારે ઘણાને શાંતિના પ્રતીક સમાન સફેદ કલરના જ ટુવાલ પસંદ હોય છે.

મનોવિજ્ઞાન માને છે ટુવાલના રંગની પસંદગી સમજવાની જરૂર છે. રોમેન્ટિક ટ્રીપ પર કે સમુદ્ર કિનારે લાલ રંગ રોમાન્સનો તડકો લગાવી શકે છે. ભૂરો રંગ શાંત છે, ગોલ્ફ જેવી ધ્યાનપૂર્વક રમાતી શાંત રમતોમાં બ્લ્યુ રંગ જરૂરી છે, ત્યાં લાલ ટોવેલ ચાલે નહીં. પ્રકૃતિ માણવા નીકળેલા માણસને લીલા રંગનો ટુવાલ આપવો જોઈએ. ધાર્મિક આધ્યાત્મિક યાત્રાઓમાં આત્મિક વિકાસ સમયે સફેદ ટુવાલ વાપરવાથી મન શાંત થાય. મનોવૈજ્ઞાનિકો ટુવાલની પસંદગી પરથી પણ જે તે પરિવારની માનસિકતા સમજતા હશે.

જો કે એક સામાન્ય માણસ જ્યારે કોઇનો ટુવાલ જુએ એટલે ખબર પડી જાય કે સ્વચ્છતા અંગે કેટલા સભાન છે. એક અભ્યાસ અનુસાર બે કે ત્રણ વખત ઉપયોગ કર્યા પછી ટુવાલને પણ સ્નાન કરાવવું મિન્સ ધોવો જરૂરી છે. ટુવાલમાં લાખો કરોડોની સંખ્યામાં જમ્સ ભેગા થવાની સંભાવના રહેતી હોય છે જે વ્યક્તિને બીમાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આમ તો દરેક સંસ્કૃતિ હજારો વર્ષથી શરીર સાફ રાખવા નિતનવા પ્રયોગો કરતી હોય છે. ભારત જેવા દેશ વિશ્વને કપડાં પૂરા પાડતા હતા. ભારતીય પરંપરામાં ટુવાલની પરંપરા હોય જ, પણ આધુનિક ટુવાલની પરંપરા વિશ્વભરમાં તુર્કીથી આવી હોવાનું માનવામાં આવે છે. ટુવાલના ઇતિહાસમાં એવું માનવામાં આવે છે કે તુર્કીમાં પ્રારંભમાં ટુવાલ ફક્ત ધનિક વર્ગ માટે હતો ,પણ સમય જતાં ડિમાન્ડ વધવા લાગી અને ઔદ્યોગિકરણના પ્રતાપે ઉત્પાદન વધતા ધીમે ધીમે સામાન્ય માણસ માટે પણ ઉપલબ્ધ થવા લાગ્યો.

એવું લાગે છે કે ટુવાલ વગર તો કદાચ હવે સ્નાન શક્ય નથી, બાથરૂમમાં પાણી આવે છે કેમ એ સવાલ પહેલાં ટુવાલ છે કે કેમ એ પહેલી જરૂરિયાત છે. હિન્દી સિનેમામાં એ તો ટુવાલને રોમાન્સનું સાધન બનાવી દીધું છે. હીરો કે હિરોઇન જાણે-અજાણે ટુવાલ ભૂલી જાય તો દરવાજો ખૂલે અને બંને બાથરૂમમાં પહોંચે. કાજોલનો ટુવાલ સાથે ડાન્સ એક ઇતિહાસ બની ગયો અને સલમાન ખાનની ડાન્સની નકલ કરવી હોય તો ટુવાલ ફરજિયાત છે.

સિનેમાએ ટુવાલ થકી કંઈ કેટલા મર્ડર પણ કરી નાખ્યાં. સિનેમાના રોમાન્સ દર્શાવવામાં મહત્ત્વનું પરિબળ ટુવાલ માણસને સ્વજનના નિધન સમયે છેક સ્મશાન સુધી સાથ આપે છે. ભારતથી માંડીને ગ્રીક સુધીની સંસ્કૃતિમાં શરીર સાથે આત્માની શુદ્ધિ માટે ટુવાલ અથવા કાપડના ટુકડાને વાપરવાની પરંપરા હતી.

જો કે ગરમીમાં માથા પર કે ખભા પર સુતરાઉ કાપડ રાખવાની પરંપરા ભારતમાં પૌરાણિક છે. મૂળ વાત શરીર સાફ રાખવા સાથે જે તે ભૌગોલિક સ્થિતિ સાથે સાંસ્કૃતિક દર્શનનો અનુભવ કરાવે છે. ભારતમાં હજારો લોકોને રોજગારી પૂરો પાડતો તથા હજારો કરોડનું માર્કેટ ધરાવતો ટુવાલ ફેમિલીના બિઝનેસને પ્રમોટ કરવા એંસી ફૂટ લાંબો અને સાઇઠ ફૂટ પહોળો વર્ષ ૨૦૧૧માં વિશ્વનો સૌથી મોટો ટુવાલ બનાવવામાં આવ્યો હતો.

જાપાન સુધ્ધાંમાં ટુવાલના ઇતિહાસ થકી પ્રજા પોતાનો વારસો જાણી શકે એ માટે ખાસ મ્યુઝિયમ બન્યું છે. માણસનો તથા પરિવારનો ઇતિહાસ ભૂગોળ અને તેનામાં રહેલા નાગરિકત્વ સમજવામાં શક્ય છે કે ટુવાલ આગવું યોગદાન આપી શકે છે. ■

## ધ એન્ડ

*ભિતિહરવામાં એક મહિલાને અત્યંત ગંદા કપડામાં જોઈ ગાંધીજી ખૂબ વ્યથિત થયા. ગાંધીજીએ કસ્તુરબાને કહ્યું કે તમે પેલી મહિલાને કહો કે સ્વચ્છ કપડાં પહેરે અને સ્વચ્છ રીતે સ્નાન કરે. કસ્તુરબાએ એ મહિલા સાથે વાત કરી, ખબર પડી કે એની પાસે આ એક જ કપડું છે.*

*બાપુ કશું બોલ્યા નહીં, પણ આખી જિંદગી પોતડી પહેરી. વેલ્યુઝ સમજાવવા ભાષણ કરવાના ન હોય. આ ઘટનાને રિચાર્ડ એટનબરોએ થોડી કલ્પના ઉમેરીને દર્શાવ્યું હતું.*

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બાળક છો દૂર છે, શોપિંગ જરૂર છે



ગામડાની હોય કે શહેરની, દેશી હોય કે વિદેશી, ભણેલી હોય કે અભણ... સમગ્ર નારીગણને બાંધતો એક તંતુ છે શોપિંગ. પોતાના માટે હોય, ભત્રીજી - ભાણેજ હોય, ફ્રેન્ડની ડોટર માટે હોય... જ્યાં જ્યાં વસે સન્નારી ત્યાં ત્યાં સદાકાળ શોપિંગ એ સર્વકાલીન સમીકરણ છે. અસલના વખતમાં મહિલા ગર્ભવતી થાય એટલે ઊન - સોયા લઈ સ્વેટર ગૂંથવા બેસી જતી. આજની મોડર્ન માનુની પ્રેગ્નન્સી દરમિયાન ચાઈલ્ડ માટે શોપિંગ કરે છે. બાળોતિયાં - હિંચકાની જગ્યા ડાયપર અને ક્રેડલ - ટોડલર બેગ્સએ લઈ લીધી છે.જો કે, યુકેની એક અપરિણીત કન્યાનું શોપિંગ શોકિંગ લાગે એવું છે. લગ્ન નક્કી થવાની વાત તો દૂર, બોયફ્રેન્ડ પણ ન હોવા છતાં બાળકોના એક જુઓ અને એક ભૂલો એવા કપડાં ખરીદી એને અલમારીમાં ગોઠવી રહી છે. આ અલમારીમાં હાથે ગૂંથેલા સ્વેટરથી માંડી રોમ્પર્સ (ફૂલ સ્લીવ સૂટ), વન્જીઝ (બાળકના સમગ્ર શરીરને ઢાંકી દેતો સળંગ ડ્રેસ) તેમજ પ્રિન્ટેડ શર્ટ્સ અને બોટમ્સની સજાવટ આંખોને વહાલી લાગે છે. આ સન્નારીનું ચસકી ગયું છે એવું નથી. એની દલીલ છે કે ટૂંક સમયમાં કે બે ચાર વર્ષ પછી મારા લગ્ન થયા બાદ બાળક આવશે ત્યારે ઝાઝો ખર્ચ ન થાય એટલે પોતે બધું ભેગું કરી રહી છે. વર્ષનું અનાજ, વર્ષના મસાલા ભેગા કરતી અનેક મહિલા તમે જાણતા હશો, પણ બાળકના કપડાં ભેગા કરવા? અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું?

## ચોથી પાસ દાદાજીની દાદાગીરી



સીમમાં જઈ પાડા (સાંઢ) ચરાવવા અને ઘરમાં બેસી પાડા (ઘડિયા) ગણવા એમાં ઉત્તર - દક્ષિણ જેટલો ફરક છે. એવી જ રીતે ઊંઠાં આવડવા (સાડાત્રણના ગુણાકારવાળા ઘડિયા) અને ઊઠાં ભણાવવા (છેતરવું) માં પણ અર્થભેદ છે. આપણા દેશમાં ગણિત ભણ્યા ન હોય પણ ગણતરી કરવામાં નિષ્ણાત વડીલોનું ચાતુર્ય આંખો પહોળી કરી દેનારું હોય છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક વીડિયોમાં રાજસ્થાનના નાગૌર જિલ્લાં લાંપોલાઈ નામના ગામના ૮૦ વર્ષના તુલસારામ જાખડ નામના દાદાજીની ગણિતમાં દાદાગીરી જોઈ કેલ્ક્યુલેટર પણ શરમાઈ જાય. માત્ર ચોથા ધોરણ સુધી શાળા અભ્યાસ કરનારા જાખડ દાદા ૧૦૦૦ સુધી કોઈ પણ રકમનો પાડો (ઘડિયો) આપણે ૧થી ૧૦૦ જે આસાનીથી બોલીએ એવી સહેલાઈથી એક પણ ભૂલ વિના બોલી જાય છે. વીડિયોમાં દાદાજી ૮૬૯નો ઘડિયો હાથના વેઢા કે કાગળ - પેનની મદદ વિના જે રીતે સડસડાટ બોલી જાય છે એની આગળ ગમે એવું ભણતર પાણી ભરે. લોકોમાં તુલસારામજી ‘ગણિતના જાદુગર’ તરીકે નામના ધરાવે છે એની નવાઈ નથી લાગતી. નહીંવત શિક્ષણ મેળવનારા દાદાજી આ આવડતને ઈશ્વરની કૃપા લેખાવે છે.


## એક તૂ હી ધનવાન હૈ...



જે વ્યક્તિ પાસે ખૂબ ધન હોય અને જેનો વાન ઉજળો હોય એ સાચો ધનવાન એમ ઘણી વાર મજાકમાં કે કટાક્ષમાં કહેવાતું હોય છે. શ્રીમંત હોવું એ બેન્ક બેલેન્સના આધારે નક્કી થતું હોય છે એ વાત સાચી, પણ આ જગતમાં એવી વિરલ વ્યક્તિ વારે તહેવારે જોવા મળે છે , જે ધન કરતાં વિશેષ મનથી શ્રીમંત હોય છે. ૫૨ વર્ષના ઈરાની પુરુષ પોતાની ખોવાયેલી વસ્તુ શોધવા કે અન્ય કોઈ કારણસર સડક પર પડેલી કચરા ટોપલીઓ ફેંદી રહ્યા હતા ત્યારે અચાનક એક વજનદાર બેગ હાથમાં આવી. કુતૂહલવશ એમાંનો કચરો છૂટો પાડ્યો તો ધ્યાનમાં આવ્યું કે એમાં સોનું અને ડૉલરની ચલણી નોટો હતી જેનું મૂલ્ય ૩૧૦૦૦ ડૉલર (આશરે ૨૫ લાખ રૂપિયા) હતું. સામાન્યપણે આવી મોટી રકમ આ રીતે અનાયાસે હાથ લાગી હોય તો ‘જેવી હરિ ઈચ્છા’ કહી ઘરભેગી કરવામાં આવે. જો કે, આપણા ઈરાની ભાઈને નાનપણમાં માતા - પિતાએ શીખવેલી વાતનું સ્મરણ થયું કે કોઈની ખોવાયેલી પૂંજી હાથ લાગે તો માલિકને શોધી એને સોંપી દેવી. પણ માલિક શોધવો કઈ રીતે? નસીબજોગે બેગમાંથી એક બેન્ક કાર્ડ મળી આવ્યું અને એની મદદથી મૂળ માલિક (૫૦ વર્ષની મહિલા)ને શોધી મિલકત હાથોહાથ સોંપી દીધી. બેગ કઈ રીતે કચરા ટોપલીમાં પહોંચી એ જાણવાનો પ્રયાસ કરતા ખબર પડી કે મહિલાના પૌત્રએ બેગમાં કચરો - રદ્દી છે એમ સમજી ફેંકી દીધી હતી. ઈરાન હાલ આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે એ પરિસ્થિતિમાં સાચા શ્રીમંત તો ૫૨ વર્ષના ઈરાની પુરુષ જેવા લોકો જ છે.

## ચાયજીપીટી, એઆઈમાર કે!

અંગ્રેજી ભાષામાં પાંચ વોવેલ (સ્વર) A, E, I, O, U. ભાષાના બંધારણમાં, એના વિકાસમાં અને એના વ્યવહારમાં પાંચેયનું યોગદાન અને મહત્ત્વ સરખા જોવા મળ્યા છે. ભાષા ક્યારેય કોઈ સાથે ભેદભાવ નથી કરતી. જો કે, જીવનમાં દરેક ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી રહેલી ટેક્નોલોજીને કારણે ભાષા વિશ્વમાં પણ હલચલ મચી ગઈ છે. એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે A-I નામના બન્ને સ્વરનો સ્વર ઊંચો થઈ ગયો છે. જરા ફોડ પાડી વાત કરીએ. એ અને આઈ પરણી ગયા છે અને AI-Artificial Intelligence- કૃત્રિમ બુદ્ધિમત્તા અથવા મશીનનું દિમાગ એવો અર્થ ધારણ કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કારણે ચાયના વ્યવસાય માટે ચાહ નિર્માણ થઈ છે અને હૈદરાબાદમાં ‘ચાય, ગરમ ચાય’ માટે ગ્રાહકોને




આકર્ષતા કિરણ અને રોહિત નામના બે ભાઈએ ગયા વર્ષે Chai GPT નામની દુકાન શરૂ કરી ચાના ઘણા સ્ટોલ - દુકાન કપમાં તોફાન A storm in the teacup (જેનો અર્થ છે મહત્ત્વ ન ધરાવતી વસ્તુ પ્રત્યે લોકોની નારાજગી) મચાવ્યું હતું.

યંગસ્ટર્સની નજરમાં વસી જવા ‘ચાય જીપીટી, એઆઈમાર કે’ એવું નામકરણ કર્યું હતું, અલબત્ત , અહીં માણસની બુદ્ધિએ અદરખ - ઈલાયચી (આદુ - એલચી)ને AI સ્વરૂપે રજૂ કરી આકર્ષણ જન્માવ્યું હતું.

મુંબઈમાં એક સમયે ‘ચાય, મલાઈ માર કે’નો જમાનો હતો. હવે તો હૈદરાબાદમાં ‘ચાય જીપીટી. એઆઈ માર કે’નો પ્રભાવ વધી રહ્યો છે. ચાનો વ્યવસાય બરાબર ‘ઉકળી’ રહ્યો હોવાથી બંને ભાઈ હવે બાન્ડની લોકપ્રિયતાનો લાભ ઉઠાવી chai GPT with AI નામથી ચાની ભૂકી પણ બજારમાં મૂકવાની તૈયારી કરી રહ્યા છે.

## વાળ કાપીશ ફ્રીમાં, આવીએ દસ-બાર?

એક દિવસ મીઠાઈની દુકાનનો માલિક વાળંદ પાસે આવ્યો. નાયીએ સરસ મજાની હેર કટ કરી આપી અને રાજી રાજી થયેલા કંદોઈએ ‘કેટલા થયા’ એમ પૂછ્યું તો દિલદાર વાળંદ ભાઈ બોલ્યા કે ‘હું તમારી પાસે પૈસા નહીં લઉં કારણ કે પવિત્ર રમઝાન મહિનો ચાલી રહ્યો છે.’ કંદોઈ રાજી થઈ રવાના થયો. બીજે દિવસે સવારે વાળંદ દુકાન ખોલવા આવ્યો ત્યારે દરવાજા પાસે મીઠાઈના બે બોક્સ રાહ જોઈ રહ્યા હતા. મોઢું મીઠું કર્યા પહેલા વાળંદના ચહેરા પર મીઠાશ તરવરી ઊઠી. એ દિવસે સાંજે મોબાઈલ વેચતો દુકાનદાર શેવિંગ કરાવવા આવ્યો. દાઢી કરાવ્યા પછી એણે પૈસા પૂછ્યા તો એને પણ કંદોઈને મળ્યો હતો એ જ જવાબ મળ્યો. મોબાઈલના દુકાનદારે વાળંદ સાથે સેલ્ફી લીધી અને હરખાતો હરખાતો રવાના થયો. બીજે દિવસે નાયી માટે પેટી પેક મોબાઈલ સુખદ આશ્ચર્યના સ્વરૂપમાં હાજર હતો. વાળંદના દિલના નેટવર્કમાં મોબાઈલ માલિક આવી ગયો. ત્યારબાદ એક રાજકારણી હજામત કરાવવા પધાર્યા. હેરકટ પછી ખિસ્સામાં હાથ નાખવાનો ડોળ રાજકારણીએ કર્યો ત્યારે કોઈપણ પ્રકારના દંભ વિના સસ્મિત વાળંદે એટલું જ કહ્યું કે ‘આજે રમજાનનો છેલ્લો દિવસ છે. હું તમારી પાસેથી પૈસા નહીં લઉં.’ આ ઔદાર્યથી રાજી થયેલા રાજકારણીએ નાયીનો ખભો થાબડ્યો અને ‘દેશને તારા જેવા નાગરિકની જરૂર છે’ એવા મતલબનું બડબડી વિદાય લીધી. બીજે દિવસે સાંજે કામ કરતા કરતા વાળંદની નજર દુકાન બહાર પડી અને તેણે શું જોયું? મફત વાળ કપાવવા ડઝન રાજકારણીઓ બે હાથ જોડી હસતા મોઢે ઊભા હતા.

## લ્યો કરો વાત!

રશિયાના વ્લાદિવોસ્તોક શહેરના ભૂતપૂર્વ મેયરને ૩૮ મિલિયન રૂબલ (આશરે ત્રણ કરોડ ૪૦ લાખ રૂપિયા)ની લાંચ લેવાના આરોપસર સરકારે ૧૨ વર્ષની જેલની સજા ફરમાવી હતી. હવે સરકારી ‘સ્કીમ’ની મદદથી માજી મેયર જેલની સજામાંથી મુક્ત થઈ ગયો છે. બહાર આવી બીચ પર ફરવા કે નાઈટ ક્લબમાં એન્જોય કરવાનું એને માટે શક્ય નથી, કારણ કે જેલમાંથી નીકળ્યા બાદ તેને સીધો રણમેદાનમાં મોકલી આપવામાં આવ્યો છે. વાત એમ છે કે જે જેલના કેદી હાથમાં બંદૂક ઉઠાવી યુક્રેન સામેના યુદ્ધમાં ખુવાર થવા તૈયાર થવા સરકાર જોડે છ મહિનાનો કોન્ટ્રેક્ટ કરે અને જો યુદ્ધભૂમિ પરથી હેમખેમ પાછા ફરે તો સજા માફ કરવામાં આવશે એવું વચન આપવામાં આવ્યું છે. અલબત્ત, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ રશિયાએ કેદીઓની બટાલિયન બનાવી સંગ્રામમાં તેમનો ઉપયોગ કરવાનો કીમિયો અજમાવ્યો હતો.■


## ક્લાસિફાઈડ

### ૩૩. ધંધાદારી

**સર્જીકલ મોલ**

**Vissco / Tynor 30% ડિસ્કાઉન્ટ. વીલચેર/હોસ્પીટલબેડ/ બાયપેપ/ સીપેપ / વોકિંગ સ્ટીક વેચાણથી / ભાડેથી. એડલ્ટ ડાઈપર / બાથ ટોવેલ /ગ્લોવ્સ / કોટન હોલસેલ ભાવથી મળશે. - 9869337720. (એસડીબી-૧૮૬૫)**

**કબુતરની જાળી**

ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વીસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ‘‘જીતુભાઈ’’- 7900191232. -(બી-૧૪૧૨૭)

**10000 કમાઓ**

ઘર બેઠા sutarias જામનગરવાળા મસાલા-અથાણાનું વેચાણ કરી સ્વતંત્ર બનો 8200644970- 9426239355. (જેપી/૪૯૧૩-એફ)

GOLDEN OPPORTUNITIES. Require Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-14108)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**કબાટ**

ઈલેક્ટ્રોનિક તિજોરી નવા લેવા, જૂના, કલર, રીપેરીંગ, ફેક્ટરીમાંથી-9820689880. (૧૪૩૪૦-આઈ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**પોઝિટીવ રિઝલ્ટ**

આર્થીક, માનસીક, સામાજીક, શારીરિક, લગ્નવિષયક, સંતાનસુખ, અથવા અન્ય કોઈપણ સમસ્યાના સચોટ સમાધાન માટે સંપર્ક - એસ્ટ્રોલોજી એક્સપર્ટ, વાસ્તુ કન્સલ્ટન્ટ, આધ્યાત્મિક ગુરૂ શ્રી અંકિત આચાર્ય: એપોઈન્ટમેન્ટ: 7021070218. (કન્સલ્ટેન્ટસી ચાર્જ 5100/=). (૧૩૪૯૮-સી)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FREE DESIGNING**

[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**

(1997) કોક્રોચ 560/-, માકડ 660/-, ઉધઈ 760/-, ફ્લેટ, ઓફિસ, સોફા ક્લિનિંગ-9322504177 / 8080575877. (જેપી-૪૯૧૨-ઈ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**SWAMINARAYAN WATERPROOFING**

ટેરેસ, સોસાયટી, બંગલો, છજ્જા, આઉટ-ઈન વોલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટર, પેન્ટીંગ, બાથરૂમ, વોટરપ્રુફીંગ. 9321784252/ 9967832871. (૧૩૪૯૫-એ)

**વોટર પ્રુફીંગ**

છજ્જા, બિલ્ડિંગ, રીપેરિંગ, પેઈન્ટિંગ, ખાત્રીથી કરાવો. 7718032111/ 7718809123/7045025782. (૧૪૩૪૯-એ)

**લિકેજ બંધ**

સ્પેશ્યાલિસ્ટ વૉટરપ્રૂફિંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરિંગ, પેઈન્ટિંગ. - 9769735633 - 7977683538. (બી-૧૪૦૬૬)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

**પરદેશમાં પાર્સલ**

Western Air International, USA, UK, Canada, New Zealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૪૩૩૬-ડી)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)





(14336/A)


મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# શું છે મહાપુરુષોની મહાનતાનું રહસ્ય...?

**સ્પર્ધાના આ યુગમાં સાદગીભર્યું જીવન માત્ર કલ્પના કે વિચારોમાં જ રહી ગયું છે. આમ છતાં ઉચ્ચ વિચાર સાથનું સાદું જીવન છે મહામાનવની મહાનતાનું રહસ્ય**



સાદું જીવન અને ઉચ્ચ વિચાર આવી વાત કે ઉક્તિ આજના સમયમાં માત્ર નામની જ રહી છે. સાદું જીવન -ઉચ્ચ વિચાર એ ઋષિઓએ બતાવેલો શ્રેષ્ઠ માર્ગ છે. દરેક યુગમાં તેનો મહિમા ગાવામાં આવે છે. જો કે સમય જતા અનુભવથી એની સાચી સમજનો વિકાસ થાય છે. જીવનની પ્રારંભિક અવસ્થામાં એટલે કે જુવાનીમાં તડક ભડક કપડાં અને ફેશન તથા મોજશોખ જીવનનું અંગ બની જાય છે, પરંતુ જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ બૌદ્ધિક તથા વૈચારિક પરિપક્વતા વધે છે. સમય જતાં જીવન તત્ત્વનો બોધ થાય છે ત્યારે સમજાય છે કે બાહ્ય આડંબર તથા દેખાડો કરવામાં કોઈ સાર નથી. એનાથી આપણું છીછરાંપણું તથા બાલીશતા જ પ્રગટ થાય છે. શાંતિની અનુભૂતિ તો સાદગીપૂર્ણ પવિત્ર જીવન જીવવાથી જ થાય છે.

બીજી તરફ, દેખાદેખી અને સ્પર્ધાના યુગમાં સાદગીભર્યું જીવન માત્ર કલ્પના કે વિચારોમાં જ રહી ગયું છે. બધા કરે છે તો હું કેમ ન કરું ? એવા વિચારમાં લોકો પોતાની આવક કરતાં વધુ ખર્ચ કરતાં પણ ખચકાતા નથી.સાદું જીવન, સાદું ભોજન,સાદો પોશાક આજે કોઈને ગમતો નથી. વ્યસન અને ફેશન મોટાભાગના લોકોના જીવનમાં વણાઈ ગયાં છે. દેખાદેખીને લીધે કોઈને મોજશોખ કરતા જોઈને સાદું જીવન જીવવાના વિચારો ક્ષણભરમાં ગાયબ થઈ જાય છે. દેખાદેખી ખાતર આવક કરતાં વધુ ખર્ચ વ્યક્તિની બરબાદીનું કારણ બની જાય છે.

સામાજિક પ્રસંગો અને વ્યવહારોમાં પણ આજકાલ દેખાદેખી વધી ગઈ છે. લગ્ન પ્રસંગમાં દેખાવ ખાતર પોતાની પહોંચ કરતાં વધુ ખર્ચ કરતા હોય છે અને પછી દેવામાં ડૂબી જાય છે.

સામાજિક સંસ્થાઓ સમૂહ લગ્નના આયોજન કરતી હોય છે, તેમ છતાં આવાં સમૂહ લગ્નમાં ન જોડાઈને લોકોની ક્ષણિક વાહવાહી સાંભળવા ખાતર પોતાના જીવનની આખી કમાણી દાવ પર લગાવીને લગ્નનાં ખર્ચાળ આયોજન કરે છે. મૃત્યુ જેવા દુઃખદ પ્રસંગએ પણ સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા ખોટા ખર્ચ કરવામાં આવે છે.

જન્મદિવસ અને બીજી નાની- મોટી ખુશી ખુશી ના રહેતાં માત્ર દેખાડાની સ્પર્ધાઓ બની ગઈ છે. કોણ કેટલી આત્મીયતાથી કે સ્નેહથી ખુશીઓમાં સામેલ થયું એના કરતાં કોણ કેટલી મોંઘી ભેટ લાવ્યું એના આધારે માણસની કદર કરવામાં આવે છે. સોશિયલ મીડિયા પર માત્ર લોકોનું ધ્યાન આકર્ષવા જ મોંઘી હોટેલનાં બિલ ભરવામાં આવે છે.ભોજનના સ્વાદ કરતાં ફોટો કોમેન્ટ અને લાઈક્ના ટિક માર્કમાં વધુ ધ્યાન હોય છે.યુવાનો કોલેજકાળમાં શિક્ષણ કરતાં મોજશોખ ઉપર વધુ ધ્યાન આપે છે. ફિલ્મો, પાર્ટીઓ અને જલસા પાછળ સમય અને નાણાંનો વ્યય કરતાં નજરે પડે છે. ફિલ્મ અભિનેતાઓના વ્યસની અને ઉડાઉ ચરિત્ર નિહાળીને દારૂની મહેફિલ અને સિગારેટના ધુમાડાના ગોટા ઉડાડવા એ જ હીરોગીરી છે એમ સમજી બેસીને વ્યસનના દૂષણનો ભોગ બનતા હોય છે.

સાદગી જ જીવનને નિખારે છે.માણસ પોતાના કપડાંથી નહીં, પણ વિચારોથી જ મહાન બને છે. મોંઘા કપડાં કે મોંઘી ગાડી થોડા સમય માટે જ વાહવાહી કરાવશે, જ્યારે સાદગી હંમેશને માટે યાદગાર બની જશે. જરૂરિયાત અને આવક પ્રમાણે ખર્ચ કરવો એ જ સાચી સાદગી છે.જરૂરી હોય એટલો જ ખર્ચ કરવાથી જીવન તણાવમુક્ત બને છે. બીજાને ગમશે કે નહીં ગમે, એની દરકાર

કર્યા વગર પોતાનાથી શક્ય હોય એટલું જ કરવાની આદત માણસને મહાન બનાવે છે. સાદગીથી સંતોષ અને સંતોષથી માનસિક શાંતિ મળે છે.

મહાપુરુષોની મહાનતાનું કારણ પણ સાદગી અને ઉચ્ચ વિચાર જ છે.આપણે ખૂબ જ વૈભવી જીવન જીવનાર ઉદ્યોગપતિઓને નહીં પણ સાદગીથી જીવીને જીવનના આદર્શો શીખવી જનાર મહાપુરુષોને જ હંમેશાં યાદ કરીએ છીએ. એમણે જીવનમાં હંમેશાં સરળતા અને સાદગીને જ સ્થાન આપ્યું છે. પરિણામે સામાન્ય માનવમાંથી મહામાનવ તથા દેવ તુલ્ય શ્રેણીમાં પહોંચી ગયા.

આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં રાજકુમાર સિદ્ધાર્થે પોતાના રાજસી વૈભવ તથા સુખ- સગવડોનો ત્યાગ કરીને તપ કરવા માટે જંગલમાં જતા રહ્યા અને મહાત્મા બુદ્ધ બની ગયા હતા. બુદ્ધ બનીને એમણે લોકોને શાંતિ, કરુણા તથા નિર્વાણનો સંદેશ આપ્યો હતો. વર્ધમાનમાંથી મહાવીર બનવાની કહાની પણ આવી જ છે. એમણે પણ રાજસી ઠાઠમાઠ છોડીને અહિંસા તથા તપનો માર્ગ અપનાવ્યો ને જીવનમાં સાચી શાંતિ તથા પ્રસન્નતા મેળવવા માટે સાદું જીવન જીવીને સમાજમાં ઉચ્ચ વિચારોનો પ્રચાર-પ્રસાર કર્યો.

મધ્યયુગ દરમિયાન કબીર, નાનક, તુલસીદાસ, સુરદાસ, નામદેવ વગેરે અનેક સંતોએ સાદગી તથા સંતોષનો માર્ગ અપનાવ્યો. (જુઓ પાનું ૬)

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ચપ્પલ સૂંઘાડી મૂર્ચ્છિત લોકશાહીને ભાનમાં લાવો...




સ્ટેજ પર ચૂંટણીના ઉમેદવાર ઊભા હતા. ટેકેદારો એક પછી એક સ્ટેજ પર આવીને ઉમેદવાર સાથે હસ્તધૂનન કરીને ઉમેદવારનું અભિવાદનરૂપે ચપ્પલ આપતા હતા... હા, તમે બરાબર જ વાંચ્યું છે. સામાન્ય રીતે નેતાને બુકે, ગુલછડી, ફૂલહાર, કે બુક આપવામાં આવે છે! અહીં ઉમેદવારને ચપ્પલ, સ્લીપર, ક્રોકસ, બૂટ, મોજડી, સેન્ડલ આપવામાં આવી રહ્યા હતા. ઉમેદવાર ચપ્પલ બનાવનાર સમાજના પણ ન હતા. ઉમેદવાર તો પંડિત હતા. પંડિત અને ચપ્પલનું આ તે કેવું કિસ્મત કનેકશન?!

આ બધું જાણીને રાજુ રદી અને અમારું મન ચકરાવે ચડી ગયું.અમે પણ સ્ટેજ પર ચડી ગયા. અમે પંડિત કેશવ દેવ ગૌતમને ચૂંટણીમાં જીત મેળવવા માટે શુભેચ્છા આપીને કહ્યું: ‘પંડિત સાહેબ, અમારી ‘બખડજંતર’ ચેનલ તમારો ઇન્ટરવ્યુ લેવા ચાહે છે!’

ઉમેદવારે ગળામાં પહેરેલી ચપ્પલમાળા સરખી કરી. સ્માઇલ પહેર્યું. વીખરાયેલા વાળ સરખા કર્યા. હાથ જોડી પોઝ આપ્યો. રાજુએ બે-ત્રણ ફોટા ક્લિક કર્યા. ‘પંડિત સાહેબ, ચપ્પલમાળાનું શું ચક્કર છે?’ અમારો પહેલો સવાલ. ‘ચૂંટણી પંચે મને ચૂંટણી લડવા માટે અલગ તારવેલ ચિહ્નોમાંથી ચપ્પલની ફાળવણી કરી છે. એટલે મેં ફૂલમાળા, વરમાળાની જેમ ચપ્પલમાળા ધારણ કરી છે!’ પંડિત કેશવ દેવ ગૌતમે ગૌરવ સાથે જવાબ આપ્યો.

‘કોઇ વ્યક્તિ કોઇ કાળું કામ એટલે કે કુકર્મ કરે ત્યારે ગધેડા પર અવળો બેસાડી મોં કાળું કરી ચપ્પલની માળા પહેરાવી ગધેડાયાત્રા કાઢવામાં આવે છે. તમે તો ખુદ ચપ્પલમાળા પહેરીને વરરાજાની માફક તૈયાર થઇ ગયા છો! તમે ચૂંટણી સિમ્બોલ બદલવા કોશિશ ન કરી?’ અમે પંડિતને ઠમઠોર્યા. ‘સાહેબ, અમે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સાહેબને અરજી આપી. ચૂંટણી તંત્રે સિમ્બોલ બદલી આપવાનો ઇન્કાર કર્યો. પછી જેમ લગ્નમાં પતિ - પત્ની પડ્યું પાનું નિભાવી લે છે તેમ અમે સિમ્બોલને નિભાવી લીધું છે!’ પંડિત સાહેબે વ્યાવહારિક વાત કરી. ‘પંડિતજી, કોઇ ઉમેદવારને કટારીનું સિમ્બોલ ફાળવવામાં આવે તો ઉમેદવારે

**ચપ્પલનું નિશાન ધરાવતા એક ઉમેદવારની આવી ખ્વાહિશ છે!**

કટારી પેટમાં ખોસવાની થોડી હોય? કટારી કેડે લટકાવવાની હોય. તમે પગમાં જૂતા પહેરીને ફરો તો પણ પ્રચાર થઇ શકે કે નહીં?’ અમારો આગલો સવાલ ‘જુઓ, રિપોર્ટરજી, ચપ્પલની વેલ્યુ જેવી તેવી નથી. ભગવાન રામ વનમાં ગયા ત્યારે અનુજ ભરતે સિંહાસન પર પ્રભુ રામની ચરણપાદુકા મુકીને ચૌદ વરસ શાસન કરેલ. અમારે ચપ્પલ મુકી રાજ કરવાનું છે. પછી ચપ્પલ રામની હોય કે રાવણની હોય!’ પંડિત ઉવાચ.

‘લોકો કોઇ ઇચ્છા પૂરી ન થાય ત્યાં સુધી ચપ્પલ ન પહેરવાની પ્રતિજ્ઞા કે બાધા લેતા હોય છે. અમારે ત્યાં એક ધારાસભ્યે મંત્રી ન બને ત્યાં સુધી ચપ્પલ ન પહેરવાની મોટી પ્રતિજ્ઞા લીધી હતી. આ નેતા ‘ઉઘાડપગા’ તરીકે જાણીતા હતા. એમને ત્રણ મહિના માટે મંત્રી બનાવી ચપ્પલ પહેરવાની તક એક મુખ્યમંત્રી સાહેબે આપેલી....તમે જીતવા માટે કોઇ માનતા-બાધાઆખડી લીધી છે?’ અમે પૂછયું. ‘અમે ચૂંટણીમાં જીતવા માટે કોઇ બાધા આખડી લીધેલ નથી. અમે કર્મમાં શ્રદ્ધા રાખીએ છીએ!’ રણકતા અવાજે પંડિત કેશવ દેવ ગૌતમ બોલ્યા.

‘મહાશય, આપે ગળામાં જે ચપ્પલમાળા પહેરી છે તેમાં કેટલા ચપ્પલ છે? તમે ચપ્પલમાળાનો ખર્ચ ચૂંટણી હિસાબમાં દેખાડ્યો છે?’ અમે સ્ફોટક સવાલ પૂછ્યો. આવા સવાલમાં ભલભલા ઉમેદવાર ક્લીનબોલ્ડ થતા હોય છે. ‘અમે ગળામાં સાત ચપ્પલની માળા (જુઓ પાનું ૬)

# ભાવનગરમાં ભાજપની ભરી સભામાં ક્ષત્રિયોએ સૂત્રોચ્ચાર કરીને કાળાં વાવટા ફરકાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ભાજપની સભા દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયા પ્રવચન કરતા હતા તે દરમિયાન કાળા વાવટા સાથે ધસી આવેલા ટોળાને કારણે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. પોલીસે દેખાવકારોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરમાં આજે મંગળવારે લોકસભાના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયા ઉમેદવારી ફોર્મ ભરે તે પહેલા જંગી સભા યોજાઈ હતી. સભામાં જ્યારે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. મનસુખભાઈ માંડવિયાએ પ્રવચન શરૂ કર્યું તે દરમિયાન અચાનક જ કાળા વાવટા સાથે યુવાનો ઘૂસી આવી અને સૂત્રોચાર કરતા ભારે હંગામો મચી ગયો હતો. એક યુવાન તો સ્ટેજ પર પણ ચડી ગયો હતો અને જય રાજપુતાના એવું બોલ્યો હતો. ભાવનગરમાં લોકસભાના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાની સભામાં ક્ષત્રિય યુવાનોએ રૂપાલાનો વિરોધ નોંધાવ્યો હતો. હાથમાં કાળા વાવટા સાથે ક્ષત્રિય યુવાનો સભામાં પહોંચી ગયા હતા. એક બાજુ મનસુખ માંડવિયાની સ્પીચ ચાલુ હતી તો બીજી બાજુ ભારે હોબાળો મચ્યો હતો. ક્ષત્રિય યુવાનોએ સભામાં જ વિરોધ નોંધાવ્યો હતો. મનસુખ માંડવિયાની સ્પીચ દરમિયાન જ ક્ષત્રિય સમાજના તળાજા તાલુકાના આગેવાને રાજીનામું આપ્યું હતું.

ક્ષત્રિય યુવાનોએ સભામાં અચાનક આવી સૂત્રોચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. આ સભામાં તળાજા તાલુકાના ભાજપના યુવામોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે ચાલુ સભામાં જ બ્લેક કપડાં પહેરીને ૨૦૦ કાર્યકર્તાઓ સાથે રાજીનામું આપ્યું હતું.

દરમિયાન ભાવનગર લોકસભાની બેઠક માટે ઉમેદવારી કરી રહેલા ભાજપના ઉમેદવાર નિમુબેન બભણિયા અને આમ આદમી પાર્ટી ગઠબંધનના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા નામાંકન પત્ર ભરવા વિશાલ રેલી સ્વરૂપે વાજતે ગાજતે નીકળ્યાં હતાં. ત્યારે ઘોઘા ગેટથી ભીડ ભંજન પહોંચેલી ઉમેશ મકવાણાની પાર્ટી અને હાઇકોર્ટ રોડ થઈ ભીડભંજન પહોંચતા બન્ને પક્ષોની રેલી સામસામી થઈ હતી.

જોકે પોલીસ અને આગેવાનોએ કુનેહ અને સંયમ વાપરી કોઈ અનિચ્છનીય બનાવ બનતા રોક્યો હતો. એક સમયે તો ભારે મોટી સંખ્યામાં ટ્રાફિક જામ થતા અને આપના સમર્થનમાં ભાવનગર પધારેલા પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન દ્વારા ભીડભંજન ચોકમાં જ સભા સંબોધતા આસપાસના રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી. ■

# ક્ષત્રિય સમાજના નેતાઓ સાથે ભાજપની મોડી રાતની બેઠકનું પરિણામ શૂન્યઃ આંદોલન યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલા શરૂ થયેલા ક્ષત્રિય સમાજના વિવાદનો અંત આવે તે માટે ગાંધીનગરમાં મોડી રાત્રે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને બેઠક મળી હતી. આ બેઠકમાં સીઆર પાટીલ, હર્ષ સંઘવી સહિત ક્ષત્રિય સંકલન સમિતિના ૧૫ સભ્યો હાજર રહ્યા હતા. મોડી રાત્રે બે કલાક સુધી આ બેઠક ચાલી હતી. આ બેઠકમાં પણ વિવાદનો અંત આવ્યો નથી.

ક્ષત્રિય સમાજ સંકલન સમિતિએ મુખ્ય પ્રધાન, સીઆર પાટીલ અને હર્ષ સંઘવી સાથે બેઠક બાદ કહ્યું હતુ કે અમે મુખ્ય પ્રધાન સાથે રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માગ કરી છે. સમગ્ર સમાજની આ એક જ માગ છે, જેને અમે સીઆર પાટીલ, મુખ્ય પ્રધાન સમક્ષ જણાવી દીધી છે. તેમણે અમને એક-બે દિવસમાં સમાધાન લાવવાની હૈયાધારણા આપી છે. સંકલન સમિતિએ બેઠક બાદ કહ્યું હતુ કે, કોઈ સમાધાન કરવામાં આવ્યું નથી અને સમાધાન થશે પણ નહીં.

સંકલન સમિતિના સભ્યોએ વધુમાં કહ્યું હતુ કે, અમારી માગ માત્ર રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની છે. તે સિવાય કોઈ વાત ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે વધુમાં કહ્યું હતુ કે આંદોલન પાર્ટ-૨ ચાલુ રહેશે અને અમે આંદોલન કરીશું. અમે શાંતિથી વિરોધ કરીશું. ભાજપની સભામાં વિરોધ કરવામાં આવશે. આગળ શું કરવું તે અંગે સંકલન સમિતિની બેઠક યોજવામાં આવશે.

બેઠક બાદ આવેલી વિગત પ્રમાણે સરકારે કહ્યું હતુ કે, રૂપાલાએ બે વખત માફી માગી છે. બીજો કોઈ રસ્તો કરો, પરંતુ સંકલન સમિતિએ કહ્યું કે અમારી એક જ માગ છે કે રાજકોટથી રૂપાલાની ટિકિટ રદ્દ થાય. બીજી તરફ મળતી માહિતી પ્રમાણે સરકાર બે દિવસમાં સંકલન સમિતિ સાથે બીજી બેઠક કરી શકે છે. સરકારે સંકલન સમિતિને ભોજન માટે પણ આમંત્રણ આપ્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને યોજાયેલી મહત્ત્વની બેઠકમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. આ સિવાય ભાજપના ક્ષત્રિય આગેવાનો પ્રદીપસિંહ જાડેજા અને કિરીટસિંહ રાણા હાજર રહ્યા હતા.

ક્ષત્રિય સમાજના આંદોલન માટે બનાવવામાં આવેલી સંકલન સમિતિની બેઠક અમદાવાદમાં મળી હતી. આ બેઠકમાં ચર્ચા કરાયા બાદ ક્ષત્રિય સમાજના આગેવાનો સરકાર સાથે બેઠક કરવા માટે ગાંધીનગર પહોંચ્યા હતા. સરકાર સાથે ચર્ચા કરવા માટે ક્ષત્રિય સમાજના અશ્વિન સરવૈયા, પીટી જાડેજા, કરણસિંહ ચાવડા, અનિરુદ્ધ સિંહ રીબડા સહિત કુલ ૧૫ સભ્યો બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં બે મહિલાઓ પણ હાજર રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપાલાએ થોડા દિવસ પહેલાં એક સભામાં કહ્યું હતું કે બ્રિટિશ શાસન દરમિયાન રાજાઓ અને મહારાજાઓએ પોતાનું માથું ઝુકાવી દીધું હતું અને તેમની સાથે રોટી-બેટીનો સંબંધ બનાવી લીધો હતો, પરંતુ દલિત સમાજથી આવનારા રૂખી સમાજે પોતાનું માથું નહોતું નમાવ્યું. એટલા માટે તેમને હું સલામ કરું છું અને આ જ વાત હતી, જેણે સનાતન ધર્મને જીવિત રાખ્યો જય ભીમ... રૂપાલાના આ નિવેદન બાદ ક્ષત્રિય સમાજ આકરા પાણીએ છે. રૂપાલા ત્રણ વાર માફી માગી ચૂક્યા છે પણ ક્ષત્રિય સમાજ તેમની ટિકિટ કાપવાની વાત પર અડગ રહ્યો હતા. ■

# ભાજપે અહંકારથી સમાજમાં ભાગલા પાડવાનું કામ કર્યુંઃ શક્તિસિંહ ગોહિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તમે ગુનો કર્યા પછી અહંકારથી માફીનું નાટક કરો તો કોઈપણ સમાજ માફ ન કરે, કોઈપણ રાજા મહારાજાએ રોટી બેટીનો વ્યવહાર નહોતો કર્યો, પહેલા ક્ષત્રિય સમાજનું અને પછી દલિત સમાજનું અપમાન કર્યું છે. રાજકીય પક્ષોની પણ કેટલીક જવાબદારી હોય છે, ભાજપે પહેલેથી પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવી જોઈતી હતી. તેમ પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજની નારાજગી પર શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપે અહંકારથી સમાજમાં ભાગલા પાડવાનું કામ કર્યું છે. કેટલાક ક્ષત્રિય આગેવાનોને કમલમ બોલાવી પુરુષોત્તમ રૂપાલાને સમર્થન જાહેર કરાવડાવ્યું છે. કોઈ આંદોલનકારીની ઇરાદાપૂર્વક હાથ મારીને પાઘડી પાડવામાં આવે છે, સમાજનું વિભાજન કરવાનું ભાજપનું કાવતરું રાજકોટના સંમેલનમાં ફેલ ગયું છે. આ આંદોલન કોઈ મુઠ્ઠીભર નેતાએ ઊભું કરેલું નથી, સ્વયંભૂ ઊભું થયેલું છે. ભાજપ એમ માનતું હોય કે ક્ષત્રિય સમાજ રૂપાલાને માફ કરી દેશે તો ભાજપ ભ્રમમાં છે. ભાજપ હવે સમય ચૂકી ગયો છે. ■

# સમગ્ર ક્ષત્રિય સમાજની જરૂર છેઃ પુરુષોત્તમ રૂપાલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:મોટું મન રાખીને ભાજપના વિજયમાં આપ સૌ જોડાવ, તમારા સહયોગની જરૂર છે એવું રાજકોટમાં ઉમેદવારી ફોર્મ ભરવા જતા પહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભાના કાર્યકર્તા ભાઈઓ, મતદાર ભાઇઓ તમે જે ઉત્સાહથી અમને વધાવ્યા એ બદલ હું નતમસ્તક છું, તેમને સમગ્ર મલકમાં મત આપવા અભિયાન ચલાવો એવી મારી વિનંતી છે. મોરબીમાં જે સભા થઇ એ સભામાં હાજરી આપી ત્યારે ખબર પડી કે આ સભા ચાર લોકસભા બેઠકને અસર કરતી હતી. રાજકોટ શહેર અને જિલ્લાના આગેવાનો સમગ્ર લોકસભા વિસ્તારમાં મારો સાધારણ એક પ્રવાસ કરાવી દીધો છે. મોટાં ગામો, જિલ્લા પંચાયતો અને લોકોનો સંપર્ક કરાવવાનું કામ કર્યું છે. તેમને અભિનંદન આપું છું. ક્ષત્રિય સમાજ સાથે ગાંધીનગરમાં વાટાઘાટો ચાલી રહી છે. રસ્તો આ રીતે જ નીકળે છે અને મને પૂરી શ્રદ્ધા છે કે ક્ષત્રિય સમાજ દેશના હિતમાં વિચારશે.

રાજકોટ લોકસભા બેઠક પર કૉંગ્રેસ તરફથી લેઉવા પટેલ ઉમેદવાર પરેશ ધાનાણી ચૂંટણી લડી રહ્યા છે આ મામલે તેમણે જણાવ્યું હતું કે, ઉમેદવાર કોઈ પણ આવે લોકો સતત ત્રીજી વખત નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બનાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં વ્યાપક રોષ ભભૂકી ઉઠ્યો હતો અને છેલ્લા ઘણા સમયથી રૂપાલાને રાજકોટ બેઠક પરથી હટાવા માટે આંદોલન ચાલી રહ્યું છે. બીજી બાજુ ક્ષત્રિય આગેવાનોને ભાજપના આગેવાનો અને તંત્ર દ્વારા મોડી રાત સુધી સમજાવીને મંગળવારે રૂપાલા ઉમેદવારી પત્ર ભરવા જાય ત્યારે રેલી અને સભામાં કોઇ વિરોધ પ્રદર્શન ન થાય તે માટે સમજાવ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ■

# હજારો કેજરીવાલ પેદા થઇ ચૂક્યાં છેઃ ભગવંત માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તમે એક અરવિંદ કેજરીવાલને જેલમાં ધકેલી દેશો, પરંતુ બહાર હજારો કેજરીવાલ પેદા થઈ ચૂક્યા છે તેમને કઈ રીતે જેલમાં ધકેલશો? એવું ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવેલા પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું હતું. ભાવનગર અને ભરૂચમાં આપના ઉમેદવાર લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે તેમના પ્રચાર માટે માન મંગળવાર અને બુધવાર એમ બે દિવસ ગુજરાતમાં છે. અમદાવાદમાં એરપોર્ટ પર પત્રકારોને જણાવ્યું હતું કે, અમે ગુજરાતના લોકોના આભારી છીએ કારણકે ગત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતે આપને ૧૪ ટકા જેટલા મત આપ્યા હતા તેના કારણે આપ રાષ્ટ્રીય પાર્ટી બની હતી. તેમણે કેજરીવાલ જેલમાં છે તે મુદ્દે વાત કરતા કહ્યું હતું કે તેમની સાથે ખરાબ વ્યવહાર થતા દુઃખ થઇ રહ્યું છે. અમને અલગ અલગ બેસાડીને વચ્ચે કાચ રાખીને અમારી મુલાકાત કરાવી હતી. તેમને મળીને દુઃખ થયું હતું. ■

# રાજ્યમાં સંભવિત હિટવેવ સામે તંત્રનો એક્શન પ્લાન તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળો હવે આકરો બન્યો છે રાજ્ય હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ભારે હીટવેવની સંભાવના વ્યકત કરી રહી છે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યસ્તરે આગોતરું આયોજન કરાય તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્યના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંભવિત હીટવેવ સામે લડવાનો એક્શન પ્લાન તૈયાર કરાયો છે. આ હીટવેવ સામેની લડતમાં રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ આઠ વિભાગોને સાંકળીને આ એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રમ અને રોજગાર, પાણી પુરવઠા, શિક્ષણ, પ્રવાસન, ઊર્જા, પરિવહન અને શહેરી વિકાસ અને પંચાયત વિભાગનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર સ્થિત મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી. જેની વિગતો આપતાં રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સંભવિત ભારે હીટ વેવની પરિસ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું ન કરવુંની માર્ગદર્શિકા અને એક્શન પ્લાન અંગેની વિગતો રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી મારફતે તમામ ૩૩ જિલ્લાના વહીવટી તંત્રને પૂરી પાડવામાં આવી છે. મુખ્ય પ્રધાનએ પણ આ હીટવેવ સામે નાગરિકોને સુરક્ષા પૂરી પાડવા માટે વિવિધ વિભાગોને અપાયેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થાય તેમજ એક્શન પ્લાનનો પૂર્ણતઃ અમલ થાય તેવી તાકીદ કરી હતી. તેમણે, ઝિરો કેઝ્યુઅલ્ટી એપ્રોચ સાથે માનવજીવન અને પશુધનની સંપૂર્ણ રક્ષા થાય તેવા અભિગમ સાથે એક્શન પ્લાનનો અમલ કરવા અંગે પણ સૂચનો કર્યાં હતાં.

રાહત કમિશનર આલોક પાંડેએ વધુમાં કહ્યું હતું કે, મલ્ટીપરપઝ સાયક્લોન સેન્ટર કાર્યરત કરવા, સેવાભાવી સંગઠનોને છાશ અને ઓઆરએસ વિતરણ જેવા રાહત કાર્યમાં જોડવા, હીટ સ્ટ્રોકના દર્દી માટે હોસ્પિટલમાં સ્પેશિયલ બેડ તૈયાર કરવા, પ્રવાસન સ્થળોને બપોરના સમયમાં બંધ રાખવા સહિતના સલામતી અને સાવચેતીના પગલાં માટે જરૂરી પ્રબંધ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પરિણામે રાજ્યના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને ઝાપટાની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે હીટવેવ આવતા નથી, છતાં જો હીટવેવ આવે તો રાજ્ય સરકાર ઇફેક્ટિવ એક્શન પ્લાન સાથે તૈયાર છે. ■

# પ્રથમ રાઉન્ડમાં આરટીઇ હેઠળ ૩૯૯૭૯ વિદ્યાર્થીને પ્રવેશ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત રાજ્યના ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને ધોરણ-૧માં પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે. આરટીઈ અંતર્ગત ધોરણ-૧ની કુલ ૪૫૧૭૦ બેઠકો સામે ૧.૭૨ લાખ અરજીઓ માન્ય રહી હતી. જેમાંથી ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાયો હતો, જ્યારે ૫૧૯૧ બેઠકો પસંદગીના અભાવે ખાલી પડી છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે તેમના વાલીઓને એસએમએસ દ્વારા પ્રવેશ ફાળવણીની જાણ કરવામાં આવી હતી. વાલીઓએ ૨૨ એપ્રિલ સુધીમાં જે તે શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનારા વિદ્યાર્થીઓને ફાળવાયેલો પ્રવેશ રદ ગણાશે અને તેઓ ત્યારપછીના રાઉન્ડમાં પ્રવેશ માટે હકદાર રહેશે નહીં.

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગતમાં પ્રવેશ શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોની ૨૫ ટકા પ્રમાણે ધોરણ-૧માં પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યાં હતાં. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક સ્કૂલોની ૪૫૧૭૦ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૨૩૫૩૮૭ જેટલા ફોર્મ ભરાયાં હતાં. ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન જ જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન ૨૦૯૪૪ ફોર્મ અમાન્ય રહેતા તેમને ખૂટતા ડોક્યુમેન્ટ સબમીટ કરવા માટેની મુદત આપવામાં આવી હતી. આ દરમિયાન ૮૭૩૪ જેટલા અરજદારોએ ખૂટતા ડોક્યુમેન્ટ સબમિટ કર્યા હતા. ત્યારબાદ આ ફોર્મની પુનઃ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તમામ ફોર્મની ચકાસણીના અંતે ૧૭૨૬૭૫ જેટલા ફોર્મ માન્ય રહ્યાં હતાં. જ્યારે ૧૫૩૧૯ ફોર્મ અધૂરા દસ્તાવેજો જેવા જુદાં જુદાં કારણોસર અમાન્ય રહ્યા હતા. જ્યારે ૪૭૩૯૩ જેટલા ફોર્મ અરજદારો દ્વારા કેન્સલ કરવામાં આવ્યા હતા. અરજદારો દ્વારા એક કરતાં વધુ વખત ફોર્મ ભર્યા હોવાના લીધે તેઓ એક ફોર્મ માન્ય રાખી બીજા ફોર્મ કેન્સલ કરતા હોવાથી મોટી સંખ્યામાં ફોર્મ કેન્સલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ફોર્મ ભરવા અને ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૩૯૯૭૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. ■

# સુરતમાં ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે આયોજનઃ ગેહલોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં વિકાસલક્ષી કાર્યને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા જટિલ થઈ રહી છે, સુરત શહેરના નવા નિયુક્ત થયેલા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતએ શહેરના રસ્તાઓ પર ટ્રાફિક સમસ્યાને ઉકેલ લાવવા માટે ટ્રાફિક સંયુક્ત કમિશનર અને નાયબ કમિશનર તેમજ ટ્રાફિકના અધિકારી સાથે પરામર્શ કરવામાં આવી રહી છે જ્યારે અગાઉના પોલીસ કમિશનરએ મનપાના કમિશનર સાથે થયેલી ચર્ચા બાદ શહેરના ૧૧૮ જેટલા રૂટ પર ઝીરો દબાણ સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી પોલીસ કમિશનર નિવૃત્ત થયા પછી બંધ થયેલી કામગીરીની ફરી સમીક્ષા સાથે શરૂ થાય એવી શક્યતા દર્શાવામાં આવી છે. શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ટ્રાફિકજામ સમસ્યા વધી રહી છે વય મર્યાદાને લઈને નિવૃત્ત થયેલા ભૂતપૂર્વ પોલીસ કમિશનર અજય કુમાર તોમર અને સુરત શહેર મનપાના કમિશનર સાથે સંકલન કરી સુરત શહેરના ૧૧૮ રૂટ પૈકી ૩૩ જેટલા રૂટ પર સંપૂર્ણ દબાણ દૂર કરવા અને પોલીસ સાથે પેટ્રોલિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો જેને અનુલક્ષીને શહેરના કેટલાક વિસ્તારોમાં જેનો ફાયદો થયો હતો, પરંતુ પોલીસ કમિશનરની નિવૃત્તિ બાદ મનપા અને પોલીસ દ્વારા સંકલન કરીને શહેરના અલગ અલગ રૂટ પર દબાણ દૂર કરવાની કાર્યવાહી ઠંડી પડી ગઈ હતી જેને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો થતો હતો. ■

# લોકસભાની ચૂંટણીઃ અત્યાર સુધીમાં કુલ ₹ ૯૬.૪૫ કરોડની વસ્તુઓ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૭ કરોડ રોકડ, રૂ. ૧૩.૦૨ કરોડની કિંમતનો ૪.૪૨ લાખ લિટર જેટલો દારૂ, રૂ. ૨૯.૧૬ કરોડની કિંમતનું ૫૯.૩૬ કિલો સોનું અને ચાંદી, રૂ.૧.૮૬ કરોડની કિંમતના ૭૧૮ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સિગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૪૪.૫૪ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૯૬.૪૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ તા.૧૫ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં સમાવિષ્ટ ૨૬ લોકસભા મતવિભાગોની સામાન્ય ચૂંટણી માટે કુલ ૩૧ ઉમેદવારી પત્રો મળ્યા છે. જ્યારે વિજાપુર, પોરબંદર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા એમ કુલ ૦૫ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી માટે ૪ ઉમેદવારી પત્ર મળ્યાં છે.

તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૦૩ વાગ્યા દરમિયાન ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે હાથ ધરવામાં આવશે. માન્ય થયેલા ઉમેદવાર ઈચ્છે તો તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ બપોરે ૦૩ વાગ્યા સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. રાજ્યમાં ૨૭ જનરલ ઓબ્ઝર્વર, ૨૮ એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સ અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે. ૧૪મી એપ્રિલ ૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૦૫૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ચૂંટણી ફરજમાં રોકાયેલા સરકારી કર્મીઓ મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. પોલીંગ સ્ટાફ, પોલીસ અને અન્ય કર્મચારીઓ તથા સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ સહિતના ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે ભરવામાં આવેલા ફોર્મ-૧૨ તેમના સંબંધિત મત વિભાગના ચૂંટણી અધિકારીઓને સુપ્રત કરવા માટે રાજ્યકક્ષાએ એક્સચેન્જ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આદર્શ આચારસંહિતાના અમલના ભાગરૂપે ૧૪મી એપ્રિલ ૨૦૨૪ સુધીમાં સમગ્ર રાજ્યમાં નિયમાનુસારની કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧,૬૫,૩૮૨ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૬૦,૮૭૨ રાજકીય પ્રચાર અર્થેનાં પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે. ■

# ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારોના ખર્ચનું ભાવ બાંધણુંઃ ટોપીનો ભાવ ₹ ૧૩ અને ઝાડુના ૩૫

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણી માટે પ્રચાર કાર્યની શરૂઆત કરી દેવાઇ છે. ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા પ્રચાર માટે જે વિવિધ ખર્ચ કરવામાં આવે તેના દર અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નક્કી કરાયા છે. લોકસભા ચૂંટણી લડતા ઉમેદવારોએ તે મુજબ ખર્ચના રજિસ્ટર નિભાવવા માટે પણ તાકીદ કરવામાં આવી છે.

ચૂંટણીમાં પ્રચાર-પ્રસાર, રેલી-સરઘસ વગેરે દરમિયાન ઉમેદવારો દ્વારા ખાણી-પીણીથી લઇ કાર્યકરો માટે ટોપીથી લઇને ખેસ વિગેરેની વ્યવસ્થા પણ કરાતી હોય છે. જેમાં સાદી ટોપીનો ભાવ એક નંગનો ૧૩ રૂપિયા અને પ્રિન્ટવાળી ટોપીનો ભાવ ૧૭ રૂપિયા નક્કી કરાયો છે. જો ટોપી કાગળની હોય તો છ રૂપિયાનો દર રખાયો છે. આમ આદમી પાર્ટીનું ચૂંટણી ચિન્હ ઝાડુ છે. ઝાડુનો ભાવ ૩૫ રૂપિયા નક્કી કરાયો છે. હાલ ઉનાળાની કાળઝાળ ગરમી છે. પ્રચાર સભામાં મોટાપાયે પાણી અને લીંબુ શરબત, છાશ વિગેરેનો ઉપયોગ કરાતો હોય છે. તેના ભાવ પણ નક્કી કરાયા છે. તે સાથે સાદી ગુજરાતી થાળીમાં પૂરી અથવા રોટલી, બે શાક, દાળ કે કઢી, ભાત કે ખીચડી અને પાપડ, સલાડ વિગેરેનો સમાવેશ ૯૦ રૂપિયામાં કરાયો છે. જ્યારે મિષ્ટાન ફરસાણ સાથેની ગુજરાતી થાળીનો ભાવ ૧૪૦ રૂપિયા નક્કી કરાયો છે. ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને અને જે તે ચીજવસ્તુના ભાવ મેળવીને નક્કી કરાતા હોય છે. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાતી અન્ય ચીજ વસ્તુના ભાવ પણ નક્કી કર્યા છે. ■

# કૉંગ્રેસના નવ ઉમેદવારોએ નામાંકન પત્ર ભર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કૉંગ્રેસના નવ ઉમેદવારો મંગળવારે લોકસભા ચૂંટણી માટે ફોમ ભર્યા હતા. જેમાં કચ્છ, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પશ્ચિમ, અમરેલી, છોટા ઉદેપુર, વલસાડ, પંચમહાલ અને પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવારાએ ફોર્મ ભર્યા હતા. કૉંગ્રેસના ઉમેદવારો શકિત પ્રદર્શન કરી ઉમેદવારી નોંધાવી હતી. કૉંગ્રેસના ઉમેદવારો સાથે સિનિયર નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છથી નિતેશ લાલન, સાબરકાંઠાથી ડૉક્ટર તુષાર ચૌધરી તેમજ ગાંધીનગરમાં સોનલ પટેલ, અમદાવાદ પશ્ચિમમાં ભરત મકવાણા તથા અમરેલીમાં જેનીબેન ઠુમ્મર સાથે જ છોટા ઉદેપુરમાં સુખરામ રાઠવા તથા વલસાડમાં અનંત પટેલ તેમજ પંચમહાલમાં ગુલાબસિંહ ચૌહાણ તથા પોરબંદરમાં લલિત વસોયાએ ફોર્મ ભર્યા હતા.

લોકસભાની ચૂંટણીને પગલે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર જબરદસ્ત રોચક જંગ જામ્યો છે. ભાજપની સાથે સાથે કૉંગ્રેસના ઉમેદવારો પણ ઉમેદવારી પત્રક ભરવા માટે પહોંચ્યા હતા. આ ઉપરાંત આજે મંગળવારે ભાવનગર બેઠકના આપના ઉમેદવાર ઉમેશ મકવાણાએ પણ પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. ■

# ગુજરાતમાં માવઠું હજુ ગયું નથીઃ ભરૂચ અને ડાંગ જિલ્લામાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ અને ડાંગ જિલ્લામાં બપોર બાદ અચાનક વાતાવરણાં પલટો આવ્યો હતો અને છૂટો છવાયો કમોસમી વરસાદ વરસ્યો હતો. ભરઉનાળે કમોસમી વરસાદ થતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં મંગળવાર બપોર બાદ અટાનક પલટો આવ્યો હતો. ડાંગ જિલ્લામાં અને ભરૂચ જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. ભરૂચ શહેરના પાંચબતી સહિતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટું પડ્યું હતું. જેના કારણે લોકોને વાતાવરણમાં આંશિક ઠંડકનો અનુભવ થયો હતો. આ સાથે જ ભરૂચ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમોસમી વરસાદે દસ્તક દીધી હતી. નબીપુર અને બંબુસર સહિતના આજુબાજુના ગામડાઓમાં માવઠું વરસ્યું હતું. ખેડૂતો સમગ્ર વર્ષ દરમિયાન અનેક કુત્રિમ અને કુદરતી આફતોનો સામનો કરી રહ્યા છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**સામૂહિક શ્રીમદ્ ભાગવત કથા**
સમદર્શન સેવા પરિવાર (250 પરિવાર - અન્નદાન સેવા) (દહાણુ - 25 આદિવાસી સ્કૂલ - 3000 વિદ્યાર્થીઓ)ના લાભાર્થે, સ્વજનોના મોક્ષાર્થે, શ્રેયાર્થે, આત્મકલ્યાણાર્થે, વ્યાસપીઠ શાસ્ત્રીજી ઈશ્વરચંદ્ર વ્યાસજી, (સંસ્કૃત સાહિત્ય રત્ન) પવિત્ર પિતૃપક્ષમાં - 25 સપ્ટેમ્બરથી 2 ઑક્ટોબર (યમુનાષ્ટક પ્રવચન 9 થી 12) (પોથી પુજા 1 થી 3) (કથા, મહાઆરતી 3.30 થી 7.30) વિશ્વકર્મા AC Hall, વિલેપાર્લે વેસ્ટ. પોથી યજમાન, ઉત્સવ, સર્વપિતૃ અમાસ - પિતૃતર્પણ, હવન. 9324250850. (૧૪૩૪૬-બી)

**નસરવાનજી ધનજીભાઈ મુલ્લાં એન્ડ સન્સ**
(૨૪૨, પ્રીન્સેસ સ્ટ્રીટ, મરીનલાઈન્સ, મુંબઈ-૪૦૦૦૦૨) ખુશબોદાર સુખડ, સુખડના પેરીયાં, માંચી, તાછો, સલી ગાંઠ, વહેર, લોબાન વગેરે. ઠોકદાર કસ્તીઓ, સીવેલા સેયાવ, સદરા, લેંગા, જામા, પીછોડી, વાસણો. સંપર્કઃ 9326491895/ 98922 31998. (જી-૨૪૯૨-સી)

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

## ૯. લગ્ન સંબંધી

**પરિચય મિલન મેળાવડો**
શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા ૧૭મો પરિચય મિલન મેળાવડો બુધવાર, તારીખ ૧મે ૨૦૨૪ના રોજ ફોર્મ ઓનલાઈન દ્વારા મેળવી શકશો. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૮ એપ્રિલ, (કન્યાઓ માટે નિઃશુલ્ક પ્રવેશ.) સંપર્કઃ 9833314514, 9221238188, 9930798787. (દહેજ નહીં.). (૧૪૩૭૪-જી)

■ જૈન C.A. યુવક 1986 ડિવોર્સ સેલરી 40 lakh 9427445570. (દહેજ નહીં). (જેપી-૪૯૧૩-ઈ)

**કુંવારી જૈન**
યુવતી જન્મ ૧૯૮૫/ ૫'-૨'' એમ.ટેક/ એલ.એલ.બી, સર્વિસ મુંબઈ (54 લાખ પેકેજ) જ્ઞાતિબાધ નથી. 9867656513. (એસએ-૨૬૦૪-બી)

**JAIN GIRL**
Unmarried 45 years, Well Educated, MNC Job, 5'5", Fair. Contact 9323268284. (No Dowry) (14363-F)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
એક જ સીટીંગમાં પુરાવો. દવા, હોમ વિઝિટ મળશે. - 9930744752. (બી-૧૪૧૦૧)

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૦૪૬)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના લોકો માટે એક દિવસીય જૈન દેરાસર પંચતિર્થી જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા 7304472581. (એસડીબી-૧૮૬૩)

■ ચિરાગ-ચારધામ, દહેરાદુનથી, 4 સ્ટાર હોટેલ, હેલીકોપ્ટરમાં, 6 દિવસ. 9833009445. (૧૩૪૯૮-એ)

■ ચિરાગ-અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ, 8 દિવસ, જગન્નાથપુરી, ભુવનેશ્વર, ગંગાસાગર. 9833009445. (૧૩૪૯૮-બી)

**Excellency Holiday**
દુબઈ - 48,000/- લેહ/ હિમાચલ/ ગોવા/ કાશ્મીર, વેજીટેરીયન ટુર ઓર્ગેનાઈઝર. 9820002810. (૧૪૩૮૪-એ)

**જય અંબે**
ટ્રાવેલ્સ બ્રાન્ડ ન્યુ અર્ટિગા ભાડેથી, વ્યાજબી ભાવે મળશે. સંપર્ક 7700972905. (બી-૧૪૧૨૯)

## ૧૪. નોકરી ખાલી છે

**■ જૈન સમુદાયના અગ્રણી ચેરિટેબલ ટ્રસ્ટને બોરીવલી (વેસ્ટ) ખાતે કન્યા છાત્રાલય માટે અનુભવી રહેણાંક ગુજરાતી લેડી વોર્ડનની જરૂર છે. કૃપા કરીને તમારો બાયોડેટા educationjainjagruti@gmail.com અથવા What's App નંબર - 8779695306 પર મોકલો. (બી-૧૪૦૭૩)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**કાંદિવલી ઈસ્ટ**
**વૃદ્ધ બા માટે ફૂલ ટાઈમ 24 કલાક માટે મદદનીશ, ઉઠવા બેસવામાં મદદ કરી શકે, બે જણની રસોઈ તથા ઘરકામ કરી શકે તેવા 50 આસપાસના બેન જોઈએ છે. 99201 33333. (૧૪૩૮૩-એ)**

**REQUIRE-EXPERIENCE**
Account Clerk cum Back Office Work with Excel knowledge for Full/Parttime at Vile-Parle (East) Office. Contact-9320507091 & Email-tac.hard@hotmail.com (14340-A)

**ANDHERI (E)**
Well-reputed Pharma Company at Andheri (East) requires fresher (1) Lady Office Assistant (2) Account Assistant (3) Office Admin Staff and (4) Telephone Operator. Should be fluent in English, have thorough Computer Knowledge and well-versed in day-to-day Office routine Work. Send your CV to: poltd@panchsheelorganics.in (Mobile) 8291808589. (KP/2522-B)

REQUIRE MALE SALESMEN for Acharya Products Retail Shops in Matunga & Vashi. Please send your details on WhatsApp No. 9967893456 and info@acharyaproducts.com (B-14125)

## ૧૭. જગ્યા આપવી છે

**નેપિયનસી રોડ**
શ્રીપાલ નગર દેરાસર પાસે ભાડેથી ફ્લેટ, 2 BHK, હાયર ફ્લોર, વેલ ફર્નિશ્ડ, ગેરેજ, 1.65 લાખ. સોલ એજન્ટ ''અગરવાલ'' 9821231619. (૧૪૩૬૩/એ)

**તીન બત્તી પાસે**
2 BHK હાયર ફ્લોર - એરિયા 1000' ફર્નિશ્ડ આઉટરેટથી 5.75 કરોડ સોલ એજન્ટ ''અગરવાલ'' 9821231619. (૧૪૩૬૩/બી)

**ગોવાલિયા ટેંકઃ દેરાસરઃ**
2 BHK હાયર ફ્લોર - એરિયા 850', 1 પાર્કિંગ, સારા હવા ઉજાસઃ 6 CR: તૈયાર કબજો. ''કરણ'' 9821231619. (૧૪૩૬૩/સી)

**નેપિયનસી રોડઃ Deraser**
2 BHK લોઅર ફ્લોર - એરિયા 950', ફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ભાડું 1.60 લાખ પ્રતિ માસ. ''કરણ'' 9821231619. (૧૪૩૬૩/સી)

**ગામદેવી**
2 BHK હાયર ફ્લોર - એરિયા 850', ફર્નિશ્ડ, પાર્કિંગ, આઉટરેટથી 5.75 કરોડ સોલ એજન્ટ ''અગરવાલ'' 9821231619. (૧૪૩૬૩/ડી)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૦૯૬)

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવા અનટચ ફ્લેટ્સ બજાજ રોડ, ૪ બેડરૂમ અને ૨ બેડરૂમ ૧૧મે માળે, હવા ઉજાસવાળા, નવું બિલ્ડિંગ, જીમ, ઓ.સી. સાથે. એજન્ટઃ અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૮૫૫)**

**સાયન કોલીવાડા**
**નવરંગ કો.પો. હાઉસીંગ સોસાયટી લિમિટેડ. 2.5 BHK, 706' કારપેટ ફ્લેટ વેચાણથી/લીવલાયસન્સથી O.C. સાથે. 98690 41209. (૧૪૩૬૯-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી ઓફ માલવિયા રોડ, 2 BHK, સ્પેશિયસ, 905 કારપેટ, ન્યુ બિલ્ડીંગ વિથ OC, 1 પાર્કિંગ સાથે, નવકાર એસ્ટેટ ધીરેન ગડા 9594925992. (જેપી -૪૯૧૩-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી મહંત રોડ, રૂઈયા સ્કૂલની પાસે, 4 BHK, 2200 કારપેટ, 4th ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ લેવીશ ફ્લેટ, 2 ગાડીની પાર્કિંગ, રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા 9594925992. (જેપી -૪૯૧૩-બી)

**ઘાટકોપરમાં ગેરંટી**
**ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી. બઝાર ભાવે, સોદાની ગેરંટી ભિમાની - 9920814333 - 9820814333. (૧૪૦૮૭-એ)**

**''જુહુ એક્રોપોલીસ''**
**જુહુસ્કીમ-ગુલમોહર, ક્રોસ રોડ નં. ૧૦, બ્રાન્ડ ન્યુ ટાવરમાં 3 બેડરૂમ (1222 રેરા કારપેટ @) (7.11/7.25/7.50 CR) નેગોશીએબલ ફીનીશ્ડ ફ્લેટ WITH AC- મોડ્યુલર કિચન, 2 પાર્કિંગ. O.C. જીમ-રૂફટોપ ગાર્ડન. એડજોઈનિંગ 2 એકરમાં કોમન ગાર્ડન, ચીલ્ડ્રન પ્લે એરિયા, જોગર્સ પાર્ક, બેડમીન્ટન કોર્ટ-ક્રિકેટ/ફૂટબોલ ગાર્ડન. LOCK & KEY. નેગોશીએબલ ફ્લેટો અરજંટ વેચવા છે. સોલ સેલિંગ એજન્ટઃ ૧૯૮૭થીઃ ''શૈલેશ દોશી ગ્રૂપ'' 9833111779, 9820035925, 9833332414, 9870847778. નાના-મોટા ફ્લેટો-ઓફિસો-દુકાનો લેવા-વેચવા લીઝથી. (૧૪૩૭૪/એફ)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી પૂર્વ**
પારસી પંચાયત રોડ, આંબાવાડી SRA 1 રૂમ રસોડું 225' ટ્રાન્સફરેબલ વેચાણમાં 45 લાખ ફ્લેટ - ઓફિસ - ગોડાઉન - દુકાન - ફેક્ટરી ભાડેથી - વેચાણમાં લેવા - આપવા લાભુભાઈ 9820832259. (એસડીબી-૧૮૫૪)

**પ્રીમીયમ ઓફિસો**
**ઘાટકોપર (ઈસ્ટ) બંધાતા મેટ્રો નજીક 275'થી 400,' 10.50' હાઈટ, જોડી શકય, ગ્લાસ FACADE આલીશાન એલીવેશન, OC, રેડી. 9820023000. (૧૪૩૭૪/ડી)**

**MICL**
**ઘાટકોપર (ઈસ્ટ), 60' રોડ, "AARADHYA ONE PARK" પ્રાઈમ લોકેશન, ઈતિહાસમાં સૌથી પ્રીમીયમ બંધાતું કોમ્પલેક્ષ, પ્રીમીયમ ભાવ, લકઝરીયસ એમેનીટીઝ, 3, 4, 5, 6 બેડરૂમનાં ફ્લેટો, 1100'થી 4500' - 4.99 કરોડથી 21 કરોડ. ''ચિંતનભાઈ'' 98200 00608. (૧૪૩૭૪/ઈ)**

**MICL**
**ઘાટકોપર (ઈસ્ટના) પંત નગર, એમેનીટીઝવાળા "AARADHYA ONE EARTH" કોમ્પલેક્ષમાં, 2, 3, 4 બેડરૂમ. OC. રેડી 2,25,00,000/- થી 4,50,00,000/-, વેચાણથી/ ભાડેથી 60,000/- થી 1,20,00,000/- ચિંતનભાઈ - 9820000608. (૧૪૩૭૪/સી)**

**જુહુ ગુલમોહર**
**4 બેડરૂમ 2350 કાર્પેટ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, દેરાસર નજીક, 14.50 કરોડ, નિગોસિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/સી)**

**જુહુ ગુલમોહર**
**3 બેડરૂમ 1250 કાર્પેટ, 2 પાર્કિંગ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, 7.25 કરોડ, નિગોસિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/એ)**

**જુહુ ગુલમોહર**
**3 બેડરૂમ જોડી 2500 કાર્પેટ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, દેરાસર નજીક, 15.50 કરોડ, નિગોસિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/ઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**રેડી નવા બંધાતા બિલ્ડીંગમાં, 2 થી 4 બી.એચ.કે., 700' થી 2400' કાર્પેટ, સારા ભાવમાં મળશે. ''મિતુલ શાહ'' - 9969080029. (૧૪૩૬૫/એ)**

**"GOLDEN OPPORTUNITY"**
''બોરીવલી ઈસ્ટમાં રીવાલી પાર્કમાં'' ''બોરીવલી વેસ્ટમાં કલ્પતરુમાં'' બુકિંગમાં ''શ્રીજી'' - 9820045571. (જેપી-૪૯૧૨-ડી)

**સાન્તાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશનથી ચાલતા બે મિનિટ નવા ટાવરમાં 1 બેડરૂમ - 1 બેડરૂમની જોડી વેચાણથી - 9867756747. (જેપી/૪૯૦૯-એફ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. નિલકંઠવેલી ૧ બેડરૂમ, હોલ, કિચન/ ઓડિયન, રાજાવાડી - ૨ બેડરૂમ, હોલ, કિચન. બ્રોકર (મુકેશભાઈ) 9323030141, 81690 19857. (૧૪૩૩૬-બી)

**મલાડ (વેસ્ટ)**
આદિનાથ એવન્યુ નર્સિંગ લેન 1 બેડરૂમ 330 કારપેટ વેચાણથી 85 લાખ નીગોશિએબલ દલાલ માફ- 9820437050. (જેપી/ ૪૯૦૯-ઈ)

**કાંદિવલી (વેસ્ટ)**
૨ બેડરૂમનો ફ્લેટ - ૭૦૦' કારપેટ + ૭૦૦' કારપેટ ટેરેસ, એમ.જી. રોડ, ડોમિનોઝ પિઝાની ઉપર વેચવાનો. ઓનરઃ- ૯૮૨૧૨૭૦૯૫૦. (બી-૧૪૦૭૫)

**લોનાવાલા**
3200 પ્લોટ એરિયા 6 બેડરૂમનો બંગલો વેચાણમાં શ્રીજી-9545741755. (બી-૧૪૦૮૫)

**ખાર (વેસ્ટ)**
**મધુપાર્કની બાજુમાં માત્ર ગુજરાતી શાકાહારીઓ માટે 3 બેડરૂમના ફ્લેટ એરિયા ૧૧૫૦' અથવા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦', તદ્દન નવા બિલ્ડિંગમાં ઓ.સી. સાથે તુરંત વેચવાના ''સુશીલભાઈ વકીલ'' ૯૮૨૨૬૧૯૯૬. (બી-૧૪૦૬૩)**

**પાર્લામાં/જુહુમાં/અંધેરીમાં**
કોલેજ પાસે, સ્ટુડન્ટો માટે હોસ્ટેલના પેકેજમાં છોકરાઓ/છોકરીઓ માટે જગ્યાઓ તથા ૧ થી ૩ બેડરૂમના ફ્લેટો ફેમીલી/સ્ટુડન્ટો માટે લીવલાયસંસથી મળશે. રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૪૩૧૬-એ)

**દેવલાલી -નવી મુંબઈ**
**રૂમ/બંગલો ત્રણ પાંચ આઠ દિવસ માટે ભાડે મળશે. 9892561477. (૧૪૩૩૮-સી)**

**અંધેરી (વેસ્ટ)**
2/3/4 બેડ અંડર કન્સ્ટ્રક્શન, સ્ટેશન નજીક, જીમ, બેંકવેટ હૉલ, STEAM & SAUNA સ્વીમીંગ પુલ, સ્પા અને સલૂન રૂમ, રૂફ ટોપ ગાર્ડન, ક્રિકેટ ટર્ફ, વેચાણથી. JIGAR - 8850928337 / 9820511575. (૧૪૩૫૭-ઈ)

**જુહુસ્કીમ**
ગુલમોહર 3/4/5 બેડ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રક્શન લેવાં-વેચવા-ભાડેથી. JIGAR - 9820511575. (૧૪૩૫૭-એફ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
2 બેડ, "PLATINUM LIFE", 665 કારપેટ, દેરાસર નજીક, જીમ, સ્વીમીંગ પુલ, મેટ્રો સ્ટેશન 3 મિનીટ વોકેબલ, 2.40 CR. JIGAR - 8850928337. (૧૪૩૫૭-એ)

**વાલ્કેશ્વર**
પાંચ બેડરૂમ (૨૦૦૦ કાર્પેટ) (ફૂલ સી ફેસ) (હાયર ફ્લોર) (ગેરેજ) ૧૭ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૫૭)

**તારદેવ**
વેચાણથી/લીવલાઈસન્સથી બે બેડરૂમ (૭૦૦ કાર્પેટ) (પાર્કીંગ) ૨૫૦ લાખ, ભાડેથી ૯૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૫૮)

**બોમ્બે સેન્ટ્રલ**
ત્રણ બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (પાર્કીંગ) ૪૧૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૫૯)

**ગોવાલિયા ટેંક**
કન્વર્ટેડ એક બેડરૂમ (૪૦૦ કાર્પેટ) (પાર્કીંગ) (ફર્નીશ્ડ) ૨ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૬૦)

**નાનાચોક પાસે**
બે બેડરૂમ (૭૫૦ કાર્પેટ) (વેલે પાર્કીંગ) ૩૬૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૬૧)

**નાનાચોક**
એક બેડરૂમ (૪૨૫ કાર્પેટ) (પાર્કીંગ) ૧૭૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૬૨)

**ભૂલાભાઈ દેસાઈ રોડ**
**3 બેડરૂમ, તીરૂપતિ, હાયર ફ્લોર, સ્ટીલ્ટ પાર્કિંગ, સી-ફેસ, (10.50 Cr) હેમંત જોષી 9867759509. (૧૪૩૫૪-એ)**

**ખાર વેસ્ટ**
મધુ પાર્ક પાસે શાંત + સૌમ્ય ગુજરાતી પરીસરમાં વૈભવશાળી ૧૧૫૦ ફુટના ૩ બેડના + jodi જૂજ ફ્લેટો + પાર્કિંગ OC સાથે રેડી પઝેશન. આરતી કન્સલ્ટન્સી 9821448002 / 9007687999. (૧૪૩૬૧-ડી)

**કાંદિવલી ઠાકુર કોમ્પ્લેક્ષમાં/ વિલેજમાં**
''વન બેડ 81,00,000/-'' ''ટુ બેડ 1,35,00,000/-'' ''થ્રિ બેડ લોખંડવાલામાં 1,75,00,000/-'' ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૦૬-ડી)

**કેમ્પ્સ કોર્નર**
3 બેડરૂમ - 1220' - પાર્કિંગ. સી.વ્યુ. 6,50,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૩૪૯૬/એ)

**ગોવાલીયા ટેંક**
1 બેડરૂમ- 500'- કાર્પેટ - 2,15,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૩૪૯૬/બી)

**તારદેવ**
4 બેડરૂમ - 2000' - કાર્પેટ - પાર્કિંગ - 11,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-સી)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 4,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-ડી)

**કેમ્પ્સકોર્નર**
1 બેડરૂમ - 495' - કાર્પેટ - ફરનીસ્ટ - 2,55,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-ઈ)

**અંધેરી ઈસ્ટ**
3 બેડ ભાડેથી ફ્લેટ અપટુડેટ સ્ટેશને લીફટ/ પાર્કિંગ સાથે ગંગર - 8080524858. (બી-૧૪૦૯૮)

**અંધેરી ઈસ્ટ**
ફ્લેટો/ઓફિસો/દુકાનો સ્ટેશને ભાડે/વેચાણથી લેવા વિશ્વાસુ નામ ગંગર - 8080524858. (બી-૧૪૦૯૯)

**પારલા ઈસ્ટ**
1 બેડ વેલ ફર્નિશ્ડ (480') નવું બિલ્ડિંગ હાયર ફ્લોર અપટુડેટ સોસાયટીમાં સ્ટેશન/હાઈવે નજીક 2.25 cr. લેવા ગંગર - 8080524858. (બી-૧૪૧૦૦)

**ખાર -લિંકિંગ રોડ**
લીવલાયસંસ 3 BHK ફર્નિશ્ડ, પાર્કિંગ 1,85,000/- 1 BHK ફર્નિશ્ડ 65000/- રેડી પઝેશન. 9820296693. (૧૪૩૮૦-એ)

**તારદેવ**
ફોર્જેટ સ્ટ્રીટ 'કુમુદ દેરાસર પાસે' 1-5 બેડરૂમ લીવલાયસંસથી/ સિક્કાનગર સામે 'શુભમ ટાવરમાં' ૧ બેડરૂમ 390'/ 450' ઓનરશીપ/ લીવલાયસંસ રેડી કબજો. 'સંતોષ' 9820034317. (૧૪૩૭૯-એ)

**ગિરગાંવ**
પિંપલવાડી પાસે ફર્નિશ્ડ 3 બેડરૂમ 1500' કાર્પેટ સિંગલ/જોડી + ત્રણ પાર્કિંગ ઓનરશીપથી રેડી કબજો. 9820034317. (૧૪૩૭૯-બી)

**કાંદિવલી (વેસ્ટ)**
૧/૨/૩ બેડરૂમના ફ્લેટ ભાડેથી લેવા-આપવા. ૯૦૦૪૯૭૮૮૫૧. (૧૪૩૮૪-બી)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 3 બેડરૂમ હાયરફ્લોરનો ફ્લેટ પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**નાનાચોક**
3 બેડરૂમ આલીશાન હાયરફ્લોરનો ફ્લેટ સી/ સીટી વ્યુ - આધુનિક સુવિધા લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-બી)

**વર્લી**
3 બેડરૂમનો સજાવેલો ફ્લેટ - શાંત વાતાવરણ - આધુનીક સુવિધા પાર્કિંગ સુવિધા લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-સી)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1 બેડરૂમનો ફ્લેટ - દેરાસર નજીક હાયરફ્લોર લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-ડી)

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના ફ્લેટો વાલકેશ્વર, વોર્ડન, પેડર, તારદેવ, વર્લી, પ્રભાદેવી-આધુનિક સુવિધા - પ્રતિષ્ઠિત સોસાયટી - વેચાણથી / ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-ઈ)

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના ફ્લેટો વાલકેશ્વર, ગામદેવી, તારદેવ, વર્લી, પ્રભાદેવી, પરેલ, ભાયખલા, લોઅરપરેલ, શિવડી, માટુંગા બંધાતા ટાવરમાં આકર્ષક ભાવે / શરતે પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - આધુનિક સુવિધા સમયસર કબ્જો ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-એફ)

**બ્રીચકેન્ડી**
1 બેડરૂમનો ફ્લેટ - શાંત વાતાવરણ - પાર્કિંગ સુવિધા તુર્ત કબ્જો લેવા ચેતન શેઠ 9820062638. (૧૪૩૮૬-જી)

**વિરાર વેસ્ટ**
**જૈન મંદિર નજીક Poonam Vistaમાં 2 BHK ૬૦ લાખમાં લેવા સારી તક. ગ્લોબલ સીટીમાં ફ્લેટસ - દુકાન - વેચાતા - ભાડાથી લેવા આપવા 9820601794 - Bharat Mayani. (એસડીબી-૧૮૭૪)**

**મલાડ (ઈસ્ટ)**
1 બેડરૂમ 83,00,000/-, 2 બેડરૂમ 93,00,000/-, કોમર્શિયલ 200' સેલ્ફ કન્ટેન્ડ 50,000/- ડિપોઝીટ 15,000/- ભાડેથી. શ્રીજી 7208162161. (એસડીબી-૧૮૭૨)

**નવું ટાવર**
કાંદીવલી (વેસ્ટ), MG રોડ ૨૨ માળનાં ટાવરમાં સ્ટેશન - જૈન મંદીર નજીક ૨/૩/ ૪/૫ બેડરૂમ રેડી ઓસી સાથે લેવા. ફ્લેટ જોશો તો ટોકન આપશોની ગેરેંટી. સમીત વસંત 8689877776/7977906500. (એસડીબી-૧૮૭૩)

**જુહુસ્કીમ, વિલેપાર્લે**
સિલેક્ટેડ સારી નવી સોસાયટીમાં ૨,૩,૪ બેડરૂમોના રેડી ફ્લેટો તુરંત લેવા / વેચવા સંપર્કઃ ૯૯૩૦૩૦૪૫૧૫. (૧૪૩૮૨-સી)

**કાંદિવલીથી દહીસર**
1,2,3 બેડરૂમના ફ્લેટ ભાડે તથા વેચાણથી લેવા આપવા નવકાર - 9323821471. (બી-૧૪૧૩૦)

**કાંદિવલી વેસ્ટ**
**120 ફુટ સેલ્ફ કન્ટેન્ટ રૂમ, એમ. જી. રોડ, સંપર્ક 9920055650. (બી-૧૪૧૨૬)**

■ (ઘાટકોપર વેસ્ટ) 847 રેરાકાર્પેટ, 2 BHK CC received, ટેલીફોન એક્સચેન્જ લેન, Contact: 9819267080. (બી-૧૪૧૩૩)

**Vadodara**
વેચાણથી, 3 બેડરૂમ હોલ કિચન, 1650' કાર પાર્કીંગ સાથે, વાસના ભાઈલી રોડ, રાજપથ શોપીંગ સેન્ટર નજીક, રેડી પઝેશન. Pankaj Parmar: 9821026788. (૧૩૪૯૯/બી)

**જોઈએ છે**
અમારા જૈન ભાઈ માટે મલાડમાં ૨ બેડરૂમ- નવી બિલ્ડીંગમાં, વચલો માળ, મામલતદાર રોડ આસપાસ. ફોનઃ ''હિરાચંદભાઈ'' ૯૮૨૦૨૭૨૭૭૩. (બી-૧૪૧૩૨)

**PEDER ROAD**
Mount Unique 2 BHK + 3 Bath + Terrace, 1340 + 210 sq.ft. 1 Garage + 1 Stilt Car Park, Ask Price - 10.30 Cr. Sushant Shetty - 8657424755, Shradha Shah - 9870573648. (14356-A)

**WADALA EAST**
7 Star Amenities 5 acres Plot, Possn 1-2 yrs 2 Bed 2.45 - 2.99 Cr. ++ Actual Tower inspection possible, special offer Stamp Duty Free Pooja - 8976102382. (B-13938)

**DADAR EAST,**
Prime Location, 3-4 mins from Station, 6 mts possession, Sample Flat ready, 2 Bed 670 cpt. 2.85 Cr. ++ 9773038617. (B-13936)

**PRABHADEVI,**
New Bldg, by Sugee Low Maintenance, Higher Floor, Good Views Play area, quiet location, 2 Bed 1 Car Park 3.21 Cr. +98191 37982, +99203 20535. (B-13934)

**SEWRI, CELESTIAL SPACES,**
All amenities, 5 acre plot Lots of open spaces, Ready OC Flats 2 BHK 3.70, Cr. 3.5 BHK Serv room 5.75-6 Cr. 98190 82468. (B-13935)

**SION, TALLEST TOWER**
Sheth Beaumonte, All Amenities, Pool, Club Party Hall, ready OC Flat 3 BHK fully furnished 7.45 Cr. + Taxes. 97698 84999. (B-13937)

## ૧૭. જગ્યા આપવી છે

**SHETH BEAUMONTE, SION**
Ready OC, fully furnished Newly made Interiors, 3 Bed + Serv Room Spacious, with views Higher Floor 7.35 Cr. 9769884999. (B-13974)

**GOWALIA TANK**
1400' Carpet, 3 Bedroom, furnished Flat with 1 Car Parking, 7 Cr. negotiable. Anal Shah - 9819766658. (B-14070)

**MULUND WEST**
Florencia, 3 B H K with Deck, 1118'+, 2 Parkings, Spacious Full Floor Flat for Sale. Near Kalidas. Call: 9833808250. (14385-A)

**SANTACRUZ WEST**
For Sale, 2 BHK Flat, 800 sqft Usable Carpet, with Furniture and Fixtures, 4th Floor, Good View, One Parking, Near Railway Station, Podar Road. Jitubhai Mehta: 9820055457, Pankaj Parmar: 9821026788. (13499/A)

**VILE PARLE-WEST**
S. V. Road Touch Brand New Project Possession in 18 Months Sale Started 2 BHK - 3 BHK & Jodi, RERA Carpet - 754 - 995 - 1458 - 1725 sq.ft. available for Sale Total Gujarati - Marwadi Community Near Sony-Mony 25 - 25 - 25 - 25 flexible payment builder subvention Scheme all approvals received work in full swing plinth in process Brokers welcome for Unbelivable pricing Call Builder. 7039200200 RERA - P51800052339. (B-14131)

**NANA CHOWK - KEMPS CORNER -**
Pedder Road 1-2 BHK Flat On Ownership Sea-Facing throw away price must sale today Brokers Welcome. For Further Details. Contact: 022-23511661/ 31420205. (14362/G)

## ૧૮. જગ્યા જોઈએ છે

**રિ-ડેવલોપમેન્ટ**
કાંદીવલી વેસ્ટ- બોરીવલી વેસ્ટ 1-2-3 બેડરૂમના ફ્લેટો ડેવલપર લાગેલા બિલ્ડીંગમાં માર્કેટ ભાવથી વેચાણથી Flats જોઈએ છે. સંજીવ 9821925693. (જેપી/૪૯૧૪-સી)

**ઉમરગામમાં**
વેચાતામાં. જોઈએ છે. એક બેડરૂમનો ફ્લેટ. સારા, સંસ્કારી, લોકેશનમાં, સ્ટેશન પાસે, લીફ્ટ જરૂરી. અનુભાઈ (બ્રોકર): ૮૮૫૦૪૦૮૧૯૭ / ૯૮૬૯૫૭૭૯૪૧. (૧૪૩૮૧-એ)

**SOUTH MUMBAI**
**Wanted Old Tenanted Building with Vacant Space in South Mumbai. WhatsApp 7021831500. (SDB-1870)**

A DIAMOND MERCHANT From Antwerp Urgently Requires 2/3 BHK Flat on Ownership in South Mumbai. Preferably Sea-Facing. Can pay fancy Price. Brokers Welcome 9987310819. (14362/F)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

## ૨૦. ધંધાદારી જગ્યા

■ જોઈએ છે જાણીતી કોર્પોરેટ કંપનીને A ગ્રેડની ઈમારતમાં 50000' કોમર્શીયલ જગ્યાની જરૂર છે : વર્લી, લોઅરપરેલ, પરેલ, પ્રભાદેવી, કાલીના, BKC, બાંદ્રા, W.E. હાઈવે, એરપોર્ટ નજીક. વેચાણ/લીઝથી. (Mandate) ''મુકેશ તુલસીયાની'' 9321110202 / 9821136275. (૧૪૩૬૨-ઈ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
**90' રોડ કમર્શિયલ કાચવાળા બિલ્ડિંગમાં ઓફિસ વેચાણ/ભાડેથી ઉપલબ્ધ 986' કાર્પેટ ૨ વોશરૂમ, ૧ પાર્કિંગ રેડી પઝેશન સંપર્ક (માલિક) 9324000632 - 8454862773. (૧૪૩૪૮-એ)**

**ઓપેરા હાઉસ**
દુકાન (૨૫૦ + ૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૨૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૫૬)

**લીવ એન્ડ લાઈસન્સથી મળશે**
**વાલકેશ્વર રીધ્ધી સીધ્ધી બિલ્ડીંગમાં દુકાન લીજેન્ડ ટાવરની સામે ૯૮૨૧૬૬૯૭૭૯. (૧૮૧)**

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

**MASJID BUNDER WEST**
1150' Full Gr. Floor, Ownership, suitable for Garments, Bank, Stationery, Warehouse. For LL / Outright Sale at Kazi Sayad St. Opp. Masjid Bunder Stn. West, Mumbai-3. Owner: 7021794442/ 8356859613. (14382-A)

**LOWER PAREL**
1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1871)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૪૩૪૦-ઈ)

## ૩૦. એજન્ટો

**કાનૂની કામો**
તમામ પ્રકારની કાનૂની સેવાઓ માટે વકીલ સાહેબનો સંપર્ક કરો.- 9820765812. (બી-૧૪૧૨૮)

## ૩૧. નાણાંકીય

**''શેરનાં...''**
ડીમેટની / IEPF / ડુપ્લીકેટની / ટ્રાન્સમીશનનાં ''શેરની'' સર્વિસ આપશું. / ખરીદશું. -9619315362, 8291225710. (૧૪૩૭૦-એ)

**વધારાની આવક**
શેરબજારનો કોર્ષ કરી મહિને 40,000/- કમાઓ. સંપર્કઃ 8779979470. (૧૪૩૭૮-એ)

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જમીન**
રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના - મોટા પ્લોટ લેવા/વેચવા. દિલીપ ઠક્કર 9324076621. (૧૪૩૭૪-એ)

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટન**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર તાત્કાલિક તૈયાર કરીને આપીશું. જીએસટી/ ઈન્કમટેક્ષ/ ટીડીએસ રીટર્ન/ બેન્ક લોન. ડેટા એન્ટ્રી ફાઈનલાઈઝેશન સુધી. પાર્થઃ ૯૯૨૦૩૪૮૨૫૮ / 40047681. (બી-૧૩૭૪૮)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૪૧૨૪)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા-સોસાયટીની-ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૪૩૫૦-સી)

**SALE / LEASE**
**Available 2500 Sq.ft of Commercial Space**
**On 1st Floor with Independent Lift/Staircase with Access from Ground Floor Shop**
Ideal For : Showrooms, Offices, Gyms, Parlour & Saloons
**at Kasturpark, Shimpoli Road, Borivali (W)**
USD UNIQUE SHANTI DEVELOPERS
**CONTACT : 98201 22892**
(B-14116)

**પાર્લા (ઈસ્ટ)**
**400', 1000' ઓફિસ આઉટરાઈટથી લેવા સંપર્ક ''જયેશ'' - 9820994954. (૧૪૩૬૨-સી)**

■ ગોદરેજ લોખંડની સુકનવંતી તીજોરી 30''x 30''x 30'' વેચવાની છે. મોબાઈલઃ 9833483913. રાજુભાઈ સાયન. (કેપી-૨૫૨૨-એ)

(જુઓ પાનું ૮) ▶▶

રનસંગ્રામ IPL-2024

# કાર્તિકની ફટકાબાજીથી પંત, સૅમસન, રાહુલ, કિશન, જિતેશ, અનુજને પડકાર

## રોહિતે વર્લ્ડ કપના મુદ્દે કાર્તિક વિશે મજાકમાં કરેલી ભવિષ્યવાણી સાચી પડી શકે

બેન્ગલૂરુ: આઇપીએલની ૧૭મી સીઝનમાં અત્યારે ૩૮ વર્ષનો દિનેશ કાર્તિક 'ટૉક ઑફ ધ ટાઉન' છે. રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની સાતમાંથી છ મૅચમાં કાર્તિકની બૅટિંગ આવી છે જેમાંથી ત્રણમાં તે અણનમ રહ્યો છે. એમાં પણ ૧૧મી એપ્રિલે વાનખેડેમાં મુંબઈ સામેની અણનમ ૫૩ રનની અને સોમવારે બેન્ગલૂરુ સામેની ૮૩ રનની તેની ઇનિંગ્સ બેનમૂન હતી. બન્ને ઇનિંગ્સમાં તેણે માનસિક દબાણમાં હાફ સેન્ચુરી ફટકારી અને સૂર્યકુમાર યાદવની જેમ અનોખા શૉટ્સથી હરીફ ખેલાડીઓને ચોંકાવી દીધા હતા અને ક્રિકેટપ્રેમીઓને ખુશ કરી દીધા હતા.


બેન્ગલૂરુમાં દિનેશ કાર્તિક. (iplt20.com)

વાત એવી છે કે ૧૧મી એપ્રિલે વાનખેડેમાં મુંબઈ સામે કાર્તિક (જે ડીકેના નામે ફેમસ છે) તેની અસલ સ્ટાઇલમાં ફટકાબાજી કરી રહ્યો હતો ત્યારે રોહિતે શર્માએ વિકેટકીપર ઇશાન કિશનને મજાકમાં કહ્યું, 'શાબાશ ડીકે...વર્લ્ડ કપ સિલેક્શન કે લિયે ઇસ કો પુશ કરના હૈ, દિમાગ મેં યહી ચલ રહા હૈ...વર્લ્ડ કપ ખેલના હૈ વર્લ્ડ કપ.'

રોહિતની આ રમૂજ સાંભળીને કાર્તિક હસવા લાગ્યો હતો અને ફરી પોતાના મિજાજમાં રમવા લાગ્યો હતો.

ખરેખર તો દિનેશ કાર્તિક અચાનક જ ફૉર્મમાં આવીને જૂનમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે વિકેટકીપર-બૅટરની હરીફાઈમાં આડકતરી રીતે રિષભ પંત, સંજુ સૅમસન, કેએલ રાહુલ, ઇશાન કિશન અને જિતેશ શર્મા તેમ જ અનુજ રાવતને પડકાર આપી રહ્યો છે. અહીં સવાલ એ છે કે રોહિતે કાર્તિક વિશે મજાક કરી હતી, પણ કાર્તિક વાસ્તવમાં વર્લ્ડ કપ માટેની ટીમની રેસમાં આવી ગયો છે. ભલે વિકેટકીપર તરીકે નહીં તો તેને પિંચ હિટર તરીકે કે મૅચ ફિનિશર તરીકે ટીમમાં સમાવાશે તો પણ નવાઈ નહીં લાગે.

સોમવારે હૈદરાબાદ સામે કાર્તિકે ૩૫ રનમાં જે ૮૩ રન બનાવ્યા ત્યારે લાગતું હતું કે જો તે થોડો વધુ સમય ક્રીઝમાં ટકી ગયો હોત તો બેન્ગલૂરુ કદાચ જીતી ગયું હોત. એ ઇનિંગ્સમાં મૅચ ફિનિશર તરીકે ટી-૨૦ બૅટરમાં જે ખાસિયતો હોય એ બધી તેનામાં એ સમયે જોવા મળી હતી. કાર્તિક બાવન મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને સાત છગ્ગા તથા પાંચ ચોક્કા ફટકાર્યા હતા. એ ઇનિંગ્સમાં ૨૩૭.૧૪નો તેનો સ્ટ્રાઇક રેટ (દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન મુજબનો દર) હતો.

ઑફ સીઝનમાં કાર્તિક કૉમેન્ટરી આપતો હોય છે. સોમવારે બેન્ગલૂરુમાં તેની ૮૩ રનની ઇનિંગ્સ દરમ્યાન કૉમેન્ટરી બૉક્સમાં એવું બોલાતું હતું કે 'કૉમેન્ટરી બૉક્સમાંના એકેય કૉમેન્ટેટરે તેમની કરીઅર દરમ્યાન કોઈને આ રીતે બૅટિંગ કરતો નથી જોયો.'

એક તરફ કાર્તિક 'સ્વિચ હિટ' અને 'રિવર્સ સ્વીપ' જેવા શૉટ ફટકારતો જોવા મળ્યો છે અને ૨૦૫.૪૫ના સ્ટ્રાઇક રેટ સાથે તેણે સાત મૅચમાં કુલ ૨૨૬ રન બનાવ્યા છે ત્યાં બીજી બાજુ આરસીબીની ટીમ એક પછી એક મૅચ હારી જ રહી છે. કાર્તિકે ખાસ કરીને રવિવારે ૧૧મી એપ્રિલે વાનખેડેમાં બૉલને માત્ર બૅટ અડાડીને બૉલ થર્ડ મૅનની દિશામાંથી બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દેતો તેનો શૉટ બેનમૂન હતો.

એક સમયે કાર્તિક ઘણા લાંબા સમય સુધી ટીમ ઇન્ડિયાની બહાર હતો. જોકે ૨૦૧૮ની નિદાહાસ ટ્રોફીની ફાઇનલમાં તેણે છેલ્લી ઓવરના અંતિમ બૉલ પર છગ્ગો મારીને ભારતને જે જબરદસ્ત જીત અપાવી હતી એને એકેય ભારત તરફી ક્રિકેટપ્રેમી ભૂલ્યો નહીં હોય. ૨૦૨૨માં આરસીબીએ કાર્તિકને ૫.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

### દિનેશ કાર્તિકની કરીઅર પર એક નજર...

(૧) ૨૬ ટેસ્ટ, ૧૦૨૫ રન, ૫૭ કૅચ, છ સ્ટમ્પિંગ
(૨) ૯૪ વન-ડે, ૧૭૫૨ રન, ૬૪ કૅચ, સાત સ્ટમ્પિંગ
(૩) ૬૦ ટી-૨૦, ૬૮૬ રન, ૩૦ કૅચ, આઠ સ્ટમ્પિંગ
(૪) ૨૪૯ આઇપીએલ મૅચ, ૪૭૪૨ રન, ૧૪૨ કૅચ, ૩૬ સ્ટમ્પિંગ.

# હૈદરાબાદ-બેન્ગલૂરુ મૅચ એટલે સિક્સરનો વરસાદ, એમાં બૅટિંગના કૌશલ્ય જેવું કંઈ નહોતું: ફિન્ચ


કોહલીને સોમવારે લેગ-સ્પિનર માર્કન્ડે (નીચે)એ ક્લીન બોલ્ડ કર્યો હતો. (iplt20.com)

બેન્ગલૂરુ: સોમવારે સનરાઇઝર્સ હૈદરાબાદે ૨૭૭ રનનો પોતાનો જ આઇપીએલ-રેકૉર્ડ તોડીને ૨૮૭ રન બનાવ્યા, આખી મૅચમાં કુલ મળીને વિક્રમજનક ૫૪૯ રન (હૈદરાબાદ ૨૮૭/૩ અને બેન્ગલૂરુ ૨૬૨/૭) બન્યા તેમ જ એક ટી-૨૦ મૅચમાં કુલ ૩૮ સિક્સરના વિશ્વવિક્રમની બરાબરી થઈ હતી. એક ટીમની ઇનિંગ્સમાં બાવીસ સિક્સરનો નવો રેકૉર્ડ પણ બન્યો હતો. હૈદરાબાદના સૌથી ઊંચા પડકારને પહોંચી વળવા બેન્ગલૂરુની ટીમે જોરદાર વળતી લડત આપી અને માત્ર પચીસ રનથી પરાજય જોયો.



આ બધુ જોતાં બેન્ગલૂરુમાં સોમવારે સિક્સરનો વરસાદ વરસ્યો એવું બધાને લાગી રહ્યું છે ત્યારે ઑસ્ટ્રેલિયાના ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા કૅપ્ટન આરૉન ફિન્ચે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને મુલાકાતમાં ત્યાં સુધી કહ્યું છે કે 'આ મૅચને ક્યારેય બૅટિંગના કૌશલ્યની દૃષ્ટિએ યાદ રખાશે જ નહીં. આખી મૅચમાં માત્ર સિક્સરો જ બોલબાલા હતી. કોણે કેટલી સિક્સર ફટકારી એની જ વાતો હતી. આરસીબીએ ૨૮૮ રનનો લક્ષ્યાંક મળ્યા પછી ઓવર દીઠ ૧૪ રનના રેટથી શરૂઆત કરવાની હતી અને ત્યારે સ્થિતિ એવી હતી કે એક ઓવર ખરાબ જતાં ઓવર દીઠ રનરેટ વધીને ૧૬ થઈ ગયો હતો.'

હૈદરાબાદે ત્રણ વિકેટે જે ૨૮૭ રન બનાવ્યા એમાં ટ્રેવિસ હેડ (૧૦૨ રન, ૪૧ બૉલ, આઠ સિક્સર, નવ ફોર), હિન્રિચ ક્લાસેન (૬૭ રન, ૩૧ બૉલ, સાત સિક્સર, બે ફોર) તેમ જ અબ્દુલ સામદ (૩૭ અણનમ, ૧૦ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર), અભિષેક શર્મા (૩૪ રન, બાવીસ બૉલ, બે સિક્સર, બે ફોર) અને એઇડન માર્કરમ (૩૨ અણનમ, ૧૭ બૉલ, બે સિક્સર, બે ફોર)ના મુખ્ય યોગદાનો હતા. ફિન્ચે ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું કે 'આઇપીએલની ટીમોએ આ વખતે ક્લાસેન જેવા બિગ-હિટર્સને ટીમમાં સમાવ્યા છે.'

# નારાયણ ૨૦૨૪ની આઈપીએલનો પાંચમો સેન્ચુરિયન

કોલકાતા: ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સે પૉઇન્ટ્સ-ટેબલની નંબર-વન ટીમ રાજસ્થાન રૉયલ્સ સામે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૨૩ રન બનાવ્યા હતા અને રાજસ્થાનને ૨૨૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. સુનીલ નારાયણ (૧૦૯ રન, ૫૬ બૉલ, છ સિક્સર, તેર ફોર) નામનું વાવાઝોડું ત્રાટક્યું હતું જેમાં રાજસ્થાનના ખાસ કરીને બે મુખ્ય સ્પિનર યુઝવેન્દ્ર ચહલ (૪-૦-૫૪-૧) અને આર. અશ્વિન (૪-૦-૪૯-૦)ની બોલિંગ ઍનેલિસિસ બગડી ગઈ હતી. નારાયણ આ વખતની આઇપીએલનો પાંચમો સેન્ચુરિયન બન્યો હતો. તેની પહેલાં કોહલી (૭૨ બૉલમાં અણનમ ૧૧૩), બટલર (૫૮ બૉલમાં અણનમ ૧૦૦), રોહિત (૬૩ બૉલમાં ૧૦૫ અણનમ) અને ટ્રેવિસ હેડ (૪૧ બૉલમાં ૧૦૨)ના નામે સદી લખાઈ હતી.

# ગાવસકર સૌથી વધુ અન્ડરવૂડ સામે આઉટ થયા હતા: બ્રિટિશ સ્પિનરનું ૭૮ની ઉંમરે અવસાન

નવી દિલ્હી: બીજા વિશ્વયુદ્ધ પછીના સમયગાળામાં ઇંગ્લૅન્ડના બેસ્ટ સ્પિનર તરીકે જાણીતા ડેરેક અન્ડરવૂડનું સોમવારે ૭૮ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. સુનીલ ગાવસકર લેફ્ટ-આર્મ સ્પિનર અન્ડરવૂડ સામે ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ ૧૨ વખત આઉટ થયા હતા. બીજા કોઈ બોલરે ગાવસકરને અન્ડરવૂડથી વધુ વખત આઉટ નહોતા કર્યા. 'ડેડલી' તરીકે ઓળખાતા અન્ડરવૂડે ૧૯૬૬થી ૧૯૮૨ દરમ્યાન ૮૬ ટેસ્ટ રમ્યા હતા જેમાં તેમણે ૨૯૭ વિકેટ અને ૨૬ વન-ડેમાં ૩૨ વિકેટ લીધી હતી. તેમણે ઇન્ટરનૅશનલ મૅચોમાં કુલ ૯૩૭ રન બનાવ્યા હતા. જોકે કુલ ૬૭૬ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં અન્ડરવૂડે ૨૪૬૫ વિકેટ લીધી હતી અને ૫,૧૬૫ રન બનાવ્યા હતા.



# મહેશ ભૂપતિ કહે છે, 'માલિક બદલો, આરસીબીનો ઉદ્ધાર થશે'

બેન્ગલૂરુ: રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ પોતાના ખેલાડીઓના ડ્રેસમાં કાળાના સ્થાને બ્લુ રંગ ઉમેર્યો, ટીમના નામમાં બૅન્ગલોરના સ્થાને બેન્ગલૂરુ નામ રાખ્યું એમ છતાં ટીમની સ્થિતિમાં કોઈ સુધારો નથી થયો. સાતમાંથી છ ટીમ હારી ચૂકેલી આરસીબી વિશે ટોચના ટેનિસ ખેલાડી મહેશ ભૂપતિએ કંઈક અનોખો જ માર્ગ દેખાડ્યો છે. ૧૨ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા ટેનિસ લેજન્ડ ભૂપતિએ સૂચવ્યું છે કે બીસીસીઆઇએ આરસીબીને પોતાનું ફ્રૅન્ચાઇઝી અન્ય કોઈને વેચી દેવાની ફરજ પાડવી જોઈએ. આરસીબીની માલિકી યુનાઇટેડ સ્પિરિટ્સ લિમિટેડ નામની કંપની પાસે છે. સોમવારે એની સામે જીતનાર હૈદરાબાદની ટીમનો અખત્યાર સન ગ્રુપની કાવ્યા મારન સંભાળે છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન
એડી કરંટ એરે ટેસ્ટિંગનું કામ
(1) ટેન્ડર નોટિસ નં.: M-2024-02-ECA-1, તા.11-04-2024; (2) કામનું નામ: C&W ડેપો RJT, HAPA અને OKHA ખાતે LHB કોચ વ્હીલ સેટ પર સરફેસ ડિફેક્ટ ડિટેક્શન માટે એડી કરંટ એરે ટેસ્ટિંગનું કામ બે વર્ષ માટે; (3) અંદાજીત ખર્ચ: ₹ 4523959.68 (4) અર્નેસ્ટમની: ₹ 90500/-; (5) ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમય: 03.05.2024 (15.00 કલાક સુધી); (6) ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે અને નોટિસ બોર્ડનું સ્થળ: ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન, રાજકોટ-360001; (7) વેબસાઇટની વિગત: www.ireps.gov.in 001
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
૧૦૬ ATVMs માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ
DRM (C), મુંબઈ સેન્ટ્રલ ઈ-ટેન્ડર નોટિસ નંબર: C૫૪૮-૪૫-CAMC-૧૦૬ ATVM-LIPI તારીખ ૧૨.૦૪.૨૦૨૪ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના બે વર્ષની મુદત માટે M/s લીપી ડેટા સિસ્ટમ્સ લિમિટેડના ૧૦૬ ATVMs (ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો) માટે વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર. કામની અંદાજિત કિંમત: રૂ. ૧,૪૩,૮૪,૨૦૦/- ટેન્ડર ફોર્મની કિંમત: રૂ. ૫,૦૦૦/-. બીડસુરક્ષા: ૨,૨૨,૦૦૦/- ઓનલાઈન સુપ્રતિની બંધ થવાની તારીખ અને સમય: ૦૭.૦૫.૨૦૨૪ના ૧૬:૦૦ કલાક સુધી. ઈ-ટેન્ડરની ખોલવાની તારીખ અને સમય: ૦૭-૦૫-૨૦૨૪ના ૧૬.૩૦ કલાકે. નોંધ: ટેન્ડર દસ્તાવેજ, સુધારા અને વધુ વિગતો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. ટેન્ડર બિડ સિક્યોરિટીની કિંમત માત્ર ઓનલાઈન નેટ બૅન્કિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારવામાં આવશે. બિડરે પોતાને અપડેટ રાખવા માટે નિયમિતપણે વેબસાઈટની મુલાકાત લેવી જોઈએ. 0041
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-રતલામ મંડલ
ઈ-ટેન્ડર સૂચના
સંખ્યા: EL/TRD/૫૮/૨૦૨૩-૨૪/૧૦ RT તા. ૧૨/૪/૨૪
વરિષ્ઠ મંડલ વિદ્યુત એન્જીનિયર, કર્ષણ વિતરણ, રતલામ મંડલ, પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ વતીથી નીચે લખેલ કાર્ય માટે IREPS પોર્ટલના માધ્યમથી ઓપન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર નં: EL/TRD/૫૮/૨૦૨૩-૨૪/૧૦ RT, કામનું નામ: WRના રતલામ-ગોધરા સેક્શન માટે ૧×૨૫ KVથી ૨×૨૫ KV ટ્રેક્શન સીસ્ટમ સુધી ઈલેક્ટ્રીક ટ્રેક્શન સીસ્ટમના અપગ્રેડેશન કામ. અંદાજીત કિંમત: ₹ ૧૨૧,૭૪,૦૦,૬૭૪/- બાનારકમ: ₹ ૬૨,૩૭,૦૦૦/- પૂર્ણતા મુદત: ૨૪ મહિના, ટેન્ડર દસ્તાવેજની કિંમત: Nil, પ્રી-બીડ કોન્ફરન્સની તા. & સમય: ૧૯/૪/૨૪ના ૧૧ ક., સીની. ડીવી. ઈલેક. એન્જી., ટ્રેક્શન ડીસ્ટ્રીબ્યુશન, DRM ઓફિસ, દો બત્તી રતલામ (M.P.) - ૪૫૭૦૦૧ ખાતે, ઓનલાઈન બીડીંગ બંધ થવાની તા. અને સમય: ૧૦/૫/૨૪ના ૧૫ ક., ઓફરની વૈધતા: ખુલવાની તા.થી ૯૦ દિવસ. વેબસાઈટ: www.ireps.gov.in નોટીસ બોર્ડ: વરિષ્ઠ મંડલ, વિદ્યુત એન્જીનિયર, કર્ષણ વિતરણ, રતલામ મંડલ, પશ્ચિમ રેલવેના કાર્યાલયના પ્રવેશદ્વારની સામે.
વરિષ્ઠ મંડલ વિદ્યુત એન્જીનિયર (કર્ષણ વિતરણ) રતલામ
ADM/8/1/002
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## વેપાર વાણિજ્ય

# શૅરબજારમાં કડાકાની હેટટ્રિક, સેન્સેક્સ વધુ ૪૫૬ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૨,૧૫૦ની નીચે સરક્યો

મુંબઇ: વિશ્વબજાર પાછળ સ્થાનિક શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં કડાકો નોંધાયો છે. પશ્ચિમ એશિયામાં બગડતી પરિસ્થિતિ વચ્ચે વૈશ્વિક બજારોમાં નબળાઈને ટ્રેક કરતા સેન્સેક્સ અને નિફ્ટી ૧૬ એપ્રિલના રોજ સતત ત્રીજા સત્રમાં નીચી સપાટીએ ગબડ્યા હતા. યુએસ ટ્રેઝરી બોન્ડની યીલ્ડ પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી એકંદર ઇક્વિટી બજારોના માનસ ખરડાયા હતા. વિશ્લેષકો રોકાણકારોને સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યાં છે. સત્રને અંતે સેન્સેક્સ ૪૫૬.૧૦ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૭૨,૯૪૩.૬૮ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૧૨૪.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૨૨,૧૪૭.૯૦ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. જોકે, બજારનો ટોન મક્કમ જણાયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨,૦૩૭ શેર વધ્યા, ૧,૨૫૫ શેર ઘટ્યા અને ૮૬ શેર પાછલી બંધ સપાટીએ પાછાં ફર્યા હતા. સેન્સેક્સના શેરોમાં ઇન્ફોસિસ, ઇન્ડસઇન્ડ બેન્ક, બજાજ ફિનસર્વ, વિપ્રો, એચસીએલ ટેકનોલોજી, બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને લાર્સન ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. જ્યારે ટાઇટન, હિંદુસ્તાન યુનિલીવર, એચડીએફસી બેન્ક, મારુતિ, આઇટીસી, પાવર ગ્રીડ અને રિલાયન્સનો ટોપ ગેઇનર્સમાં સમાવેશ હતો.

ટેલિકોમ કંપની વોડાફોન-આઇડિયાએ ફોલો-ઓન પબ્લિક ઓફર એટલે કે રૂ. ૧૮,૦૦૦ કરોડના અત્યાર સુધીના સૌથી મોટા એફપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશવાની જાહેરાત કરી છે. આ એફપીઓ ૧૮મી એપ્રિલથી ૨૨મી એપ્રિલ સુધી ખુલ્લો રહેશે. એન્કર રોકાણકારો આ એફપીઓ માટે ૧૬મીએ બિડ કરી શકશે. વોડાફોન આઈડિયાએ તેના એફપીઓ માટે રૂ. ૧૦થી રૂ. ૧૧ વચ્ચે પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે ૧૨૯૮ શેર માટે બિડ કરી શકે છે. આવી સ્થિતિમાં જો રૂ. ૧૧ની અપર પ્રાઇસ બેન્ડ મુજબ એક લોટ માટે અરજી કરનારે રૂ. ૧૪,૨૭૮નું રોકાણ કરવું પડશે. આતમ વાલ્વ્સે નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૫૨.૬૨ કરોડની કુલ આવક હાંસલ કરે છે. નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં કંપનીએ કુલ આવક રૂ. ૧૭.૨૭ કરોડ, એબિટા રૂ. ૪.૦૧ કરોડ, એબિટા માર્જિન ૨૩.૨૩ ટકા, ચોખ્ખો નફો રૂ. ૨.૬૮ કરોડ, પીએટી માર્જિન ૧૫.૫૫ ટકા અને ઇપીએસ રૂ. ૨.૩૪ નોંધાવી છે.

પેટ્રોલિયમ સ્પેશિયાલિટી પ્રોડક્ટ્સ ઉત્પાદક સવિતા ઓઈલ ટેક્નોલોજીસ એસ્ટર મોલેક્યુલનું ઉત્પાદન કરનારી પ્રથમ ભારતીય લુબ્રિકન્ટ કંપની બની હોવાને કારણે તેના શેર સર્વકાલિન ઊંચા સ્તરે પહોંચ્યા હતા. આ પ્રોડક્ટનો ઉપયોગ બાયોડિગ્રેડેબલ એપ્લીકેશનમાં તેમ જ ટુ તથા થ્રી-વ્હીલર ઇલેક્ટ્રિક વાહનોમાં કૂલિંગ એજન્ટ તરીકે પણ કામ કરે છે. કંપની ૭૫ દેશમાં હાજરી ધરાવે છે. અમેરિકાના બજારો સોમવારે નેગેટીવ ઝોનમાં ગબડ્યા બાદ એશિયાન બજારોમાં સિઓલ, ટોકિયો, શાંઘાઇ અને હોંગકોંગ નીચી સપાટીએ ગબડ્યા હતા. યુરોપના બજારો પણ ખૂલતા સત્રમાં રેડ ઝોનમાં વધુ ઊંડે ધકેલાયા હોવાના અહેવાલ હતા. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, નસ્ત્રઆગળ વધીને, અમે પાછલા એક મહિનાની તેજીના રીટ્રેસમેન્ટના ભાગરૂપે, વર્તમાન ઘટાડો ૨૧૯૦૦ના આગામી મહત્ત્વની ટેકાની સપાટી તરફ લંબાવાની અપેક્ષા રાખીએ છીએ, ત્યારબાદ અર્નિંગ સિઝનમાં વેગ આવવાની સાથે શેરલક્ષી કામકાજ વચ્ચે બેઝ ફોર્મેશન આવશે. દરમિયાન, નિફ્ટીએ ૨૨,૮૦૦ પર પ્રતિકારનો સામનો કરે તેવી અપેક્ષા છે. વધતી બોન્ડની ઉપજ યુએસ ફેડરલ રિઝર્વને આ વર્ષે દર ઘટાડવાથી રોકી શકે છે. શેરબજારમાં સતત ત્રીજા દિવસે કડાકાને કારણે રોકાણકારોનો વિશ્વાસ હચમચી ગયો છે. ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત વધુ પાછળ ટાળશે એવી આશંકા સાથે હવે ઇઝરાયલ અને ઇરાનની અથડામણ કેવો રંગ પકડશે, તેનો ભય ઊભો થયો હોવાથી અમેરિકાના શેરબજારોના કડાકા બાદ એશિયાઇ બજારોમાં પણ નોંધપાત્ર ધોવાણ જોવા મળ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનું ધોવાણ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે મધ્યપૂર્વના દેશોમાં વધેલા રાજકીય-ભૌગોલિક તણાવ વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્યપ્રવાહ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસાના ધોવાણ સાથે ૮૩.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

વધુમાં ગત માર્ચ મહિનામાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ સાધારણ ઘટાડા સાથે ૪૧.૬૯ અબજ ડૉલરના સ્તરે અને ગત નાણાકીય વર્ષમાં નિકાસ ૩.૧૧ ટકા ઘટીને ૪૩૭.૦૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાના અહેવાલોની પણ રૂપિયા પર નકારાત્મક અસર જોવા મળી હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૪૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૫૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૬૧ અને ઉપરમાં ૮૩.૪૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૮૩.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૧૦૬.૨૩ આસપાસની પાંચ મહિનાની ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધીને નવેમ્બર, ૨૦૨૩ પછીની ઊંચી ૪.૬૬ ટકાની સપાટી આસપાસ રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વધુમાં વૈશ્વિક સ્તરે મધ્યપૂર્વના દેશોમાં વધેલા તણાવને કારણે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૫૬.૧૦ પૉઈન્ટનો અને ૧૨૪.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા ઘટીને બેરલદીઠ ૮૯.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી કંઈક અંશે રૂપિયામાં રાહત મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધતા વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૮૯નો ઉછાળો, ચાંદીમાં ₹ ૨૩૯નો ઘટાડો

# છથી આઠ મહિનામાં સોનાના ભાવ વધીને 3000 ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા: સિટી ઈન્ડેક્સ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાન-ઈઝરાયલ વચ્ચે રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થતાં સોનામાં સલામતી માટેની પ્રબળ માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં તેજીનું વલણ જળવાઈ રહ્યા બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીના દબાણે ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હતો. જોકે, મધ્યપૂર્વના દેશોમાં વધેલા તણાવને ધ્યાનમાં લેતા સિટી ઈન્ડેક્સે આગામી બીજા છમાસિકગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૫૦૦ ડૉલર અને છથી આઠ મહિનામાં સોનાના ભાવ વધીને ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા સીટી ઈન્ડેક્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને સોનામાં વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનું ધોવાણ થયું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર વધવાને કારણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૭થી ૪૮૯ની તેજી આગળ ધપી હતી, જ્યારે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩૯નો ઘટાડો આવ્યો હતો. ાે સાધારણ સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગનો ટેકો મળ્યો હોવાથી મધ્યસત્ર દરમિયાન ભાવ કિલોદીઠ રૂ. ૧૮૦ વધી આવ્યા હતા, પરંતુ મધ્યસત્ર બાદ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં અંતે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૯ ઘટીને રૂ. ૮૩,૨૧૩ના મથાળે બંધ રહ્યા હતા. જોકે સોનામાં વૈશ્વિક બેતરફી અહેવાલ અને ડૉલર સામે રૂપિયો નબળો પડતાં તેજી આગળ ધપતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૭ વધીને રૂ. ૭૩,૦૦૮ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૯ વધીને રૂ. ૭૩,૩૦૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શાંત હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

તાજેતરમાં વૈશ્વિક સોનાને મધ્યપૂર્વના દેશોની તણાવની સ્થિતિનો લાભ મળી રહ્યો છે અને રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો પણ ટેકો મળી રહ્યો હોવાનું સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA
વૃક્ષ પ્રાધિકરણ
-પબ્લિક નોટીસ-
મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ ૦૨ પ્રસ્તાવ 'R/સેન્ટ્રલ' વોર્ડમાંથી. એટલે કે કુલ ૦૨ પ્રસ્તાવ ઝોન-VIIમાં વૃક્ષોને હટાવવા માટે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રી ઓથોરીટી/BMCની ટ્રી ઓથોરીટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન ટ્રી ઓથોરીટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.
ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- https://mcgm.gov.in → about us → wards/Department → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → Advt.7days-Above ૨૫- W.S.-Z-VII-૧૮ → પર ઉપલબ્ધ છે.
ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.
તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ-ID dysg.ta@mcgm.gov.in પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો/ વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી ૨૪/૦૪/૨૦૨૪ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
રજો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in
સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર
PRO/16/ADV./2024-25
વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન
ગતિ શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મિનલનો વિકાસ
ટેન્ડર નોટિસ નં.: WR-RJT0COMM(GCT)/1/2024-508240 તારીખ: 12/04/2024; (1) કામનું વર્ણન: ગતિ શક્તિ મલ્ટી - મોડલ કાર્ગો ટર્મિનલ (GCT) નો વિકાસ - ગોરીજા સ્ટેશનની સામે સંપૂર્ણ રીતે રેલવેની જમીન પર; (2) કોન્ટ્રેક્ટનો સમયગાળો: 35 વર્ષ; (3) ટેન્ડરર ને ઈન્સેન્ટિવ: ઈન્સેન્ટિવ ટર્મિનલ ચાર્જીસ (TC) અને ટર્મિનલ એક્સેસ ચાર્જીસ (TAC) માં હિસ્સેદારીના સ્વરૂપમાં હશે. GCT ની પોલિસી અનુસાર; (4) પસંદગીનું પેરામીટર : TC અને TAC નો મહત્તમ હિસ્સો આપતા પાત્ર બિડર્સને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે; (5) પ્રોજેક્ટ કાર્યનો અંદાજીત ખર્ચ (જમીનના ખર્ચ સિવાય): ₹ 20,61,64,450/- (રૂ. વીસ કરોડ એકસઠ લાખ ચોસઠ હજાર ચારસો પચાસ પુરા); (6) અર્નેસ્ટમની ડિપોઝીટ: ₹ 2,06,16,500/- (રૂ. બે કરોડ છ લાખ સોળ હજાર પાંચસો પુરા); (7) ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ: 10.05.2024 ના 15.00 કલાકે; (8) ટેન્ડર ખોલવાની તારીખ: 10.05.2024 ના 15.30 કલાકે; (9) વેબસાઈટ: www.ireps.gov.in; (10) ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, રાજકોટ-ડિવિઝન, પશ્ચિમ રેલવે, ડીઆરએમ ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360005. 002
અમને લાઇક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE
EXPRESSION OF INTEREST (EOI) FOR REDEVELOPMENT AT MALABAR HILL
Developers are hereby called to collect "Expression of Interest" for shortlisting of developers ("EOI") for redevelopment of Samrat Ashok Co-operative Housing Society Limited ("Society") consisting of 153 Residential Flats and 66 Closed Garages situated at 7, Ratilal R. Thakkar Marg, Malabar Hill, Mumbai - 400 006 on land admsg. approx. 5,776 sq. mtrs. bearing C.T.S. No. 250 of Malabar Hill Division, D Ward.
The neighbourhood Details:
50 mtrs. away from Chandanbala Jain Temple, 02 minutes' drive from Hanging Garden, 05 minutes' drive from Coastal Road/Tunnel, 05 minutes' drive from Girgaon Chowpatty
The EOI can be collected against a request letter on the letterhead of the developer, free of cost, from the office of the Society at the above-mentioned address from 18 th April, 2024 to 9 th May 2024 between 9 a.m. to 12 noon and 9 p.m. to 10 p.m. by contacting Ms. Ashwini Udeshi: +91 9820904443
Project Management Consultant
M/s. SHILP ASSOCIATES
Email: pmc@shilpassociates.com
The Society does not bind itself to accept any offer and the Society reserves its right to accept and/or reject any or all the offers received without assigning any reason whatsoever.
Dated this17th day of April 2024
Sd/-
Mr. Sanjay Jhaveri
Secretary
Samrat Ashok CHSL

# એપ્રિલનું એક દાયકાનું સૌથી ઊંચું તાપમાન

## મુંબઈ ૩૯.૭ ડિગ્રી

### થાણેમાં ૪૧.૬ તો નવી મુંબઈના રબાલેમાં ૪૨ ડિગ્રી

### આજે પણ હિટવેવની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતીય હવામાન વિભાગે પહેલાથી સોમવાર અને મંગળવારે હિટવેવની ચેતવણી આપી હતી ત્યારે સોમવારે ગરમી અસહ્ય થયા બાદ મંગળવારે મુંબઈમાં એપ્રિલનું એક દાયકાનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું જ્યારે થાણેમાં સૌથી ઊંચું અને બીજા નંબરે નવી મુંબઈના રબાલેમાં સૌથી ઊંચું તાપમાન નોંધાયું હતું. આ દરમિયાન હવામાન ખાતાએ બુધવારે પણ મુંબઈ, થાણે, રાયગઢ જિલ્લા માટે હીટવેવની ચેતવણી જાહેર કરી છે.

મુંબઈમાં મંગળવારે અલગ-અલગ વિસ્તારોમાં તીવ્ર હીટવેવની સ્થિતિ જોવા મળી હતી, કારણકે દિવસનું તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું હતું. મુંબઈગરા પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. અનેક લોકોને લૂ લાગવાના બનાવ પણ નોંધાયા હતા. હૉસ્પિટલ અને દવાખાનામાં પણ ચક્કર અને ઉલટી સાથેના અનેક કેસ નોંધાયા હતા.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી નોંધાયુ હતું, જે સામાન્ય કરતા ૬.૩ ડિગ્રી વધુ હતું. એપ્રિલ મહિનામાં શહેરમાં એક દાયકામાં નોંધાયેલું આ સૌથી વધુ તાપમાન રહ્યું હતું. આ અગાઉ જોકે મુંબઈમાં ૨૫ માર્ચ, ૨૦૧૮ના રોજ ૪૧ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. તો મુંબઈનો અત્યાર સુધીનો ઓલટાઈમ રેકોડ ૧૩ એપ્રિલ, ૧૯૫૨ના ૪૨.૨ ડિગ્રી સાથેનો

(જુઓ પાનું ૪) ▶▶

**એપ્રિલ મહિનામાં છેલ્લા ૧૦ વર્ષના મહત્તમ તાપમાન**

| | |
|---|---|
| ૨૦ એપ્રિલ ૨૦૨૩ | -૩૮.૮ ડિગ્રી |
| ૨૨ એપ્રિલ ૨૦૨૨ | - ૩૮.૯ ડિગ્રી |
| ૭ એપ્રિલ ૨૦૨૧ | -૩૫.૮ ડિગ્રી |
| ૨૧ એપ્રિલ ૨૦૨૦ | - ૩૭.૮ ડિગ્રી |
| ૧૪ એપ્રિલ, ૨૦૧૯ | - ૩૬.૩ ડિગ્રી |
| ૨૩ એપ્રિલ, ૨૦૧૮ | -૩૬.૧ ડિગ્રી |
| ૧૯ એપ્રિલ, ૨૦૧૭ | -૩૬.૦ ડિગ્રી |
| ૨૮ એપ્રિલ, ૨૦૧૬ | - ૩૮.૦ ડિગ્રી |
| ૨૨ એપ્રિલ, ૨૦૧૫ | - ૩૫.૩ ડિગ્રી |
| ૨૨ એપ્રિલ, ૨૦૧૪ | - ૩૯.૦ ડિગ્રી |

## હીટવેવની ચેતવણી જાહેર કરવામાં વિલંબ

સોમવાર અને મંગળવાર એમ બે દિવસ માટે મુંબઈ, થાણે અને રાયગઢમાં હીટવેવની શક્યતા હતા. પરંતુ છેક સોમવારે સાંજે હવામાન ખાતા તરફથી ચેતવણી જાહેર કરવામાં આવી હતી. ચેતવણી જાહેર કરવામાં થયેલા વિલંબ બદલ વેધશાળાની ભારે ટીકા પણ થઈ હતી. ત્યારે હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ સિસ્ટમ (એસઓપી) મુજબ જ્યારે કોઈ પણ દરિયાઈકાંઠાના સ્ટેશનનું તાપમાન ૩૭ ડિગ્રઈ સુધી પહોંચવાની શક્યતા હોય ત્યારે જ તેઓ હીટવેવની ચેતવણી આપે છે અને ઓછામાં ઓછા બે સ્ટેશનોના તાપમાન ૪.૫થી ૬.૪ ડિગ્રી સુધી વધે તેના આધારે નક્કી થાય છે. ■

# શિંદે સેના વધુ મજબૂત

## બીએસપીના બે મોટા નેતા શિંદે જૂથમાં સામેલ

મુંબઈઃ લોકસભા ચૂંટણી પહેલા ઉમેદવારીની ટિકિટ મળવાની તકે અનેક નેતાઓએ પક્ષ બદલો કર્યો છે. ચૂંટણી નજીક આવી છે એવામાં 'બહુજન સમાજ પાર્ટી' (બીએસપી)ને બે મોટા નેતાઓએ શિવસેના એકનાથ શિંદે જૂથમાં પ્રવેશ કરવાથી માયાવતીના પક્ષ બીએસપીને મોટો ધક્કો લાગ્યો છે. બીએસપીના નેતાઓના શિવસેના પ્રવેશ બાબતે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી.

મુખ્ય પ્રધાન શિંદેએ એક્સ પર એક વીડિયો શેર કરીને લખ્યું હતું કે 'રાજસ્થાનના બહુજન સમાજ પાર્ટીના વિધાનસભ્ય જસવંત સિંહ અને મનોજ કુમાર રાઠોડ મંગળવારે બાળાસાહેબ ભવનમાં આવીને સત્તાવાર રીતે શિવસેનામાં સામેલ થયા છે. તેમનું પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું અને ભવિષ્યમાં તેમની પ્રગતિ માટે શુભેચ્છા. આ પ્રસંગે શિવસેનાના સેક્રેટરી કેપ્ટન અભિજીત અડસુલ, શિવસેનાના મહિલા નેતા મીનાતાઈ કાંબલી, શિવસેનાના પ્રવક્તા કિરણ પાવસકર, શિવસેનાના રાજસ્થાન પ્રદેશ

(જુઓ પાનું ૪) ▶▶

### આરોગ્ય વિભાગની ગાઈડલાઈન

## કર્મચારીઓને ૨૦-૨૦ મિનિટે 'વોટર બ્રેક' આપો

મુંબઈઃ દેશમાં તેમ જ રાજ્યમાં વધી રહેલાં ગરમીના પ્રકોપને કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે અને આ જ બાબતને ધ્યાનમાં લઈને વિવિધ કંપનીઓ અને કારખાનામાં કામ કરનારા કર્મચારીઓ માટે આરોગ્ય વિભાગ દ્વારા એક ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનમાં આપવામાં આવી રહેલી માહિતી અનુસાર કામના સ્થળે ઠંડા પાણીની વ્યવસ્થા અને કર્મચારીઓને દર ૨૦ મિનિટે વોટર બ્રેક આપીને કર્મચારીઓને પાણી પીવાનું યાદ કરાવવાની ભલામણ કરવામાં આવી છે. રાજ્યમાં દિવસે દિવસે તાપમાનમાં

(જુઓ પાનું ૪) ▶▶

### સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર

## આરોપીઓ ભુજમાં ઝડપાયા

### શૂટરોએ પિસ્તોલ સુરત પાસેની નદીમાં ફેંક્યાનો દાવોઃ આરોપીને નવ દિવસની પોલીસ કસ્ટડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના બાન્દ્રા સ્થિત નિવાસસ્થાન બહાર ગોળીબાર કરી ફરાર થઈ ગયેલા બન્ને શૂટરને મુંબઈ પોલીસે ભુજની લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી ભુજના એક મંદિર પરિસરમાંથી પકડી પાડ્યા હતા. ગોળીબારમાં ઉપયોગમાં લેવાયેલી પિસ્તોલ સુરત પાસેની નદીમાં ફેંકી હોવાનો દાવો આરોપીએ કર્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૯ના અધિકારીઓએ પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ વિકી કુમાર સાહેબસાહ ગુપ્તા (૨૫) અને સાગર કુમાર જોગેન્દર પાલ (૨૧) તરીકે થઈ હતી. કોર્ટે બન્ને આરોપીને ૨૫ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બાન્દ્રા પશ્ચિમના ગૅલેક્સી

(જુઓ પાનું ૪) ▶▶



### શું શૂટરો પોતાને પકડાવવા માગતા હતા?

સલમાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવા પ્રકરણે ધરપકડ કરાયેલા બન્ને આરોપી ગુપ્તા અને પાલ પ્રોફેશનલ શૂટર હોવા છતાં તેમણે અનેક ભૂલો કરી હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. જોકે બિશ્નોઈ ગૅન્ગની ધાક જમાવવા માટે શૂટરો પોતાને પકડાવવા માગતા હોય તેમ જાણીજોઈને કેટલાક પુરાવા છોડી ગયા હોવાનું પોલીસ સૂત્રોનું કહેવું છે.

પોલીસ તપાસમાં જણાયું હતું કે ગોળીબાર પછી આરોપીઓએ ગુનામાં વપરાયેલી બાઈક સલમાનના ઘરથી થોડે જ અંતરે માઉન્ટ મૅરી ચર્ચ નજીક છોડી દીધી હતી. બાઈકના રજિસ્ટ્રેશનના નંબરને આધારે પોલીસ પનવેલમાં રહેતા બાઈકના મૂળ માલિક સુધી પહોંચી હતી. બાઈક પચીસ હજાર રૂપિયામાં એક શખસને વેચવામાં આવી હોવાનું માલિકે કહ્યું હતું. એ શખસ હરિગ્રામ પરિસરમાં રહેતો હોવાની માહિતી પણ પોલીસને

(જુઓ પાનું ૪) ▶▶

## વીજમાગમાં વધારો થયો હોવા છતાં લોડશેડિંગ નહીં થાય

મુંબઈઃ રાજ્યમાં ઉનાળાનો તાપ વધતાં ઉકળાટમાં વધારો થયો છે અને તેને કારણે મુંબઈ સહિત રાજ્યમાં વીજળીની માગણીમાં વધારો થયો છે. હાલમાં વીજમાગણી ૨૮,૫૦૦ મેગાવોટ પર પહોંચી છે. એ પૈકી મુંબઈની મહત્તમ વીજમાગ અંદાજે ચાર હજાર મેગાવોટ હોઇ મહાવિતરણની સોમવારે બપોરે ચાર વાગ્યા સુધી મહત્તમ વીજમાગ ૨૪૫૪૬ જેટલી પહોંચી ગઇ હતી.

મહાનિર્મિતી સહિત ખાનગી કંપનીઓની યંત્રણા સંપૂર્ણ ક્ષમતાથી કાર્યાન્વિત હોવાથી વીજની માગણી પૂરી કરાઈ શકાઇ છે અને ક્યાંય પણ લોડશેડિંગ કરવું નથી પડ્યું. હવે એમાં પણ વધુ બે હજાર મેગાવોટની માગ વધી હોવા છતાં તે પૂરી પાડી શકાશે, એવું મહાવિતરણના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. છેલ્લા બે-ત્રણ દિવસથી મુંબઈ સહિત રાજ્યના અનેક ભાગોમાં તાપમાનમાં વધારો થયો છે અને આગામી

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં સ્વાઈન ફ્લૂનો ફફડાટ, નાશિકમાં એકનું મોત

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્યમાં ગરમીનો પારો એકબાજુ વધી રહ્યો છે, જ્યારે અમુક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ગરમીના વધારા સાથે હવે સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો થવાથી આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે.

નાશિક જિલ્લામાં સ્વાઇન ફ્લૂના કેસમાં વધારો થતાં પ્રશાસન એલર્ટ થઈ ગયું છે. નાશિકમાં સ્વાઇન ફ્લૂના ત્રણ કેસ મળી આવ્યા છે, જેથી નાશિક શહેરની સાથે આખા જિલ્લામાં સ્વાઇન ફ્લૂના ફેલાવાને રોકવા માટે સરકારે સૂચનો જાહેર કર્યા છે.

નાશિક જિલ્લામાં સ્વાઇન ફ્લૂએ ફરી એક વખત માથું ઉચક્યું છે. ગરમીની સાથે સ્વાઇન ફ્લૂના કેસ પણ વધી રહ્યા છે. તેમ જ એક વ્યક્તિનું સ્વાઇન ફ્લૂને લીધે મૃત્યુ થયું હતું અને બીજા બે દર્દીઓ પર સારવાર ચાલી રહી છે.

આ દર્દીમાં સિન્નરની એક મહિલાનું સ્વાઇન ફ્લૂને લીધે મૃત્યુ થયું હતું તેમ જ બીજા બે દર્દીઓની તબિયત હાલમાં સ્થિર છે, એવી માહિતી એક અધિકારીએ આપી હતી. સ્વાઇન ફ્લૂના કેસમાં વધારો આવતા પ્રશાસને જિલ્લામાં લોકો માટે અમુક

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદે સલમાનના ઘરની મુલાકાતે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે અભિનેતા સલમાન ખાનના વાંદરા સ્થિત ઘરની મુલાકાત લીધી હતી. સલમાનના ઘરની સામે કરવામાં આવેલા ગોળીબારના મામલે બે જણની ધરપકડ કરવામાં આવ્યા બાદ સુરક્ષાની ખાતરી શિંદેએ આપી હતી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શિંદેએ જણાવ્યું હતું કે ગોળીબારની ઘટના સાથે સંકળાયેલા લોકો સામે કડક પગલાં લેવામાં આવશે. સલમાન અને તેના પરિવારની સુરક્ષા વધારવા માટે મુંબઈ પોલીસ કમિશનરને સૂચના આપવામાં આવી હોવાનું પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. રવિવારે કરવામાં આવેલા ગોળીબાર પછી નાસતા ફરતા બે જણ વિકી ગુપ્તા (૨૪) અને સાગર પાલ (૨૧)ને સોમવારે મોડી રાત્રે ગુજરાતના કચ્છ જિલ્લાના મંદિરના પરિસરમાંથી પકડી પાડવામાં આવ્યા હતા.(પીટીઆઈ)■

## મલાડમાં આઠ માળની બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૧૪ દાઝ્યા

### બે જયેષ્ઠ નાગરિકને ઐરોલીની બર્ન હૉસ્પિટલમાં દાખલ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરમાં મલાડ (પશ્ચિમ)માં એક બહુમાળીય ઈમારતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. સવારના આઠ માળની ઈમારતમાં લાગેલી આગમાં ચાર સિનિયિર સિટિઝન સહિત લગભગ ૧૪ રહેવાસીઓ દાઝી ગયા હતા. ૫૦ ટકાથી વધુ દાઝી ગયેલા બે સિનિયિર સિટિઝનને નવી મુંબઈની ઐરોલીમાં આવેલી નેશનલ બર્ન્સ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ત્રણ રહેવાસીઓ હજી પણ ખાનગી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. તો ત્રણ રહેવાસીઓ પાલિકા સંચાલિત શતાબ્દી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે અન્ય ત્રણ રહેવાસીઓએ શતાબ્દી હૉસ્પિટલમાંથી તબીબી સલાહ વિરુદ્ધ જઈને રજા લીધી

(જુઓ પાનું ૪) ▶▶

## કલ્યાણ-ડોંબિવલી, તલોજા, ઉલ્હાસનગરમાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશનના જાંબુળ ફિલ્ટરેશન પ્લાન્ટ અને બારવી પાઈપલાઈનમાં મેઈન્ટેન્સનું કામ ગુરુવાર,૧૮ એપ્રિલના રાતના ૧૨ વાગ્યાથી શુક્રવાર રાતના ૧૨ વાગ્યા સુધી કરવામાં આવવાનું છે. આ સમારકામ દરમિયાન કલ્યાણ-ડોંબિવલી પાલિકા વિસ્તાર, ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ઉલ્હાસનગર, તળોજા ઈન્ડસ્ટ્રિયલ એરિયાને લાગીને આવેલા ગ્રામપંચાયત વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે.

મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશનના બારવી બંધ અને જાંભૂળ ફિલ્ટરેશન પ્લાન્ટમાંથી થાણે, કલ્યાણ, ડોંબિવલી, નવી મુંબઈ શહેરના ઈન્ડસ્ટ્રિલ વિસ્તારમાં દરરોજ પાણીપુરવઠો કરવામાં આવે છે. ગુરુવાર રાતના ૧૨ વાગ્યાથી શુક્રવાર રાતના ૧૨ વાગ્યા સુધી બારવી પાઈપલાઈન અને જાંભૂળ ફિલ્ટરેશન પ્લાન્ટમાં સમારકામ ચાલવાનું છે. આ સમારકામ દરમિયાન ફિલ્ટરેશન પ્લાન્ટ બંધ રાખવામાં આવશે. તેથી આ યંત્રણામાંથી સંબંધિત શહેરોને થનારો પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે. ■

## સાતારામાં ઉદયનરાજે ભોસલે ભાજપના ઉમેદવાર

### શરદ પવાર જૂથના ઉમેદવાર શશિકાંત શિંદે સામે મેદાનમાં

મુંબઈઃ ભારતીય જનતા પક્ષ દ્વારા રાજ્યસભાના સભ્ય અને છત્રપતિ શિવાજી મહારાજના વંશજ ઉદયનરાજે ભોસલેને ઉમેદવારી આપવામાં આવી છે. લોકસભા ચૂંટણીમાં તેમનો મુકાબલો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (શરદચંદ્ર પવાર)ના ઉમેદવાર અને વિધાન પરિષદના સભ્ય શશીકાન્ત શિંદે સાથે થશે. ૨૦૧૯માં અભંગ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ના ઉમેદવાર તરીકે શ્રી ભોસલે સાતારા લોકસભા બેઠક પર વિજયી થયા હતા. જોકે, ત્યારબાદ થોડા મહિનામાં જ રાજીનામું આપી તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા. ત્યારબાદ થયેલી પેટા ચૂંટણીમાં શ્રી ભોસલેનો એનસીપીના શ્રીનિવાસ પાટીલ સામે પરાજય થયો હતો. એપ્રિલ ૨૦૨૦માં ભાજપે તેમને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા હતા અને તેમની મુદત ૨૦૨૬માં સમાપ્ત થવાની હતી. (પીટીઆઈ)■

## ચોમાસા પહેલા મલેરિયા અને ડેન્ગ્યૂને નિયંત્રણમાં લાવવા પાલિકા કામે લાગી

### હાઉસિંગ સોસાયટીઓને પરિસર સ્વચ્છ રાખવાની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસામાં મલેરિયા અને ડેન્ગ્યુ જેવી પાણીજન્ય બીમારીઓ માથુ ઊંચકે નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની સાથે જ પેસ્ટ કંટ્રોલ વિભાગે સંયુક્ત રીતે કામગીરી હાથ ધરવાની છે, જે હેઠળ જુદી જુદી સંસ્થાના પરિસરમાં રહેલી પાણીની ટાંકીઓને મચ્છર મુક્ત કરવાની કાર્યવાહી ૧૫ મે, ૨૦૨૪ સુધી પૂરી કરવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અને પ્રશાસક ભૂષણ ગગરાણીએ આપ્યો છે. એ સાથે જ મુંબઈની હાઉસિંગ સોસાયટીઓને તેમના પરિસરને મચ્છરમુક્ત રાખવા માટે યોગ્ય પગલાં લેવાની સૂચના પણ આપવામાં આવી છે.

કમિશનરે મંગળવાર ૧૬, એપ્રિલના ચોમાસા પહેલા જુદી જુદી યંત્રણા સાથે એક બેઠક યોજી હતી, જેના એક ભાગ રૂપે જુદી જુદી સરકારી, બિનસરકારી, યંત્રણાનો સમાવેશ રહેલી મચ્છર નિર્મૂલન સમિતિની એક બેઠક યોજી હતી, જેમાં તેમણે વોર્ડ સ્તરે જુદી જુદી યંત્રણાને પાલિકા સાથે સંયુક્ત રીતે મચ્છર ઉત્પત્તીના સ્થળો શોધવાની ઝુંબેશ હાથ ધરવાની સૂચના આપી છે. આ કાર્યવાહીમાં નિષ્ફળ જનારા સંબંધિત સામે આકરા પગલા લેવાની ચીમકી પણ કમિશનરે આપી છે.

મુંબઈ શહેર અને પરિસરમાં અમુક વિભાગ એ ડેન્ગ્યૂ અને મલેરિયાના હોટ સ્પોટ બની છે, તેને ધ્યાનમાં રાખીને વોર્ડ સ્તરે વોટ્સએપ ગ્રૂપ તૈયાર કરીને જુદા જુદા સંબંધિત યંત્રણાઓનો સંયુક્ત રીતે ઝુંબેશ હાથ ધરીને મચ્છર પ્રતિબંધક કાર્યવાહી પૂર્ણ કરવાની સૂચના મંગળવારની બેઠકમાં તેમણે આપી હતી.

### ૨૦૩૦ સુધી મલેરિયા મુક્ત

પાલિકાના એડિશનલ કમિશનર સુધાકર શિંદેએ જણાવ્યું હતું કે સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસડીજી) ૩.૩ હેઠળ મલેરિયા નિર્મૂલન ઝુંબેશ

(જુઓ પાનું ૪) ▶▶

## ₹ ૩૨૬ કરોડનો પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મેટ્રો રેલ કૉન્ટ્રેક્ટરને સાત દિવસની અંતિમ મુદત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલવે સંબંધિત કામકાજ કરનારા પાંચ કૉન્ટ્રેક્ટરોએ લગભગ ૩૨૬ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ નહીં ચૂકવતા મુંબઈ મહાનગરપાલિકા તરફથી તેમને સાત દિવસની અંતિમ નોટિસ ફટકારવામાં આવી છે. આ કૉન્ટ્રેક્ટરોને પાલિકાએ માર્ચ, ૨૦૨૪માં નોટિસ ફટકારીને ૨૧ દિવસનો સમય આપી ટેક્સ ભરી દેવાની સૂચના આપી હતી. છતાં આપેલી મુદતમાં ટેક્સ નહીં ભરતા હવે સાત દિવસની મુદત સાથે અંતિમ નોટિસ પાલિકાએ ફટકારી છે.

વર્ષ ૨૦૨૩-૨૪ના આર્થિક વર્ષનો પ્રોપર્ટી ટેક્સ ભરવાની અંતિમ મુદત ૨૫ મે, ૨૦૨૪ છે. પ્રોપર્ટી ટેક્સધારકોને આપેલી મુદતમાં ટેક્સ ભરવાની અપીલ પાલિકાએ કરી છે. અન્યથા કાયદેસર રીતે દંડાત્મક પગલા લેવાની ચીમકી પણ પાલિકાએ આપી છે.

મુંબઈ મહાનગરપાલિકામાં મુંબઈ મેટ્રો રેલવે કૉર્પોરેશન લિમિટેડના (એમએમઆરસીએલ) તરફથી મેટ્રો રેલવે પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે. આ માટે એમએમઆરસીએલ તરફથી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મહારાષ્ટ્રના ડેમમાં પાણીપુરવઠો ઘટતા ગંભીર કટોકટી સર્જાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં પાણીની કટોકટી પ્રવર્તી રહી છે કારણ કે રાજ્યભરના ડેમોમાં પાણીનું સ્તર તેમની કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર ૩૨.૭૨ ટકા પર આવી ગયું છે. પુણેના ખડકવાસલા, ટેમઘર, પાનશેત અને વારસગાંવ નામના ચાર ડેમ પણ આમાં અપવાદ નથી. હજી તો વરસાદ આવવા પહેલા અડધો એપ્રિલ, પૂરો મે અને જૂનના ૧૦ દિવસો પણ બાકી છે ત્યારે મહારાષ્ટ્રભરમાં પાણીની કટોકટી ગંભીર બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. રાજ્યના જળ સંસાધન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ગયા વર્ષની

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.